૫૦૦

(ફક્ત સરકારી ઉપયોગ માટે)

# નટ, નટડા અને બાજીગર જાતિઓનો અભ્યાસ



(અનુસૂ[illegible])



અહેવાલ લેખન

ડૉ. પ્રવિણ પટેલ

[illegible]બારી [illegible]ી મો[illegible]



સંપાદન

ડૉ.રાજેન્દ્ર [illegible]માણી

સમતા અને [illegible]કાસ [illegible]સ્થાન

ગૂજરાત વિદ્યાપીઠ, [illegible]મદાવાદ

૨૦[illegible]૨૦

૫૦૦

# નટ, નટડા અને બાજીગર જાતિઓનો અભ્યાસ

(અનુસુચિત જાતિમાં સમાવવા બાબત)

અહેવાલ લેખન

ડૉ.પ્રવિણ પટેલ

શ્રી ભુપત રબારી

શ્રી મો.સઈદ કુરેશી

સંપાદન

ડૉ.રાજેન્દ્ર ખીમાણી

સમતા અને વિકાસ સંસ્થાન

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

૨૦૧૯-૨૦,

## આભાર દર્શન

ગુજરાત રાજ્યમાં વિચરતી અને વિમુક્ત જાતિઓની યાદીઓ તો ભુતપુર્વ મુંબઈ રાજ્ય વખતથી અમલમાં હતી, અને કલ્યાણકારી યોજનાઓનો લાભ તેમને મળતો હતો. પરંતુ તા.01/04/1978થી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની યાદી ગુજરાતમાં જાહેર થતાં 28 વિચરતી અને 12 વિમુક્ત જાતિઓને અનામતના લાભ માટે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની જાતિઓમાં ભેળવીને 82 જાતિઓની યાદી બનાવવામાં આવી હતી. જો કે એ 40 જાતિઓ પૈકી કેટલીક અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિમાં ઉમેરેલ છે.

“ઠરાવ ક્રમાંક: સશપ/122016/620981/અ” ના મુદ્દા નં 3માં જણાવેલ છે કે વિચરતી "વિચરતી જાતિ યાદી ક્રમાંક-૧ આગળ બજાણિયા જાતિ દર્શાવી છે. જેના પર્યાય તરીકે બાજીગર, નટ બજાણિયા જાતિ બતાવી છે. બક્ષી કમિશને તેના અહેવાલમાં પણ નટ લોકોએ નટડા પણ કહેવામાં આવે છે. તેઓ નટ, બજાણિયા કે બાજીગર તરીકે પણ ઓળખાય છે. તેવું નોંધેલ છે. જેથી બજાણિયા, બાજીગર, નટ બજાણિયા, નટ, નટડાને વિચરતી જાતિનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.” આ મુદ્દાથી એક કથન એમ પણ નીકળે છે કે રાજ્ય માટે આ બધી જાતિઓ એક છે પરંતુ વાસ્તવમાં આ પૈકી મુખ્ય ત્રણ બજાણિયા, બાજીગર અને નટ એમ જાતિઓ છે બીજા તેના પર્યાય શબ્દો છે. જો કે આ દરેક જાતિઓનો પરંપરાગત વ્યવસાય અંગકસરતના દાવ સાથે જ જોડાયેલ છે. નટ સમાજની રજૂઆતો આધારે અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા મારફતે અત્રેની કચેરી આદિવાસી તાલીમ અને સંશોધન કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદને “નટ, નટડા અને બાજીગર સમુદાયને ગુજરાતને લગતી અનુસૂચિત જાતિની યાદીમાં સામેલ કરવા બાબત” અભ્યાસની સોંપણી પત્ર ક્રમાંક નં.અજાક/મ-૪/૧૯૧/૨૦૧૮/૭૭૨૫-૭૭૨૭, તા.૦૩/૧૦/૨૦૧૮ દ્વારા કરવામાં આવેલ છે.

ઉપરોક્ત બાબતને ધ્યાનમાં લઈ રાજ્યના અનુસુચિત જાતિ કલ્યાણ ખાતા દ્વારા નટ, નટડા અને બાજીગર જ્ઞાતિઓને અનુસુચિત જાતિમાં સમાવવા બાબત અભ્યાસ કરવાનું આદિવાસી સંશોધન કેન્દ્ર ગૂજરાત વિદ્યાપીઠને સુચવ્યું હતું. અભ્યાસ સંબંધમાં કમિશ્નર કચેરી તરફથી જરૂરી માહિતી આપી તેથી આ તબક્કે તેમનો આભાર વ્યક્ત કરૂં છું.

આદિવાસી તાલીમ કેન્દ્રના નિયામક શ્રી ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણી સાહેબે આ કામની જવાબદારી મને સોંપી તેમજ કામની શરૂઆતથી છેલ્લે સુધી જરૂરી સુચનો અને માર્ગદર્શન આપ્યું તે માટે આભારની લાગણી વ્યક્ત કરૂં છું.

ક્ષેત્રકાર્ય દરમ્યાન સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, બોટાદ, ભાવનગર, અમરેલી, અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, બનાસકાંઠા અને કચ્છ જિલ્લાઓના તાલુકા વિસ્તારના ગામોના નટ અને બાજીગર સમુદાયના કુટુંબોમાંથી ખુબ જ સારો સહકાર સાંપડ્યો હતો. તેઓએ પુછાયેલી દરેક માહિતીનો નિખાલસતાથી અવગણના કર્યા સિવાય માહિતી પુરી પાડી હતી. તેથી તેમનો આભાર માનું એટલો ઓછો છે. કારણ કે તેમના સહકાર વિના આ કામ શક્ય બન્યું ન હોત.

પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે મદદ કરનાર આદિવાસી તાલીમ અને સંશોધન કેન્દ્રના કર્મચારીઓનો આભાર માનું છું.

ડૉ.પ્રવિણ પટેલ

સંશોધન મદદનીશ

| અનુક્રમણિકા | | |
|---|---|---|
| પ્રકરણ નં | પ્રકરણનું નામ | પાના નં |
| 1 | વિષયપ્રવેશ | ૧ |
| 2 | વિષય સંબંધિત સાહિત્ય સમીક્ષા | ૧૨ |
| 3 | નટ, નટડા અને બાજીગર જ્ઞાતિઓનો પરિચય | ૩૧ |
| 4 | પ્રાથમિક માહિતીનું વિશ્લેષણ | ૪૩ |
| 5 | નિષ્કર્ષો અને ભલામણો | ૮૦ |
| | મુલાકાત અનુસુચિ | ૮૭ |
| | સંદર્ભ સુચિ | ૯૩ |

| ક્રમ | કોષ્ટકનું નામ | પાના નં. |
|---|---|---|
| ૧ | ગુજરાતની અનુસૂચિત જાતિઓ દર્શાવતું કોષ્ટક | ૬ |
| ૨ | અભ્યાસક્ષેત્ર તરીકે ગામોની પસંદગી દર્શાવતું કોષ્ટક | ૯ |
| ૩ | ગુજરાતમાં નટ સમુદાયનો વસવાટ કરતા ગામો દર્શાવતું કોષ્ટક | ૧૯ |
| ૪ | નટ જાતિ અનુસૂચિત જાતિમાં સમાવિષ્ટ હોય તેવા રાજ્યો દર્શાવતું કોષ્ટક | ૨૫ |
| ૫ | બાજીગર જાતિ અનુસૂચિત જાતિમાં સમાવિષ્ટ હોય તેવા રાજ્યો દર્શાવતું કોષ્ટક | ૩૦ |
| ૬ | સુરેન્દ્રનગર જિલ્લાના ગામોની માહિતી દર્શાવતું કોષ્ટક | ૩૪ |
| ૭ | રાજકોટ જિલ્લાના ગામોની માહિતી દર્શાવતું કોષ્ટક | ૩૫ |
| ૮ | જામનગર જિલ્લાના ગામોની માહિતી દર્શાવતું કોષ્ટક | ૩૬ |
| ૯ | ભાવનગર જિલ્લાના ગામોની માહિતી દર્શાવતું કોષ્ટક | ૩૬ |
| ૧૦ | બોટાદ જિલ્લાના ગામોની માહિતી દર્શાવતું કોષ્ટક | ૩૭ |
| ૧૧ | અમરેલી જિલ્લાના ગામોની માહિતી દર્શાવતું કોષ્ટક | ૩૮ |
| ૧૨ | અમદાવાદ જિલ્લાના ગામોની માહિતી દર્શાવતું કોષ્ટક | ૩૮ |
| ૧૩ | ગાંધીનગર જિલ્લાના ગામોની માહિતી દર્શાવતું કોષ્ટક | ૩૯ |
| ૧૪ | મહેસાણા જિલ્લાના ગામોની માહિતી દર્શાવતું કોષ્ટક | ૩૯ |
| ૧૫ | બનાસકાંઠા જિલ્લાના ગામોની માહિતી દર્શાવતું કોષ્ટક | ૪૦ |
| ૧૬ | કચ્છ જિલ્લાના ગામોની માહિતી દર્શાવતું કોષ્ટક | ૪૨ |
| ૧૭ | કુટુંબના સભ્યોની પેટાજ્ઞાતિ દર્શાવતું કોષ્ટક | ૪૫ |
| ૧૮ | કુટુંબના સભ્યોની જાતિ દર્શાવતું કોષ્ટક | ૪૬ |
| ૧૯ | કુટુંબના સભ્યોની વયજૂથ દર્શાવતું કોષ્ટક | ૪૭ |
| ૨૦ | કુટુંબના સભ્યોમાં શિક્ષણનું પ્રમાણ દર્શાવતું કોષ્ટક | ૪૮ |

| | | |
|---|---|---|
| ૨૧ | સ્ત્રી-પુરૂષમાં સાક્ષરતા દર્શાવતું કોષ્ટક | ૪૯ |
| ૨૨ | ગ્રામીણ અને શહેરી વસ્તીનું પ્રમાણ દર્શાવતું કોષ્ટક | ૫૦ |
| ૨૩ | કુટુંબો પાસે જોવા મળતા આધાર પૂરાવા દર્શાવતું કોષ્ટક | ૫૧ |
| ૨૪ | કુટુંબના સભ્યોનો વ્યવસાય દર્શાવતું કોષ્ટક | ૫૨ |
| ૨૫ | જાતિઓમાં રોજગારી મેળવતા લોકોનું પ્રમાણ દર્શાવતું કોષ્ટક | ૫૩ |
| ૨૬ | કુટુંબોની અસ્ક્યામતની વિગત દર્શાવતું કોષ્ટક | ૫૪ |
| ૨૭ | મકાન વિષયક માહિતી દર્શાવતું કોષ્ટક | ૫૫ |
| ૨૮ | ઘરોમાં જોવા મળતી માળખાકીય સુવિધા દર્શાવતું કોષ્ટક | ૫૭ |
| ૨૯ | પરંપરાગત વ્યવસાય દર્શાવતું કોષ્ટક | ૫૮ |
| ૩૦ | કુળદેવી અને દેવતાઓની માહિતી દર્શાવતું કોષ્ટક | ૫૯ |
| ૩૧ | પશુબલીમાં માને છે તેની માહિતી દર્શાવતું કોષ્ટક | ૬૦ |
| ૩૨ | કુટુંબના સભ્યોમાં જોવા મળતું વ્યસનનું પ્રમાણ દર્શાવતું કોષ્ટક | ૬૧ |
| ૩૩ | બ્રાહ્મણો વિધી માટે આવે છે કે કેમ દર્શાવતું કોષ્ટક | ૬૨ |
| ૩૪ | ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓના લોકોની દુકાને કે ખાનગી સ્થળોએ આ જ્ઞાતિઓ પ્રત્યે થતો વ્યવહાર દર્શાવતું કોષ્ટક | ૬૩ |
| ૩૫ | આ જ્ઞાતિઓ દ્વારા અસ્પૃશ્ય ગણાતી જ્ઞાતિઓ સાથે થતો આભડછેટનો વ્યવહાર દર્શાવતું કોષ્ટક | ૬૪ |
| ૩૬ | મંદિર પોતોના વિસ્તારમાં છે કે કેમ દર્શાવતું કોષ્ટક | ૬૫ |
| ૩૭ | અર્પણ કરેલ પ્રસાદની વહેચણી દર્શાવતું કોષ્ટક | ૬૬ |
| ૩૮ | અસ્પૃશ્ય ગણાતી જ્ઞાતિઓને આ જ્ઞાતિના વિસ્તારમાં મંદિર પ્રવેશ અને પ્રસાદ ગ્રહણ કરવું તેની વિગત દર્શાવતું કોષ્ટક | ૬૭ |
| ૩૯ | ઉચ્ચ જ્ઞાતિના લગ્ન કે જાહેર પ્રસંગોમાં આવકાર દર્શાવતું કોષ્ટક | ૬૯ |
| ૪૦ | આ જ્ઞાતિઓના લગ્ન કે જાહેર પ્રસંગોમાં આમંત્રિત ઉચ્ચ જ્ઞાતિઓ આવે છે કે કેમ દર્શાવતું કોષ્ટક | ૭૦ |

# પ્રકરણ-૧

## વિષયપ્રવેશ

1. પ્રસ્તાવના

2. અભ્યાસનો હેતુ

3. વિષય પસંદગી

4. સંશોધન પ્રવિધિઓ

5. નિદર્શ પસંદગી

6. માહિતીનું એકત્રીકરણ અને પૃથક્કરણ

7. પ્રકરણીકરણ

# પ્રકરણ-૧

## વિષયપ્રવેશ

### 1.1 અનુસૂચિત જાતિ એટલે કોણ ?

અનુસૂચિત જાતિની વ્યાખ્યા સંવિધાનમાં અથવા અન્ય કોઈ સ્થળે આપવામાં આવેલ નથી, પરંતુ જે દલિત જાતિઓને હિંદુ સમાજે અસ્પૃશ્ય ગણી છે તેમને અનુસૂચિત જાતિ તરીકે ગણવામાં આવી છે. અસ્પૃશ્યતાના કારણે આ જાતિઓ અન્ય સમાજનો સામાજિક અન્યાયનો ભોગ બની. આમ, સામાજિક અન્યાય અને આર્થિક શોષણને કારણ સમાજની અન્ય ઉચ્ચ ગણાતી જાતિની તુલનામાં સામાજિક, આર્થિક અને શૈક્ષણિક ક્ષેત્રે આ જાતિ પછાત રહી. આ જાતિઓને દલિત જાતિઓ (Depressed Classes) સંવિધાન પહેલા ઓળખવામાં આવતી હતી.

ભારત સરકારના સને 1935ના કાયદા મુજબ અનુસૂચિત જાતિ પરિભાષિક શબ્દ તરીકે પ્રથમવાર અસ્તિત્વમાં આવ્યો. 1936ના એપ્રિલ માસમાં બ્રિટનની સરકારે અનુસૂચિત જાતિ અંગે ભારત સરકારનો આદેશ 1936માં બહાર પાડ્યો. આ વટહુકમમાં તે સમયના પ્રાન્તો જેવા કે આસામ, બંગાળ, બિહાર, મુંબઈ, મધ્યપ્રાંત અને વરાડ, મદ્રાસ, ઓરિસ્સા, પંજાબ અને સંયુક્ત પ્રાંતમાં આવેલ અનુસૂચિત જાતિ અંગે સ્પષ્ટતા કરેલ હતી. આ આદેશ પહેલા જનગણના આયુક્ત શ્રી હટને સદરહું જાતિઓ અંગે જે યાદી બહાર પાડવામાં આવેલ હતી તે તેના સંદર્ભમાં હતી. સને 1950માં અનુસૂચિત જાતિઓની જે યાદી બહાર પાડવામાં આવી તે અગાઉના ભારત સરકારના દલિત વર્ગ અંગેના 1936ના આદેશમાં નિર્દેશ કરેલ જાતિની યાદીની સુધારેલ આવૃત્તિ હતી. આ જાતિઓમાં એવી જાતિઓને સમાવિષ્ટ કરવામાં આવેલ હતી કે જેઓ અસ્પૃશ્યના કારણે ઉદભવતી સામાજિક, આર્થિક અને શૈક્ષણિક પછાતપણાની સ્થિતિમાં હતી.

### 1.2 ભારતીય બંધારણમાં અનુસૂચિત જાતિની જોગવાઈઓ

આઝાદ ભારતના સંવિધાનમાં ભારતમાં વસવાટ કરતા દરેક નાગરીકના હિત માટેની જોગવાઈઓ કરવામાં આવેલ છે. ઘણી જ્ઞાતિઓ જે આર્થિક, સામાજિક અને શૈક્ષણિક દ્રષ્ટિએ અતિપછાત હતી તેમના વિકાસ માટે વિશેષ જોગવાઈઓ કરવામાં આવેલ છે. જેમાં ખાસ કરીને અસ્પૃશ્ય ગણાતી જાતિઓનો આદિવાસી જાતિઓનો સમાવેશ થાય છે. ભારતીય બંધારણ અનુસાર અસ્પૃશ્ય ગણાતી જ્ઞાતિઓ માટે અનુસૂચિત જાતિ અને આદિવાસી જાતિઓ માટે અનુસૂચિત જનજાતિ એવી બંધારણીય ઓળખ આપવામાં આવી છે. આ ઓળખ કોઈ ચોક્કસ જ્ઞાતિ માટે નથી પરંતુ આર્થિક, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત તમામ જ્ઞાતિઓના સમૂહ માટે છે.

ભારતીય સંઘમાં વસવાટ કરતી અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ જાહેર કરવા બંધારણના અનુચ્છેદ 341(1) અને (2) તેમજ 342(1) અને (2) હેઠળ રાષ્ટ્રપતિએ પ્રથમ પ્રેસીન્ડેન્સીયલ ઓર્ડર 1950માં બહાર પાડ્યો તેમાં જાહેર કરાયા મુજબ.

રાષ્ટ્રપતિ, સંઘ, પ્રદેશ અથવા કોઈપણ રાજ્ય અંગે તે રાજ્યના ગર્વનર સાથે ચર્ચા-વિચારણા કર્યા પછી બંધારણના હેતુઓ માટે તે રાજ્ય સંબંધિત જ્ઞાતિઓ, જાતિઓ અથવા ટોળીઓને કે જ્ઞાતિઓના, જાતિઓના અથવા ટોળીઓના ભાગોને જાહેરનામાથી નિર્દિષ્ટ કરશે. તેમને તે સંઘ, પ્રદેશ અથવા રાજ્ય સંબંધિત અનુસૂચિત જાતિઓ કે અનુસૂચિત જનજાતિઓ તરીકે ગણવામાં આવશે. વધુમાં તેમાં જણાવાયું છે કે, સંસદ પેટા આર્ટિકલ(1) હેઠળ બહાર પાડેલા જાહેરનામામાં નિર્દિષ્ટ કરેલી અનુસૂચિત જાતિઓ/ અનુસૂચિત જનજાતિઓની યાદીમાં કાયદાથી કોઈપણ જ્ઞાતિ, જાતિ અથવા ટોળીના ભાગને ઉમેરી શકશે અથવા જ્ઞાતિ, જાતિ અથવા ટોળીને યાદીમાંથી કમી કરી શકશે. પરંતુ ઉપર જણાવ્યું છે તે સિવાય કોઈ જાહેરનામાથી પેટા આર્ટિકલ (1) હેઠળ પ્રસિદ્ધ કરેલ જાહેરનામામાં ફેરફાર કરી શકશે નહી.

ભારતીય બંધારણમાં જુદા જુદા અનુચ્છેદમાં અનુસૂચિત જાતિઓ માટે જે જોગવાઈઓ કરવામાં આવેલ છે તે પૈકી કેટલાક મહત્વના અનુચ્છેદ અને જોગવાઈઓ આ મુજબ છે.

અનુચ્છેદ 15 ધર્મ, જાતિ, જ્ઞાતિ, લીંગ અથવા જન્મસ્થળના કારણે ભેદભાવનો નિષેધ.

અનુચ્છેદ 16 જાહેર નોકરીઓ બાબતમાં તકની સમાનતા.

અનુચ્છેદ 16 (4) જાહેર નોકરીઓમાં અનામત જગ્યાઓ.

અનુચ્છેદ 17 અસ્પૃશ્યતા નાબૂદી.

અનુચ્છેદ 46 અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને બીજા નબળા વર્ગોના શૈક્ષણિક અને આર્થિક હિતોની અભિવૃદ્ધિ.

અનુચ્છેદ 243 (ડી) પંચાયતોમાં બેઠકો અનામત રાખવા બાબત.

અનુચ્છેદ 243 (ટી) નગરપાલિકામાં બેઠકો અનામત રાખવા બાબત.

અનુચ્છેદ 244 અનુસૂચિત વિસ્તારો અને આદિજાતિ વિસ્તારોનો વહિવટ.

અનુચ્છેદ 325 ધર્મ, જાતિ, જ્ઞાતિ કે લીંગ ભેદના કારણે કોઈ વ્યક્તિ મતદારયાદીમાં નામ દાખલ કરાવવા માટે અપાત્ર નહી થવા બાબત અથવા તે કારણે તેણે ખાસ મતદારયાદીમાં નામ દાખલ કરાવવા માટે દાવો નહી કરવા બાબત.

અનુચ્છેદ 330 લોકસભામાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદીજાતિઓ માટે બેઠકો અનામત રાખવા બાબત.

અનુચ્છેદ 332 રાજ્યોની વિધાનસભામાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદીજાતિઓ માટે બેઠકો અનામત રાખવા બાબત.

અનુચ્છેદ 334 બેઠકો અનામત રાખવાનું અને ખાસ પ્રતિનિધિત્વ આપવાનું 70 વર્ષ પછી બંધ કરવા બાબત.

અનુચ્છેદ 335 સેવાઓ અને જગ્યાઓ માટે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિઓના દાવા.

અનુચ્છેદ 338 અનુસૂચિત જાતિઓ માટે રાષ્ટ્રીય આયોગ.

અનુચ્છેદ 341 અનુસૂચિત જાતિઓ

અનુસૂચિ 5 અનુસૂચિત વિસ્તારો અને અનુસૂચિત આદિજાતિઓના વહિવટ અને નિયંત્રણ વિશે જોગવાઈઓ

(ક) સામાન્ય

(ખ) અનુસૂચિત વિસ્તારો અને અનુસૂચિત આદિજાતિઓના વહિવટ અને નિયંત્રણ

(ગ) અનુસૂચિત વિસ્તારો

(ઘ) અનુસૂચિતમાં સુધારો કરવા બાબત

## 1.3 અનુસૂચિત જાતિના લક્ષણો

મનુભાઈ મકવાણા(2000) તેમની પુસ્તક 'ગુજરાતમાં અનુસૂચિત જાતિઓ'માં જણાવે કે, ભારતીય બંધારણમાં જુદી જુદી આર્થિક, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિઓને 'યાદી'/અનુસૂચિમાં ગણવા માટે નીચેની મહત્વની બાબતો ધ્યાનમાં રાખવામાં આવેલ હતી.

(1) બ્રાહ્મણો દ્વારા થતા પૂજાપાઠ વગેરેનો લાભ જે તે જ્ઞાતિ કે વર્ગના સમૂહને મળે છે કે કેમ ?

(2) અસ્પૃશ્ય ગણાતિ જાતિઓના સમૂહને હજામ, પખાલી કે દરજી દ્વારા કરવામાં આવતા કામનો લાભ મળે છે કે કેમ?

(3) ઉચ્ચ વર્ણના લોકો કે તેવા લોકોના સમૂહ જાતિ કે જાતિના સમૂહના લોકોના સ્પર્શ, સંપર્કથી અસ્પૃશ્યતાની લાગણી અનુભવે છે કે કેમ ?

(4) અમૂક જાતિ કે જાતિના લોકો જાહેર સ્થળો જેવા કે બાગ, શાળા, જાહેર કુવા(પીવાનું પાણી ભરવાનું જાહેર સ્થળ) વગેરેનો ઉપયોગ કરી શકે છે કે નહી ?

(5) સામાજિક વ્યવહારમાં અસ્પૃશ્ય ગણાતિ કોઈ જાતિની ઉચ્ચ ગણાતા હિન્દુ જેટલુ જ ભણેલ વ્યક્તિને ઉચ્ચ ગણાતા હિન્દુઓ પોતાની સમકક્ષ ગણે છે કે નહી ?

(6) જે તે જાતિના લોકો સામાજિક રીતે ઉચ્ચ ગણાતી જ્ઞાતિના વિસ્તારમાં આવેલ મંદિરમાં પ્રવેશી શકે છે કે નહી ?

(7) કોઈ જાતિના લોકોના અમૂક ચોકકસ ધંધાને કારણે તેમને સામાજિક રીતે નિમ્ન ગણવામાં નથી આવતાને ?

ઉર્મિલા પટેલ(1983) "ગુજરાતમાં વિકસતા સમુદાયો આઝાદી પછીના સમય દરમ્યાન અસ્પૃશ્યોની સ્થિતિમાં ફેરફાર(1950-1980)" અભ્યાસમાં અસ્પૃશ્યતાના લક્ષણો નીચે મુજબ જણાવે છે.

(1) અસ્પૃશ્યો જન્મથી અપવિત્ર છે તેમનો સ્પર્શ થતા આભડછેટ ફેલાય છે. તેના હાથનું અન્ન કે પાણી સ્વીકારી શકાતુ નથી.

(2) તેઓને ગામ બહાર રહેવાની ફરજ પાડવામાં આવી છે.

(3) તેઓ પર સામાજિક નિષેધો લાદવામાં આવ્યા છે.

(4) તેઓના માટે મંદિર પ્રવેશનો પ્રતિબંધ છે.

(5) તેઓ શિક્ષણ લઈ શકતા નથી.

(6) તેઓને નિમ્ન વ્યવસાયો કરવાની ફરજ પાડવામાં આવે છે.

(7) તેમને અન્ય જ્ઞાતિઓ પોતાની સેવાઓ આપતી નથી.

(8) તેઓએ હિન્દુ સમાજ વ્યવસ્થા અપનાવી છે, તેથી તેઓમાં પણ જ્ઞાતિઓ અને પેટાજ્ઞાતિઓ અસ્તિત્વમાં છે અને તે ઊંચ-નીચના ક્રમમાં ગોઠવાયેલ છે.

(9) અસ્પૃશ્યોમાં પણ અસ્પૃશ્યતા પ્રવર્તે છે.

(10) તેઓનું જ્ઞાતિ સંગઠન સુવ્યવસ્થિત છે, જેનો વહિવટ જ્ઞાતિપંચ સંભાળે છે.

આમ, અસ્પૃશ્યતાની ઉપરોક્ત જણાવ્યા મુજબની લાક્ષણિકતાઓ, માન્યતા અને રીત-રીવાજોના કારણે પહેલાના સમયે પ્રચલિત હતી. આજના સમયે રાજ્યની અસ્પૃશ્યતા નિવારણની નીતિ અને ઘણા લોકોની આધુનિક સૂજના કારણે ઘણી માન્યતાઓ અને રીવાજોને છોડવામાં આવ્યા છે. પરંતુ એ વાત સંપૂર્ણ સ્વીકારી શકાય એમ નથી કે હાલમં અસ્પૃશ્યતા નથી. વર્તમાન સમયે જોવા મળતી અસ્પૃશ્યતાને સામાજિક અને આર્થિક પાસાઓમાં વિભાજિત કરી આ મુજબનો ચિતાર તારવી શકાય.

**સામાજિક બાબતોમાં જોવા મળતી અસ્પૃશ્યતાઃ**

સામજિક બાબતોમાં નીચે મુજબની અસ્પૃશ્યતા જોવા મળે છે.

1. ગ્રામીણ વિસ્તારોમાં ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓના વિસ્તારમાં આવેલ મંદિરોમાં નિમ્ન જ્ઞાતિઓના લોકોને પ્રવેશની ઘૃણા કરવી.
2. નિમ્ન ગણાતી જ્ઞાતિઓના વિસ્તારમાં આવેલ મંદિરો પ્રત્યે ઉચ્ચ જ્ઞાતિઓ પ્રવેશ મેળવતા હિનતા અનુભવે છે માટે જવાનું ટાળે છે.
3. નિમ્ન ગણાતી જ્ઞાતિઓના લોકો સાથે ઉચ્ચ જ્ઞાતિ સાથે ભોજન ગ્રહન કરતી નથી.
4. ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓના લગ્ન કે જાહેર પ્રસંગોમં નિમ્ન જ્ઞાતિના લોકોને આવકાર ન મળવો અને જો આવકાર મળે તો પણ જમવાની પણ અલગ વ્યવસ્થા હોવી.
5. નિમ્ન ગણાતી જ્ઞાતિઓના લગ્ન કે જાહેર પ્રસંગોમાં ઉચ્ચ ગણાતી જ્ઞાતિને આવકારવા છતાય ન આવવું.
6. ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓના ધરમાં આવકાર ન મળવો.
7. ગ્રામ પંચાયત કે ગ્રામસભામાં નિમ્ન જ્ઞાતિઓને રજૂઆત ન કરવા દેવી કે તેમની રજૂઆતો પર ધ્યાન ન આપવું.
8. ગામમાં અલગ પરબ, ભાગોળ, ધોબીઘાટ અને સ્મશાનગૃહની રચના કરવી.
9. ઉચ્ચ ગણાતી જ્ઞાતોના બ્રાહ્મણનું સામાજિક પ્રસંગોની વિધિમાં ન આવવું.

આર્થિક બાબતોમાં અસ્પૃશ્યતાઃ

આર્થિક બાબતોમાં જોવા મળતી અસ્પૃશ્યતા નીચે મુજબ છે.

10. ભિક્ષાવૃતિ, પાયખાની સફાઈ, માર્ગ સફાઈ કે અન્ય સફાઈના કામોમાં જોડાયેલ હોવું.

11. સરળતાથી મજુરી કે ખેતમજુરી જેવા કામો ન મળવા.

12. મજુરી કામે જતા ઉચ્ચ ગણાતી જ્ઞાતિના કારીગરો મારફતે નિમ્ન કે તુચ્છ પ્રકારનો વ્યવહાર કરવો.

13. આવકનું પ્રમાણ ખુબ જ ઓછું હોવું.

14. અસ્ક્યામતોનું ઓછું પ્રમાણ હોવું.

15. સુખ સુલર્ભના સાધનોનો અભાવ.

આમ, ઉપર જાણવ્યા મુજબ અસ્પૃશ્યની લાક્ષણિકતાઓ પૈકી મોટાભાગની લાક્ષણિકતાઓ વર્તમાન સમયે જોવા મળે છે. આવી લાક્ષણિકતા ધરાવતી પછાત જ્ઞાતિઓના હિત માટે અને અસ્પૃશ્યતાના તત્વને નાબૂદ કરવા માટે રાજ્ય વિવિધ કાર્યક્રમો હાથ ધરે છે. પરંતુ તે માટે આમા કોને સામેલ કરવા એ પ્રશ્ન ઉદ્‌ભવે છે. ભારતના સંવિધાનનાં કલમ 341 મુજબ રાષ્ટ્રપતિએ અનુસૂચિત જાતિઓની જાહેર કરેલ યાદી પરિશિષ્ટ-2માં સામેલ છે. જે પૈકી ગુજરાત રાજ્યમાં અનુસૂચિત જાતિમાં સમાવિષ્ટ જાતિઓ નીચે મુજબ છે.

કોષ્ટક નં - ૧.૧ ગુજરાતની અનુસૂચિત જાતિઓ

| ક્રમ | અનુસૂચિત જાતિના નામ |
|---|---|
| 1. | અગેર |
| 2. | બાકડ, બાન્ટ |
| 3. | બાવા-ઢેડ, ઢેડ-સાધુ (વણકર-સાધુ, હરિજન-બાવા, અનુસૂચિત જાતિના બાવા) |
| 4. | ભાંબી, ભાંભી, અસાદરૂ, અસોડી, ચામડીયા, ચમાર, ચમાર-રવિદાસ, ચાંભાર, ચામગર, હરલય્યા, હરાલી, ખાલપા, માચીગર, મોચીગર, મદાર, માદીગ, મોચી(માત્ર ડાંગ જિલ્લામાં અને વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં જ), નાલીયા, તેલુગુ મોચી, કામટી મોચી, રાનીગર, રોહીદાસ, રોહિત, સામગર |
| 5. | ભંગી, મેહતર, ઓળગણા, રૂખી, મલકાણા, હલાલખોર, લાલબેગી, બાલ્મીકી, કોરાર, ઝાડમલ્લી, બારવાશીઆ, બારવાસીઆ, જામફોડા, ઝામપાડા, ઝાંપડા, રૂષિ, વાલ્મિકી |
| 6. | ચલવાડી, ચન્નાય્યા |
| 7. | ચેન્ના દસાર, હોલાયા દસાર |

| | |
|---|---|
| 8. | ડાંગશીયા |
| 9. | ઢોર, કકકાય્યા, કંકય્યા |
| 10. | ગરમાતંગ |
| 11. | ગરોડા, ગરો(હિન્દુ ગરોડા બ્રાહ્મણ, ગરવા, ગુરૂ બ્રાહ્મણ અનુસૂચિત જાતિ) |
| 12. | હલ્લીર |
| 13. | હલસર, હસલર, હુલ્લાસ્વર, હલસ્વર |
| 14. | હોલાર, વલ્હાર |
| 15. | હોલાયા, હોલેર |
| 16. | લીંગાદેર |
| 17. | મહાર, તરાલ, ઢેગુ મેગુ |
| 18. | માહ્યાવંશી, ઢેડ, ઢેઢ, વણકર, મારૂ વણકર, અંત્યજ |
| 19. | માંગ, માતંગ, મીનીમાડીગ |
| 20. | માંગ-ગારૂડી |
| 21. | મેઘવાલ, મેઘવાળ, મેઘવાર(જાડેજા મેઘવાળ, મહેશ્વરી મેઘવાળ, વણકર મેઘવાળ, ચારણીયા મેઘવાળ, ગુર્જર મેઘવાળ) |
| 22. | મુકરી |
| 23. | નાડીયા, હાડી |
| 24. | પાસી |
| 25. | સેનવા, શેનવા, ચેનવા, સેડમા, રાવત(સેનમા) |
| 26. | શેમાલીયા |
| 27. | થોરી |
| 28. | તીરગર, તીરબંદા |
| 29. | તુરી |
| 30. | તુરી બારોટ, ઢેઢ બારોટ |
| 31. | બલાહી, બલાઇ |
| 32. | ભંગી, મેહતર |
| 33. | ચમાર |

| | |
|---|---|
| 34. | ચીકવા, ચીકવી |
| 35. | કોલી, કોરી |
| 36. | કોટવાલ (ભીંડ, ધાર, દેવાસ, ગુના, ગ્વાલીયર, ઇન્દોર, જાંબુઆ, ખારગોન, મંદસર, મોરેના, રાજગ્રહ, રતલામ, શાજાપુર, શીવપુરી, ઉજ્જેન અને વિદિસા જિલ્લાઓમાં) |

(Source : https://sje.gujarat.gov.in/dscw/showpage.aspx , Dt.25/7/2019 on 4.00 PM)

પ્રશ્ન ઉદભવે કે ઉક્ત યાદીમાં સમાવેશ થતો ન હોય અને ખરેખર અસ્પૃશ્ય ગણાતી હોય કે જ્ઞાતિના લોકો અનુસૂચિત જાતિમાં આવવા માંગતા હોય તો શું કરવું તો આગળના મુદ્દા નં. 1.2માં કરેલ રજૂઆતને આધિન તેનો સમાવેશ કરી શકાય પણ તે જ્ઞાતિના લોકો ખરેખર અનુસૂચિત જાતિમાં આવવાની પાત્રતા ધરાવતા હોવા જોઈએ.

પ્રસ્તુત અહેવાલમાં પણ "નટ, નટડા અને બાજીગર જાતિઓને અનુસૂચિત જાતિમાં સમાવવી શકાય કે કેમ ?" તેને કેન્દ્રમાં રાખીને અભ્યાસ કરવામાં આવેલ છે.

## 2. અભ્યાસનો હેતુ

પ્રસ્તુત અભ્યાસનો મુખ્ય હેતુ "નટ, નટડા અને બાજીગર જાતિઓને અનુસૂચિત જાતિમાં સમાવવી શકાય કે કેમ ?" તે જાણવાનો છે. જે અંતર્ગત જાતિઓની સામાજિક અને આર્થિક સ્થિતિની માહિતી મેળવવી તેમજ અનુસૂચિત જાતિની લાક્ષણિકતાઓને આધારે આ જાતિઓને અનુસૂચિત જાતિમાં સમાવેશ કરી શકાય કે નહી તેની ચકાસણી કરવાનો છે.

## 3. વિષય પસંદગી

નટ સમાજની રજૂઆતો આધારે અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા મારફતે અત્રેની કચેરી આદિવાસી તાલીમ અને સંશોધન કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદને "નટ, નટડા અને બાજીગર સમુદાયને ગુજરાતને લગતી અનુસૂચિત જાતિની યાદીમાં સામેલ કરવા બાબત" અભ્યાસની સોપણી પત્ર ક્રમાંક નં.અજાક/મ-૪/૧૯૧/૨૦૧૮/૭૭૨૫-૭૭૨૭, તા.૦૩/૧૦/૨૦૧૮ દ્વારા કરવામાં આવેલ છે.

## 4. સંશોધન પ્રવિધિઓ

પ્રસ્તુત અહેવાલ માટે અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાના પત્ર ક્રમાંક નં.અજાક/મ-૪/૧૯૧/૨૦૧૮/૨૨-૨૩, તા.૦૨/૦૧/૨૦૧૯માં "નટ, નટડા અને બાજીગર સમુદાયનો નૃવંશયશાસ્ત્રીય(સોશ્યલ એન્થ્રોપોલોજીકલ) અભ્યાસ અહેવાલ તૈયાર કરવા બાબત" સુચન કરેલ હોઈ. અભ્યાસ માટે નૃવંશયશાસ્ત્રીય(સોશ્યલ એન્થ્રોપોલોજીકલ) પ્રદ્ધતિનો ઉપયોગ કરવામાં આવેલ છે.


5. નિદર્શ પસંદગી

અભ્યાસમાં નિદર્શ ( એકમ)ની પસંદગી માટે રાજ્યમાં વસવાટ કરતા નટ, નટડા અને બાજીગર સમુદાયના આગેવાનો દ્વારા સરકારમાં કરવામાં આવેલી રજૂઆતોમાંથી જુદા જુદા વિસ્તારના આગેવાનો પાસેથી રાજ્યમાં વસવાટ કરતા નટ, નટડા અને બાજીગર કુટુંબોની માહિતી મેળવવામાં આવી. ત્યારબાદ મળેલી માહિતીના આધારે નટ, નટડા અને બાજીગર કુટુંબોની રૂબરુ મુલાકાત લઈ રાજ્યમાં વસવાટ કરતા અન્ય કુટુંબોની માહિતી અને સંપર્ક નંબર મેળવી એક પછી એક કુટુંબ પાસેથી અભ્યાસને અનુરૂપ માહિતી મેળવવામાં આવી. આમ આ અભ્યાસમાં સ્નોબોલ નિદર્શન પ્રયુક્તિના આધારે નિદર્શ પસંદ કરવામાં આવેલ છે. જે માટે નીચે જણાવેલ ગામોની પસંદગી અભ્યાસક્ષેત્ર તરીકે કરવામાં આવેલ છે.

કોષ્ટક નં - ૧.૨ અભ્યાસક્ષેત્ર તરીકે ગામોની પસંદગી દર્શાવતું કોષ્ટક

| અનુ. નં. | ગામનું નામ | તાલુકાનું નામ | જિલ્લાનું નામ | જ્ઞાતિ | કુટુંબોની સંખ્યા |
|---|---|---|---|---|---|
| 1 | મોળથરા | થાન | સરેન્દ્રનગર | નટ | 10 |
| 2 | થાન | થાન | સરેન્દ્રનગર | નટ | 14 |
| 3 | ટોકરાળા | લીંમડી | સરેન્દ્રનગર | નટ | 13 |
| 4 | વણા | લખતર | સરેન્દ્રનગર | નટ | 16 |
| 5 | ઘણાદ | લખતર | સરેન્દ્રનગર | નટ | 6 |
| 6 | બૂઢણા | શિહોર | ભાવનગર | નટ | 37 |
| 7 | સોભાવડ | તળાજા | ભાવનગર | નટ | 10 |
| 8 | શિહોર | શિહોર | ભાવનગર | નટ | 6 |
| 9 | અમરગઢ | શિહોર | ભાવનગર | નટ | 8 |
| 10 | દિહોર | તળાજા | ભાવનગર | નટ | 3 |
| 11 | તળાજા | તળાજા | ભાવનગર | નટ | 3 |
| 12 | વાળુકડ | ભાવનગર | ભાવનગર | નટ | 3 |
| 13 | ઠાડચ | ભાવનગર | ભાવનગર | નટ | 5 |
| 14 | ધોરાળા | રાજકોટ સિટી | રાજકોટ | નટ | 5 |
| 15 | રાજપરા | કોટડાસાંગાણી | રાજકોટ | નટ | 14 |
| 16 | ત્રાકૂડા | ગોંડલ | રાજકોટ | નટ | 6 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 17 | ગોંડલ સિટી | ગોંડલ | રાજકોટ | નટ | 5 |
| 18 | કાલાવડ | કાલાવડ | જામનગર | નટ | 8 |
| 19 | પ્રતાપપરા | અમરેલી સિટી | અમરેલી | નટ | 4 |
| 20 | લાઠી | લાઠી | અમરેલી | નટ | 7 |
| 21 | વેજલપુર સિટી | અમદાવાદ | અમદાવાદ | નટ | 14 |
| 22 | મીરોલી | દસક્રોઇ | અમદાવાદ | નટ | 20 |
| 23 | રનોડા | ધોળકા | અમદાવાદ | નટ | 9 |
| 24 | હાંસલપુર | વિરમગામ | અમદાવાદ | નટ | 6 |
| 25 | મોટીઆદરજ | ગાંધીનગર | ગાંધીનગર | નટ | 4 |
| 26 | પાનસર | કલોલ | ગાંધીનગર | નટ | 10 |
| 27 | ઉનાવા | ગાંધીનગર | ગાંધીનગર | નટ | 3 |
| 28 | નાનીકડી | કડી | મહેસાણા | નટ | 8 |
| 29 | ચિકણા | સતલાસણ | મહેસાણા | નટ | 8 |
| 30 | રાપર | રાપર | કચ્છ | નટ | 16 |
| 31 | ગણેશનગર. ગાંધીધામ | ગાંધીધામ | કચ્છ | નટ | 5 |
| 32 | ડીસા | ડીસા | બનાસકાંઠા | નટ | 39 |
| 33 | ધાનેરા | ધાનેરા | બનાસકાંઠા | નટ | 50 |
| 34 | ભાવનગર | ભાવનગર | ભાવનગર | બાજીગર | 19 |
| 35 | બોટાદ | બોટાદ | બોટાદ | બાજીગર | 24 |
| 36 | ભૂજ | ભૂજ | કચ્છ | નટ બાજીગર | 89 |
| કુલ | | નટ | | | 375 |
| | | બાજીગર | | | 132 |
| કુલ(નટ + બાજીગર) | | | | | 507 |


નટ,નટડા અને બાજીગર કુટુંબની સંખ્યા
250
200
150
100
50
0
164
132
211
નટ
બાજીગર નટ
વણકર નટ

આમ, ઉપરોક્ત સારણીથી નટ અને બાજીગર જ્ઞાતિઓના કુટુંબોની પસંદગી થયેલ છે. અત્રે એ વાત સ્પષ્ટ છે કે નટડા જ્ઞાતિ આ જ જ્ઞાતિઓ માટે વપરાતો શબ્દ છે. કેટલાક લોકો તુચ્છ વર્તન કરી આ જ્ઞાતિઓને નટડા પણ કહે છે. ઘણા કિસ્સામાં આ જ્ઞાતિઓ જ પોતાને નટડા તરીકે ઓળખાવે છે એટલે જ અભ્યાસકાર્ય દરમિયાન નટડાના નામે કોઈ જ્ઞાતિઓના લોકો મળેલ નથી. જે બાબત નોંધનીય છે.

## 6. માહિતીનું એકત્રીકરણ અને પૃથક્કરણ

અભ્યાસ માટેની પ્રાથમિક માહિતી વિચરતી જાતિઓ પર કામ કરતી સંસ્થા નવસર્જન, આ જ્ઞાતિઓ પર અભ્યાસ કરતા સંશોધકો, પરિવર્તન ટ્રસ્ટ(નટ સમાજની), બાજીગર સમાજના સંગઠન તેમજ આ જ્ઞાતિઓના અગ્રેસર હોય તેવા લોકોની રૂબરૂ મુલાકાત તથા જ્ઞાતિના કુટુંબોની માહિતી મેળવવા માટે મુલાકાત અનુસૂચિ તૈયાર કરી તેના માધ્યમ દ્વારા મેળવવા આવેલ છે.

જ્યારે દ્વિતિયક માહિતી વિચરતી જ્ઞાતિઓ પર પ્રકાસિત પુસ્તકો, સંશોધન અહેવાલ, સરકારના રીપોર્ટ, અનુસૂચિત જાતિને લગતા સરકારના ઠરાવ, આ જ્ઞાતિઓને લગતા પુસ્તકો, લેખો, વેબસાઈટ પરથી મેળવવામાં આવેલ છે.

માહિતીનું પૃથક્કરણ સામાજિક અને આર્થિક દ્રષ્ટિબિંદુથી કરવમાં આવેલ છે. જે માટે કોષ્ટકીકરણ અને તેનું વિશ્લેષણ કરવામાં આવેલ છે.

## 7. પ્રકરણીકરણ

પ્રસ્તુત અહેવાલને પાંચ(5) પ્રકરણમાં વિભાજિત કરવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

પ્રકરણ -1 વિષય પ્રવેશ

પ્રકરણ-2 વિષય સંબંધિત સાહિત્ય અને નટ, નટડા અને બાજીગર જ્ઞાતિઓનો પરિચય

પ્રકરણ-3 અભ્યાસ વિસ્તારનો પરિચય

પ્રકરણ-4 પ્રાથમિક માહિતીનું વિશ્લેષણ

પ્રકરણ-5 નિષ્કર્ષો અને ભલામણો

# પ્રકરણ-2

## વિષય સંબંધિત સાહિત્ય અને નટ, નટડા અને બાજીગર જાતિઓનો પરિચય

1. પ્રસ્તાવના
2. વિષય સંબંધિત સાહિત્ય સમીક્ષા
3. નટ, નટડા અને બાજીગર જાતિઓનો પરિચય

# પ્રકરણ-2

## વિષય સંબંધિત સાહિત્ય અને નટ, નટડા અને બાજીગર જાતિઓનો પરિચય

### 2.1 પ્રસ્તાવના

રસ્તાઓ, ચોક કે બજારમાં દોરડા પર ચાલતા, ઠેકરા મારતા બાળકો તથા અંગકસરતના દાવ કરતા કરતા લોકો ગણી વખત આપણી નજરે આવતા હોય છે. એમના મનોરંજનનો આપણે ખુબ લાભ ઉઠાવીએ છે. પરંતુ ક્યારેય પ્રશ્ન થયો છે કે તે કોણ છે? ક્યા રહે છે? કેવી રીતે પોતાનું ગૂજરાન ચલાવે છે? તેઓ સાથે લોકોનો વ્યવહાર કેવો છે? આ બધી દરેક બાબતોની આ પ્રકરણમાં ચર્ચા કરવામાં આવી છે. બીજુ કે આવી જ્ઞાતિ બાબતે સંશોધકો, તજજ્ઞો અને રાજ્ય શુ માને છે તેને પણ સાંકળી લેવામાં આવેલ છે.

### 2.2 વિષય સંબંધિત સાહિત્ય સમીક્ષા

સૌરાષ્ટ્ર પછાત વર્ગ બોર્ડ(1958) "સૌરાષ્ટ્રની પછાત કોમો ભાગ બીજો"માં સૌરાષ્ટ્ર વિસ્તારમાં વસવાટ કરતા જુદા જુદા 27 સમુદાયોની રજૂઆત કરવામાં આવે છે. જે પૈકીનો એક સમુદાય નટ બજાણિયા છે. જેમાં નટ સમાજની ઉત્પતિ, તેમના વિવિધ ખેલ, નટની ટોળી અને આર્થિક જીવન, તેમની વસતી ક્યાં જોવા મળે છે. તેમની શાખ, નામ, પોષોક, ઘરેણાં, કળા, શિક્ષણ, ઉત્સવો, સામાજિક રીતરિવાજો અને ક્રિયાઓ, ધાર્મિક માન્યતાઓ અને વિશ્વાસ જેવા મુદ્દાઓ પર વિશેષ રજૂઆત કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર પછાત વર્ગ બોર્ડ આ રજૂઆતોની સાથે જણાવે છે કે "એકંદરે નટ લોકોનો ધંધો આજે પડી ભાંગ્યો છે. તે માત્ર જર્જરીત હાલતમાં ટકી રહ્યો છે. આર્થિક અને શૈક્ષણિક દ્રષ્ટિએ આ લોકો અન્ય પ્રજાઓ કરતાં ઘણા પાછળ છે. પરંતુ નટ સમુદાય કળામાં આજે તેઓ ઘણા પાવરધા છે." આમ, તત્કાલિન સ્થિતિએ બોર્ડએ જણાવ્યુ હતું. આજે તો તેમની સ્થિતિ ખૂબ ગંભીર છે. ત્યારે જે ધંધો જર્જરીત હતો તે આજે સંપૂર્ણ રીતે પડી ભાંગ્યો છે. તત્કાલિન શહેરીકરણની અસરના કારણે પુસ્તકમાં જણાવવામાં આવ્યુ છે કે નાટક અને સીનેમાગૃહ રચાતી એવી શહેરી પંખપંખેરૂ નટના ખેલથી અપરિચિત હશે પરંતુ ગામડામાં કે જ્યા નાટ્ય ગૃહો અને સીનેમાગૃહો હજુ પ્રવેશ કર્યો નથી ત્યા નટના ખેલ ખુબ જ પ્રચલિત હોય. જો કે હવે નાટ્યગૃહ, ટેલિવીઝન અને સીનેમાગૃહોએ બધે જ પ્રવેશ કરી લીધો છે માટે લોકો આ નટના ખેલથી અપરિચિત થતા જાય છે.

મનોરંજન કરનારી જાતિઓ કોણ છે તે બાબતે જોરાવરસિંહ જાદવ(1991) પોતાની પુસ્તક "મનોરંજન કરનારી લોકજાતિઓ"માં વાદી-ગારુડી, નટ, બજાણિયા, કાંગશિયા, મલ્લડા, ભાંડ, ભવાયા, બહુરૂપી, મીર, તૂરી બારોટ, સીદી, મદારી, કામળિયા, પઢાર, ઢોલીઓ, નાથબાવા, તરગાળા, ભાટ, ચારણ, ઢાઢી વગેરેનો જાતિઓ વિશે માહિતી આપી છે. તેઓએ ગુજરાત સૌરાષ્ટ્રના ગામડાંઓ ઘૂમી, મેળાઓ અને ઉત્સવોના માણાગર બનીને લોકજાતિઓ માટે મનોરંજનની જે કલાઓ હતી, એના જો કલાકારો હતા તેનું સર્વેક્ષણ કરી એમની કલાઓનો અભ્યાસ કર્યો છે. તેમણે છસો ઉપરાંત લોકકલાકારોને શોધી કાઢીને ગામડાની શેરીઓમાં જ રજૂ થતી લોકકળાઓને રંગમંચ ઉપર કેવી રીતે રજૂ કરવી એની સમજ આપી. વંશપરંપરાથી તેઓ જે સાંસ્કૃતિક

કલાવારસો જાળવતા આવ્યા છે. તેના માટે તેમને ગૌરવ લેતા કર્યા. જેઓ નાસીપાસ થઈને બેઠા હતા તેમને હિમ્મત આપી ઉભા કર્યા. એમની મનોરંજનપ્રધાન લોકકળાઓ નગરોમાં લોકપ્રિય બને તે માટે એમના કાર્યક્રમોનું આયોજન ગોઠવ્યું. આમ, તેમણે આ જાતિઓને લગતા દોહા સાથે તેમના વ્યવસાય, જાતિઓની ખાસિયત અને પ્રચલિત પરંપરાઓનો વિશેષ વર્ણન કરેલ છે. જેના પરથી એટલું અચૂક સમજી શકાય છે. જ્યારે ટી.વી-મોબાઈલ વગરના જમાનામાં આ જ્ઞાતિઓ લોકોને મનોરંજન પુરુ જોડવામાં મહત્વનું યોગદાન ધરાવતી હતી.

આર.સી. એન્થોવેન (1975) "The Tribes and Caste of Bombay" પુસ્તકમાં ૨૦મી સદીની શરુઆતમાં બોમ્બે સંયુક્ત રાજ્યમાં સ્થિત આદિજાતિ અને પછાત જાતિના લોકોની વાત કરવામા આવી છે. જેમાં તેમના વ્યવસાય અને રીત-રીવાજો વિશે ખાસ ચર્ચા કરવામા આવી છે. આ અભ્યાસ માટે સર્વેક્ષણ પદ્ધતિ અપનાવેલ તેમજ સર્વે કરવા માટે નાણાની જોગવાઈ કરેલ જે મહા મહેનતે મંજૂર થયેલ. અભ્યાસનો ઉદ્દેશ આદિજાતિ અને અનુસૂચિત જાતિની યાદી તૈયાર કરવાનો છે. તથા આ યાદીમાં સમાવેશ થતી તમામ જાતિઓના સમુદાયોની વસતી, વસવાટ સ્થળ, રીત-રીવાજો, માન્યતાઓ, રહેણી-કરણી અને આર્થિક પરિસ્થિતિની માહિતી મેળવવાનો છે. આ જાતિની સામાજિક, આર્થિક અને શૈક્ષણિક હાલત કેવી છે તેની રજૂઆત અભ્યાસમાં કરવામાં આવેલ છે. અભ્યાસમાં વ્યાખ્યા કરી છે તે પ્રમાણે આદિજાતિ અને જાતિ એટલે એવી જાતિ કે જેનો એક વ્યવસાય હોય, એક રહેઠાણ હોય અને એક ભાષા હોય. અભ્યાસમાં બજાણિયા તરીકે જે જાતિનો ઉલ્લેખ કર્યો છે તે ધોલી અને ધુમ્મર જાતિઓ છે.

કે. એસ. સિંધ(1999) "The Scheduled Castes Revised Edition" માં અનુસૂચિત જાતિ પર અભ્યાસ કરવાનાં હેતુથી આ પુસ્તકની રચના કરી છે. જેમાં ભારતમાં વસવાટ કરતી ૪૫૦ અનુસૂચિત જાતિઓને અભ્યાસ હેઠળ આવરી લેવામાં આવી છે. આ અભ્યાસ માટે માહિતીપ્રદ સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવેલ છે. આ અભ્યાસમાં બજાણિયા અને નટ બજાણિયા જાતિની પણ રજૂઆત કરવામાં આવી છે. આ જાતિની લગ્ન વિધી જાતિનો ઇતિહાસ, વ્યવસાય-ધંધા, રીત-રીવાજ વગેરે વિશે રજૂઆત કરવામાં આવેલ છે. અસ્પૃશ્યતા વિશે વાત કરતા જણાવ્યુ છે કે આ જાતિને જાતવ, ધોબી, ખાટિક, મુસ્લિમ, પાસિસ, ડોસ અને ધારકર જોડે ઉઠ-બેઠ અને જમવાના રીવાજો હતા જ્યારે બ્રાહ્મણ અને ઠાકોર સમુદાય છૂતઅછૂતના વ્યવહાર રાખતા. આર્થિક દ્રષ્ટિએ જોઈએ બચત ન થઇ શકવી, સરકારી મળતા લાભો લેવા વગેરે બાબતો જોવા મળતી હતી. એમણે એમનું નામ સંગીત પરથી રાખેલ છે. બજાણિયામાં માથે લીધેલ છે બજા : બજાનીયા. એમની પોતાની બોલી છે બજાનિયા. આમ અત્રે લેખકે જુદી જુદી રજૂઆતો કરેલ છે.

મિત્તલ પટેલ(2006) "ગુજરાતના વિચરતા-વિમુક્ત સમુદાયો" સંશોધન પુસ્તકમાં વિચરતા સમુદાયોના આગેવાનો અને લોકોની મુલાકાત લઈ આ સમુદાયની તમામ પ્રકારની માહિતી એકત્ર કરવાનો પ્રયાસ કરેલ છે. અત્રે ગુજરાતમાં વસવાટ કરતા કુલ 34 વિચરતા અને વિમુક્ત સમુદાયોનો પરિચય આપવામાં આવેલ છે. જેમાં, બજાણિયા, નટ, મારવાડી નટ, વાદી, ગારૂડી, મદારી, બહુરૂપી, ભાંડ, ભવૈયા, તુરી, ચારણ ગઢવી, શિકલીગર, સરાણિયા, ગાડલિયા-લુવારિયા, કાંગસિયા, ઘંટિયા-સલાટ ઘેરા, ચામઠા, રાવળ, ઓડ,

મારવાડા દેવીપૂજક, વાંસફોડા, થોરી, ભોપા, ગરો, બાવા-વૈરાગી, નાથબાવા, જોગી, પારધી, ડફેર, દેવીપૂજક, ચુંવાળિયા કોળી, પારકરા કોળી, વાઘેર, મિયાણા, સંધી, ઠેબા, હિંગોરા, છારા, મે અને બાફણ જાતિઓ ક્યાથી આવી, તે ક્યા વસી, હાલમાં ક્યા વસે છે, તેની રહેણીકરણી, તેમના રીત-રીવાજ, તેમનો વ્યવસાય, આજીવિકાના પ્રશ્નો, તેમની મુંજવણો, તેમના પરંપરાગત વ્યવસાય અસ્ત થવાના કારણો વગેરે જેવા તમામ મુદ્દાઓની તલસ્પર્શી રજૂઆત કરી છે. સાથે સાથે તેમણે આ સમુદાયો માટે થયેલા પ્રયત્નો અને હાલમાં ગુજરાત અને ભારત સરકારની કઈ જ્ઞાતિની યાદીમાં સમાવિષ્ટ છે.તેની પણ વાત તેમણે કરેલ છે.

ગુજરાત સરકારના સામાજિક-ન્યાય અને અધિકારીતા વિભાગના "વિચરતી અને વિમુક્ત જાતિઓને જાતિ પ્રમાણપત્ર આપવા બાબત"ના તા. 24/10/2017ના "ઠરાવ ક્રમાંક : સશપ/૧૨૨૦૧૬/૬૨૦૯૮૧/અ"માં જણાવ્યા અનુસાર વિચરતી અને વિમુક્ત જાતિઓની યાદીઓ તો ભૂતપૂર્વ મુંબઈ રાજ્ય વખતથી અમલમાં હતી અને શૈક્ષણિક અને કલ્યાણકારી યોજનાઓનો લાભ તેમને મળતો હતો, પરંતુ તા. 01/04/1978થી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની યાદી ગુજરાતમાં જાહેર થતાં 28 વિચરતી અને 12 વિમુક્ત જાતિઓને અનામતના લાભ માટે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની જાતિઓમાં ભેળવીને 82 જાતિઓની યાદી બનાવવામાં આવી હતી. જો કે એ 40 જાતિઓ પૈકી કેટલીક અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિમાં ઉમેરેલ છે. જેમાં અનુસૂચિત જાતિમાં ગારૂડી, તુરી અને ગરો(ગરોડા)નો સમાવેશ થાય છે. જ્યારે અનુસૂચિત જનજાતિમાં કાથોડી(કતકરી), કોટવાળિયા, વિટોળીયા અને પારધી(પારાધી)નો સમાવેશ થાય છે. ઠરાવના મુદ્દા નં.3 માં જણાવેલ છે કે, "વિચરતી જાતિ યાદી ક્રમાંક-૧ આગળ બજાણિયા જાતિ દર્શાવી છે. જેના પર્યાય તરીકે બાજીગર, નટ બજાણિયા જાતિ બતાવી છે. બક્ષી કમિશને તેના અહેવાલમાં પણ નટ લોકોએ નટડા પણ કહેવામાં આવે છે. તેઓ નટ, બજાણિયા કે બાજીગર તરીકે પણ ઓળખાય છે. તેવું નોંધેલ છે. જેથી બજાણિયા, બાજીગર, નટ બજાણિયા, નટ, નટડાને વિચરતી જાતિનું પ્રમાણપત્ર આપવાનું રહેશે." આ મુદ્દાથી એક કથન એમ પણ નીકળે છે કે રાજ્ય માટે આ બધી જાતિઓ એક છે પરંતુ વાસ્તવમાં આ પૈકી મુખ્ય ત્રણ બજાણિયા, બાજીગર અને નટ એમ જાતિઓ છે બીજા તેના પર્યાય શબ્દો છે. જો કે આ દરેક જાતિઓનો પરંપરાગત વ્યવસાય અંગકસરતના દાવ સાથે જ જોડાયેલ છે.

### 2.3 નટ, નટડા અને બાજીગર જાતિઓનો પરિચય

નટ, નટડા, નટ બજાણિયા, બજાણિયા અને બાજીગર જાતિ મુખ્યત્વે અંગ કસરતના દાવ સાથે સંકળાયેલ જાતિઓ છે. જેમાં અભ્યાસક્ષેત્ર હેઠળ આવતી નટ, નટડા અને બાજીગર જાતિઓનો પરિચય વિસ્તારથી આ મુજબ છે.

#### (અ) નટ

વાંસની ઘોડી પર દોરડું બાંધી તેના પર ચઢી વિવિધ પ્રકારના ખેલ કરનાર લોકોને નટને નામે ઓળખવામાં આવે છે. નટ ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર, માળવા, સિંધ, લાહોર, અમૃતસર, ઈંદોર, રતલામ, દિલ્હી અને હિમાચલ પ્રદેશમાં પણ વસે છે. સૌરાષ્ટ્રમાં નટ લોકો નટ, ગોડિયા, ગોડ-બજાણિયા કે નટ બજાણિયાના નામે જાણિતા છે. એમ કહેવાય છે કે જૂના વખતમાં ધ્રાંગધ્રાના રાજવી

જહાંજી ઝાલાએ નટ લોકોને બજાણા ગામ ગરાસમાં આપ્યું હતું આથી ત્યાં રહેતા નટો બજાણિયા તરીકે ઓળખાય છે. એક કઠન મુજબ નટમાં પણ ત્રણચાર ફાંટા પડે છે. એક રાજનટ, બીજા મારવાડી નટ, ત્રીજા હરિજનોના નટ અને ચોથા નટડા છે. રાજનટ ઘણુંખરું રાજરજવાડાંઓમાં ખેલ કરતાં, જ્યારે રાજસ્થાનમાંથી આવેલા મારવાડી નટો લોકોમાં ખેલ કરે છે. હરિજન નટો હરિજન કે વણકર સમાજ વચ્ચે ખેલ કરતા હતા. જ્યારે નટડા આ નટથી જુદા ગણાય છે. બીજો કઠન નટ લોકો કહે છે કે, અમને તો કાનજી મા'રાજે(ભગવાન શ્રીકૃષ્ણે) ઉત્પન્ન કર્યા છે. જેમાં ભાલપ્રદેશમાં પ્રચલિત એક કથાગીત 'રાધાજીનું રુસણું'ને સાંકળીને તેઓ જણાવે છે કે "રિસાયેલ રાધાજીને મનાવવા માટે કૃષ્ણ વેશપલટો કરીને નીકળ્યા અને રસ્તામાં ખેલ ભજવેલો. રાધાજી એમને ઓળખી ન શક્યાં ત્યારથી નટની પરંપરા ચાલતી આવી છે." ઝાલોરના મહારાજા કાન્હડદેમના વખતમાં 'સોનચિડી' નટડી ખૂબ જ જાણીતી હતી.

એક દંતકથા એવી છે કે રાજસ્થાનમાં સળંગ દુકાળ પડ્યો. રજવાડાની જનતા ભુખે મરે. રાજનટની સ્થિતિ પણ દયાજનક થઈ ગઈ. રાજ પાસે અન્ન હોય તો તે રાજનટને આપેને ! આમ, ભુખ સહન ન થતાં તેઓએ ગુજરાતમાં સ્થળાંતર કર્યું. બીજી એક લોકવાયકા પ્રમાણે ભારત-પાકિસ્તાનના ભાગલા વખતે રાજસ્થાન અને સિંધ પ્રદેશમાં વસતા રાજનટોએ ભારતના જુદા જુદા પ્રદેશોમાં સ્થળાંતર કર્યુ જે પૈકીના કેટલાક લોકોએ ગુજરાત તરફ પ્રયાણ કર્યું.

ગુજરાતમાં આવ્યા પછી ઉચ્ચ જ્ઞાતિઓમાં અંગ-કસરતનું તથા ભવાઈ રમવાનું કામ કરતા ભવૈયા, નટ-બજાણિયા પાસે તેમણે આજીવિકા રળવા તેમના ગરાસના ગામોમાંથી થોડા ગામો આપવા માંગણી કરી. પરંતુ, તેમની માંગણીને ગુજરાતના નટ-બજાણિયા અને ભવૈયાએ સ્વીકારી નહીં. તેમની આજીવિકાનો મુખ્ય આધાર અંગ-કસરતના ખેલ તથા ભવાઈ હતા. ગુજરાતમાં તેમની કરતબને જોવાવાળા લોકો મળે તો તેમનો જીવનનિર્વાહ ચાલે. વળી, કોઈ ગામમાં સીધા જઈને ખેલ કરવા તે નટ-બજાણિયા, ભવૈયા કે રાજનટે બનાવેલ કાયદાની વિરુદ્ધનું હતું. આથી તેમણે દલિત સમાજના ભવૈયા તરીકે ઓળખાતા તુરી સમાજ પાસે ગરાસના કેટલાંક ગામોની માંગણી કરી. તુરી સમાજે તેમને વઢિયાળના 84 તથા પર પરગણાં આપ્યા. રાજનટ આ વિસ્તારમાં વસતા દલિતોના વાસમાં ભવાઈ, અંગકસરતનાં ખેલ બતાવી દલિતોનું મનોરંજન કરી પેટિયું રળવા લાગ્યા. શરૂઆતમાં તેમને દલિતોને ત્યાં જવું ગમતું નહીં. પરંતુ રાજસ્થાનમાં પાછા ફરવું શક્ય નહોતું. આમ, કમને પણ તેઓ દલિતવાસમાં ભવાઈ રમવા જતા.

તે સમયે રાજનટનો લગ્નવ્યવહાર રાજસ્થાનના રાજનટ સાથે થતો. વાર-તહેવારે તેઓ રાજસ્થાન જતાં. પરંતુ રાજસ્થાનથી પરણીને ગુજરાત આવેલી દિકરીનાં સગા-વહાલાં અવારનવાર દીકરીનાં ઘરે આવતાં. તેમની નજર રાજનટ કયા સમાજમાં ભવાઈ રમે છે તેના પર આવી. તે છુપું ન રહ્યું. રાજસ્થાનમાં વસતા રાજનટને ધીમે ધીમે ગુજરાતમાં વસનારા રાજનટ દલિત વાસમાં ભવાઈ રમે છે. તેવો ખ્યાલ આવી ગયો. તેમણે ગુજરાતના રાજનટને ઢેઢનટ, હરિજન નટ, વણકર નટ જેવા શબ્દો કહી ધુત્કાર્યા. તેમની સાથેનો વ્યવહાર તોડી નાખ્યો. આગળ જતા મોટા ભાગના નટ લોકોએ પોતાને દલિત સમાજનાં માંગણ તરીકે સ્વીકાર્યા અને પોતાને હરિજન/વણકરના નટ એટલે કે હરિજન નટ/વણકર નટ તરીકે ઓળખાવ્યા. આજે ગુજરાતમાં વસતા 'નટ' રાજસ્થાનમાં વસતા 'રાજનટ' તરીકે ઓળખાય છે. કેટલાક લોકો ગુજરાતમાં વસતા નટને તોછડી બોલીમાં 'નટડા' પણ કહે છે.

હાલમાં બનાસકાંઠાના અંબાજીમાં તથા પંચમહાલ જિલ્લામાં પાવી જેતપુર તથા ગરવાડા ગામના નટ પોતાને નટ તરીકે ઓળખાવાનું પસંદ કરતા નથી. તેઓ પોતાને રાજનટ તરીકે ઓળખાવે છે. ગુજરાતામાં વસતા નટ આજે પણ દલિત વિસ્તારોમાં જ રહે છે. પરંતુ આ ત્રણ વિસ્તારમાં તેમની વસાહત ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓની વચ્ચે છે. જો કે આ ત્રણ વિસ્તારોમાં વસવાટ કરતા નટનો સામાજિક વ્યવહાર પણ ગુજરાતના નટ સાથે છે. પરંતુ, તેમણે પોતાની ઓળખ છુપાવી છે. જો કે અંબાજીમાં વસતા નટ સાથે રાજસ્થાનના રાજનટનો સંપર્ક તેમજ સામાજિક વ્યવહાર પણ છે.

(1) નટનો અંગકસરતનો ખેલ તથા અન્ય વ્યવસાય

નટ સમાજના જુદા જુદા લોકો પાસેથી મળેલ માહિતી અનુસાર નટના અંગકસરતના ખેલની ઉત્પતીની કથા "રિસાયેલ રાધાજીને મનાવવા માટે કૃષ્ણ વેશપલટો કરીને નીકળ્યા અને રસ્તામાં ખેલ ભજવેલો ત્યાંથી થયેલ હોવાની માન્યતા છે. ધીરે ધીરે આગળ જતા જતા આ ખેલો આજીવિકા રળવાનું અને લોકોને મનોરંજન પૂરુ પાડવાનું સાધન બની ગયું. રાજાઓના દરબારમાં નટને મનોરંજનના હેતુથી આશ્રય મળવા લાગ્યો અને તેઓ રાજનટ તરીકે સમાજમાં પ્રચલિત થયા. રાજસ્થાનના ઝાલોર મહારાજા કાન્હડદેમ, ઝાલોર અને સોનિગ્રાના રાજા આફરિન, સિદ્ધરાજ જયસિંહ, મહારાજા વિરાજ, સયાજીરાવ ગાયકવાડ, મહારાજા જામસાહેબ વગેરે જેવા રાજાઓએ રાજનટને ખેલ કરવા દરબારમાં બોલાવ્યા હોય તેવા અનેક લોકવાયકા અને જમીન કે ગરાસની સોપણી કરી હોય તેવા પત્રો મળી આવ્યા છે. આ તબક્કો આ સમાજની પ્રથમ અવસ્થા હોઈ શકે.

આ સમાજની બીજી અવસ્થાએ રાજસ્થાનથી ગુજરાતમાં સ્થળાંતર થયા પછીની છે. એવું કહેવાય છે કે નટ પહેલા સમાન ઊંચાઈ ધરાવતા બે ઝાડ તેઓ પસંદ કરતા. બંને ઝાડ વચ્ચે લગભગ 500 મિટરનું અંતર રાખી આશરે 40 થી 50 ફૂટ ઊંચું દોરડું બાંધતા. આ દોરને તેઓ 'લંકાદોર' કહેતા. બંને ઝાડ સાથે બાંધેતા દોરડાની મધ્યમાં રાસ બાંધતા અને રાસને પકડીને ઉપર ચઢતા. સાથે હુક્કો લઈને જતા. દોરડા ઉપર ચડ્યા પછી સૂતા સૂતા હુક્કો પીતા અથવા શરણાઈ વગાડતા. ગામને સલામ કરતા.

લંકાદોર સિવાય તેઓ ઘોડીદોર બાંધતા. જેમાં 20 ફૂટ ઊંચાઈ ધરાવતા ત્રણ વાંસની બે ઘોડી બનાવતા આ બે ઘોડી વચ્ચે 40 થી 50 ફૂટનું અંતર રાખી દોર બાંધવામાં આવતો. આ દોર ઉપર તેઓ અંગકસરતના ખેલ કરતા. આ સિવાય પેટમાંથી લોખંડના ગોળા કાઢતા, જાદુના ખેલ કરવા વગેરે જેવા લોકોને મનોરંજન મળી રહે તેવા કાર્યક્રમો કરતા. આ અવસ્થામાં નટ પોતાના પરિવાર સાથે ઘોડા, ગધેડા, સાંઢિયા ઉપર સામાન લાદી સ્થળાંતર કરતા. અમુક દિવસો સુધી તે ગામમાં રોકાય ત્યારબાદ અન્ય ગામે સ્થળાંતર કરી જતા.

ત્યારબાદ ત્રીજી અવસ્થામાં લંકાદોર બંધ થયું અને ચોબારીયું બાંધવામાં આવ્યું. રાત્રે ઘણા નટ ભવાઈ રમે અને જુદા જુદા વેશ ધારણ કરે. પરિવાર સાથે જે સ્થળાંતર થતું હતું તે પુરૂષો સુધી સિમિત થઈ ગયું. મોટાભાગે વર્ષમા વધુમાં વધુ ૩૦ દિવસ સ્થળાંતર થતું. સ્થળાંતર સમયે ગરાસ સિવાયના ગામોમાં પણ અંગકસરતના દાવ કરતા. પરંતુ મૂળે તે વિસ્તાર દલિત વસતી ધરાવતું હોવાનું

જાણવા મળે છે. સમાજના લોકો તરફથી મળેલ માહિતી અનુસાર આ સમયે જે ગામમાં અંગકસરતના દાવ કરવા કરવા ગયા છે ત્યાના દલિત લોકો વસતા હોય તેવા વિસ્તારમાં જ તેઓ વસતા જે મોટા ભાગે ગામની સીમનો વિસ્તાર જોવા મળે છે. દલિતવાસમાં રહેવાની સાથે તેઓને જમવાનું પણ કરતા. પરંતુ પતરાનો ટુકડો દોરી વડે જેના ઘર આગળ ટીંગાડેલો હોય તે ઘરે જમવાની વ્યવસ્થા છે તેવું નટ સમજી જતા હતા. ગરાસ સિવાયનાં ગામોમાં નટ ગામના ચોરે અથવા દલિતવાસમાં ઓરડી ભાડે રાખીને રહેતા હતા . જમવાનું જાતે બનાવતા હતા. ત્રણેક દિવસ ભવાઈ અને અંગકસરતના દાવ બતાવ્યા પછી નટ દલિતવાસમાં ઘેર ઘેર ફરી અનાજ, લોટ, કપડાં જે મળે તે લાવે છે. દલિતોની પરિસ્થિતિ નબળી હોવા છતા પોતાની યથાશક્તિથી પોતાનો માંગણ ગણતા નટને કંઈકને કંઈક આપતા હતા. જો કે ઘરદીઠ પાયલી(25 પૈસા) અને એકશેર દાળ બાંધેલ હતા.

ચોથી અવસ્થા હાલની અવસ્થા મોટાભાગમાં યુવાનોને અંગકસરતના દાવ ન આવડવાના કારણે તેમજ અન્ય રોજગારીના સ્ત્રોતમાંથી વધુ આવક મળવા કારણે પોતાનો પરંપરાગત વ્યવસાય છોડી દીધો છે. તેઓ મજુરી, ખેતમજુરી, ખાનગી નોકરીઓ, સફાઈ કામદારના ક્ષેત્રમાં જોડાઈને પોતાની આજીવિકા રળે છે. જે લોકોને પહેલા અંગકસરતના દાવ આવડતા હતા. તેઓ વયવૃદ્ધ થવાના કારણે પોતાના ગરાસનાં ગામોમાં અંગકસરત કરી શકતા નથી. પરંતુ પોતાને દલિતોના માંગણ તરીકે સ્વીકારી દલિતને યજમાનમાંની ભિક્ષાવૃતિની પ્રવૃતિ સાથે સંકળાઈ ગયેલ છે.

હનુમાનદાદાને પોતાના ઈષ્ટદેવ ગણતા હનુમાનજયંતિ પર તેઓ તેમની આરાધના અર્થે અંગકસરતના દાવ હાલ કરતા હોય તેવું જાણવા મળેલ છે. સાતમ-આઠમ, દિવાળી, ઉત્તરાયણ, ગણેશચતુર્થી જેવા પ્રસંગોએ નટ પોતાના ગરાસના ગામોના દલિતવાસમાં હાતિ લેવા જાય છે.

હાલમાં રસ્તા કે ચોકમાં જે નાની બાળકીઓ દોર પર અંરકસરતના દાવ કરતી જણાય છે તેઓ મારવાડી નટ છે. આ સિવાય થાન, બુઢણા(ભાવનગર)માં ભવાઈના ખેલ સાથે જોડાયેલ ગણા નટ છે. બે-ચાર કિસ્સા લોકડાયરા સાથે જોડાયેલ નટનાં વણા(લખતર,સુરેન્દ્રનગર) અને આદરજ મોટી(ગાંધીનગર)ના જોવા મળે છે. હરિજન કે વણકર નટ તરીકે ઓળખાતા નટમાં લાઠીના મંગાભાઈ હાલમાં અંગકસરતના ખેલ માટે ખૂબ જાણીતા છે. ટોકરાળા(લીમડી, સુરેન્દ્રનગર)ના ઘણા નટ પર અંગકસરતના દાવ સાથે જોડાયેલ છે.

(2) ગુજરાતમાં નટ સમુદાયનો વસવાટ

નટ સમાજની ગુજરાતમાં આવેલ સંસ્થાના પ્રમુખ શંકરભાઈ સોલંકીએ પૂરી પાડેલ માહિતી મુજબ ગુજરાતમાં જુદા જુદા વિસ્તારોમાં જે નટ સમુદાયના લોકો વસવાટ કરે છે, તેમની અંદાજિત કુટુંબ સંખ્યા નીચે મુજબ છે.

કોષ્ટક નં - ૨.૧ ગુજરાતમાં નટ સમુદાયનો વસવાટ કરતા ગામો દર્શાવતું

| ક્રમ | ગામનું નામ | તાલુકાનું નામ | જિલ્લાનું નામ | કુટુંબોની સંખ્યા |
|---|---|---|---|---|
| 1 | સેડલા | પાટડી | સરેન્દ્રનગર | 35 |
| 2 | મોળથરા | થાન | સરેન્દ્રનગર | 20 |
| 3 | ટોકરાળા | લીંમડી | સરેન્દ્રનગર | 17 |
| 4 | વણા | લખતર | સરેન્દ્રનગર | 17 |
| 5 | જીવા | ધ્રાંગધ્રા | સરેન્દ્રનગર | 15 |
| 6 | નાનાગોરૈયા | પાટડી | સરેન્દ્રનગર | 12 |
| 7 | થાન | થાન | સરેન્દ્રનગર | 10 |
| 8 | ઘણાંદ | લખતર | સરેન્દ્રનગર | 10 |
| 9 | મૂળી | મૂળી | સરેન્દ્રનગર | 9 |
| 10 | સડલા | પાટડી | સરેન્દ્રનગર | 4 |
| 11 | રૂસ્તમગઢ | પાટડી | સરેન્દ્રનગર | 3 |
| 12 | ભૃગુપુર | ચુડા | સરેન્દ્રનગર | 2 |
| 13 | સાયલા | સાયલા | સરેન્દ્રનગર | 2 |
| 14 | ચોટીલા | ચોટીલા | સરેન્દ્રનગર | 1 |
| 15 | બૂઢણા | શિહોર | ભાવનગર | 52 |
| 16 | તળાજા | તળાજા | ભાવનગર | 8 |
| 17 | સોભાવડ | તળાજા | ભાવનગર | 11 |
| 18 | ઠાડેચ | પાલીતાણા | ભાવનગર | 8 |
| 19 | દીહોર | તળાજા | ભાવનગર | 3 |
| 20 | ચુડી | તળાજા | ભાવનગર | 3 |
| 21 | શિહોર | શિહોર | ભાવનગર | 11 |
| 22 | અમરગઢ | શિહોર | ભાવનગર | 11 |
| 23 | સીડસર | ભાવનગર | ભાવનગર | 2 |
| 24 | વાળુકડ | ઘોઘા | ભાવનગર | 6 |

| | | | | |
|---|---|---|---|---|
| 25 | ભોજાવદર | ઘોઘા | ભાવનગર | 4 |
| 26 | વેજલપુર સિટી | અમદાવાદ | અમદાવાદ | 24 |
| 27 | મકરબા | અમદાવાદ | અમદાવાદ | 4 |
| 28 | સુખીપુરા | અમદાવાદ | અમદાવાદ | 8 |
| 29 | શાહવાડી, નારોલ | અમદાવાદ | અમદાવાદ | 5 |
| 30 | ઓગણજ | દસક્રોઇ | અમદાવાદ | 5 |
| 31 | મીરોલી | દસક્રોઇ | અમદાવાદ | 21 |
| 32 | રનોડા | ધોળકા | અમદાવાદ | 20 |
| 33 | કોઠ | ધોળકા | અમદાવાદ | 4 |
| 34 | આકરૂ | ધંધુકા | અમદાવાદ | 7 |
| 35 | હાંસલપુર | વિરમગામ | અમદાવાદ | 10 |
| 36 | ઉનાવા | ગાંધીનગર | ગાંધીનગર | 6 |
| 37 | કોલવડા | ગાંધીનગર | ગાંધીનગર | 4 |
| 38 | મોટીઆદરજ | ગાંધીનગર | ગાંધીનગર | 7 |
| 39 | પાનસર | કલોલ | ગાંધીનગર | 14 |
| 40 | પલીયડ | કલોલ | ગાંધીનગર | 1 |
| 41 | નાનીકડી | કડી | મહેસાણા | 16 |
| 42 | બલાસર | કડી | મહેસાણા | 4 |
| 43 | સુવાળા | કડી | મહેસાણા | 2 |
| 44 | આંબલીયાસણ | મહેસાણા | મહેસાણા | 7 |
| 45 | ચિકણા | સતલાસણ | મહેસાણા | 12 |
| 46 | સમી | સમી | પાટણ | 6 |
| 47 | છાણીયાસણ | સમી | પાટણ | 5 |
| 48 | ધોરાળા | રાજકોટ સિટી | રાજકોટ | 16 |
| 49 | પુનિતનગર | રાજકોટ સિટી | રાજકોટ | 11 |
| 50 | રાજપરા | કોટડાસાંગાણી | રાજકોટ | 14 |

| | | | | |
|---|---|---|---|---|
| 51 | ત્રાકૂડા | ગોંડલ | રાજકોટ | 9 |
| 52 | સરધાપુર | જેતપુર | રાજકોટ | 2 |
| 53 | જેતપુર સિટી | જેતપુર | રાજકોટ | 12 |
| 54 | ભુખી | ધોરાજી | રાજકોટ | 3 |
| 55 | ગોંડલ સિટી | ગોંડલ | રાજકોટ | 5 |
| 56 | ઉપલેટા | ઉપલેટા | રાજકોટ | 4 |
| 57 | કાલાવાડ | કાલાવાડ | રાજકોટ | 14 |
| 58 | પ્રતાપપરા | અમરેલી સિટી | અમરેલી | 13 |
| 59 | ખીઝીયાખારી | અમરેલી | અમરેલી | 2 |
| 60 | લાઠી | લાઠી | અમરેલી | 12 |
| 61 | રાજુલા | રાજુલા | અમરેલી | 5 |
| 62 | સાવરકુંડલા | સાવરકુંડલા | અમરેલી | 6 |
| 63 | ગાંગડા | રાજુલા | અમરેલી | 3 |
| 64 | રાપર | રાપર | કચ્છ | 8 |
| 65 | ભેટાડા | નખત્રાણા | કચ્છ | 4 |
| 66 | તેરા | નખત્રાણા | કચ્છ | 3 |
| 67 | ગણેશનગર. ગાંધીધામ | ગાંધીધામ | કચ્છ | 7 |
| 68 | મુન્દ્રા | મુન્દ્રા | કચ્છ | 2 |
| 69 | દુધઇ | ગાંધીધામ | કચ્છ | 2 |
| 70 | નાનીવાવડી | મોરબી | મોરબી | 4 |
| 71 | વસઇ | ડભોઇ | વડોદરા | 7 |
| 72 | ગરધીયા | વડોદરા | વડોદરા | 2 |
| 73 | જાંબુગોરલ | સાવલી | વડોદરા | 3 |
| 74 | વેરાખાડી | વડોદરા | વડોદરા | 3 |
| 75 | પાવીજેતપુર | પાવીજેતપુર | છોટાઉદેપુર | 3 |
| 76 | ઉજણા | શેહરા | પંચમહાલ | 5 |

| | | | | |
|---|---|---|---|---|
| 77 | ગરબાડા | ગરબાડા | દાહોદ | 2 |
| 78 | લીમખેડા | લીમખેડા | દાહોદ | 2 |
| 79 | ખંભાત | ખંભાત | આણંદ | 9 |
| 80 | ડડુસર | મહુધા | ખેડા | 9 |
| 81 | વસો | વસો | ખેડા | 3 |
| 82 | રામપુર | વસો | ખેડા | 2 |
| 83 | ગલીયાવાડા | જુનાગઢ | જુનાગઢ | 17 |
| 84 | નગીચાણા | કેસોદ | જુનાગઢ | 3 |
| 85 | કેસોદ સિટી | કેસોદ | જુનાગઢ | 6 |
| 86 | આંકોલવોડી | કેસોદ | જુનાગઢ | 9 |
| 87 | જામનગર સિટી | જામનગર | જામનગર | 3 |
| 88 | પાલનપુર સિટી | પાલનપુર | બનાસકાંઠા | 8 |
| 89 | ડીસા | ડીસા | બનાસકાંઠા | 80 |
| 90 | ધાનેરા | ધાનેરા | બનાસકાંઠા | 50 |
| 91 | અંબાજી | દાંતા | બનાસકાંઠા | 25 |
| 92 | દાંતીવાડા | દાંતીવાડા | બનાસકાંઠા | 5 |

(સ્ત્રોત: નટ સમાજની ગુજરાતમાં આવેલ 'પરિવર્તન' સંસ્થાના પ્રમુખ શંકરભાઈ સોલંકીએ પૂરી પાડેલ માહિતીના આધારે)

(3) નટ સમુદાયનો ધર્મ અને આસ્થાઃ

નટ સમુદાયના લોકો હિન્દુ ધર્મનું પાલન કરે છે. તેઓ હનુમાનદાદાને પોતાના ઈષ્ટદેવ તરીકે ગણાવે છે. નટ સમાજની મુલાકાત પરથી જાણવા મળ્યુ છે કે પહેલા જ્યારે તેઓ અંગકસરતના દાવ કરવા જતા હતા ત્યારે નટ સમાજની સ્ત્રીઓ પોતાના ઈષ્ટદેવ હનુમાનદાદા પાસે પોતાના ભાઈ, પતિ કે પિતાની રક્ષા અર્થે પ્રાથના કરતી. નટ પોતાની સાથે એક દાબડીમાં હનુમાનજીની સ્તૃતિ લઈ જતો તેની અર્ચના કરી ચોબારીયું બાંધતો અને અંગકસરતના દાવ કરતો. હાલમાં પણ નટના ઘર હોય ત્યા હનુમાનજીનું મંદિર હોવું સહજ વાત છે. આ સમાજનો લોકો જણાવે છે કે "હાલમાં પણ હનુમાનજયંતિ નિમિતે ઈષ્ટદેવની ઉપાસના સારૂ અને અંગકસરતના દાવ કરીએ છે".

નટ સમાજમાં આવતી વિવિધ અટકો સોલંકી, પરમાર, રાઠોડ અને જાદવના લોકોના દરેકના પોતાના કૂળદેવી છે અને દરેકની કૂળદેવી અલગ અલગ છે. જેમાં સોલંકીને વિહતમા, પરમારને ખોડિયારમા, રાઠોડને ચામૂડામાં, જાદવને આશાપુરામાં આમ, બધાના



નટ, નટડા અને બાજીગર સમુદાયની વસાહતો



અલગ અલગ કૂળદેવી છે. આવું કેમ છે? તેની પાછળનો કોઈ તથ્ય મળેલ નથી. જવાબ માત્ર એટલો જ પ્રાપ્ય છે કે વડવા માનતા હતા માટે અમે માનીએ છે. એક કિસ્સામાં ધણાદ(લખતર, સુરેન્દ્રનગર)ગામની મુલાકાતમાં જાણવા મળ્યું કે "દલિતો સાથે વાસ કરતા કરતા અમે પણ તેમના કૂળદેવી અપનાવી લીધા બાકી અમારે તો એક જ ઈષ્ટદેવ હનુમાનદાદા." માતાજીના નિવેધમાં નવરાત્રીમાં જોડ રોટલીને ઘી-ગોળ સાથે ચોળી, હનુમાનજીના નિવેધમાં તેલનો મલીદો, પૂર્વજોને ચોખાનો નિવેધ કરવામાં આવે છે.

અંગકસરતના દાવ કરવા જતા નટ હનુમાનજી જેવો પોષાક ધારણ કરે છે. માથે ફેંટો, જભ્ભો અને લાલ લંગોટ.

(4) નટ સમાજમાં પ્રચલિત રીત-રિવાજોઃ

નટ સમાજમાં પ્રચલિત લગ્ન અને અંતિમ સંસ્કારની વિધિની વાત કરીએ તો હિન્દુ સમાજમાં પ્રચલિત વિધિ એટલે કે ગણેશસ્થાપના, કૂળદેવીની આરાધના, વર પક્ષ દ્વારા જાન લઈને જવું, ચોરી બાંધવી, ફેરા ફરવાં જેવી બાબતો આ સમાજમાં પણ પ્રચલિત છે. નટ સમાજમાં આણું સામાન્ય રીતે 12 મહિના પછી કરવામાં આવે છે. પરંતુ પોતાની સગવડ પ્રમાણે આણું થતુ હોય છે. નટ સમાજમાં પોતાના સમાજમાંથી પૂત્રવધુ પરણાવી લાવવાની અને પોતાના સમાજમાં જ દિકરી પરણાવવાની પરંપરા જોવા મળે છે. લગ્ન સમયે દિકરીને કરીયાવર આપવાની પરંપરા જોવા મળે છે. લગ્ન માટે દલિત જ્ઞાતિના બ્રાહ્મણ આવે છે.

અંતિમ સંસ્કારની વિધિ દલિત સાધુ સમાજ સાથે મળતી આવે છે. મૃતકની દોલી કાઢી તેમને લઈ જવામાં આવે છે અને બેઠી સમાધી આપવાની પરંપરા પ્રચલિત છે. નટ સમાજનું સ્મશાન અનુસૂચિત જાતિની જ્ઞાતિઓના સ્મશાન ભેગુ કે બાજુમાં હોય છે. ઘણા કિસ્સામાં ઘરે પણ સમાધી આપવામાં આવતી હોય છે.

(5) નટ સમાજની મુશ્કેલીઓઃ

૧. આજીવિકાની મુશ્કેલીઓ : નટ સમાજના લોકોને આજીવિકાની ખૂબ જ મુશ્કેલીઓ પડે છે. દલિત સમાજ સાથે વસી ગયેલ હોવાથી ઉચ્ચ જ્ઞાતિ પાસેથી સરળતાથી કામ મળતું નથી. બીજી બાજુ ટેલીવિઝન, સિનેમાગૃહો અને નાટ્યગૃહો તરફ લોકોની રૂચિ વધતા અંગકસરતના દાવનો ખાસ વ્યાપ ન હોવાથી એ રોજગારી અને આવક માટે સંપૂર્ણ પડી ભાગેલ વ્યવસાય બની ગયો છે. જ્યારે ગરાસના ગામોમાં ભિક્ષાવૃતિ માટે જતા ધિકાર ભર્યો ભાવ સહન કરવો પડે છે અને અલ્પ માત્રામાં નાણા પ્રાપ્ત થાય છે.

૨. ઓળખાણની મુશ્કેલી : આ સમાજના લોકો પોતાની ઓળખ નટ તરીકે આપતા સામે સવાલ ઉઠે છે કે નટ એટલે કોણ? આમ, નટ સમાજ દલિતો વચ્ચે વર્ષોથી સ્થાયી થયા હોવાના કારણે તેમણે લોકો દલિત તરીકે ઓળખે છે.

દલિતના માંગણ એટલે નટ : નટને દલિતો પોતાના માંગણ માને છે અને તેવું નટ પણ માને છે. નટને ગરાસમાં મળેલ ગામોમાં દલિત લોકોના વિસ્તારમાં તે પહેલા અંગકસરતના દાવ કરતો. અશક્ત થઈ જાય તો ભિક્ષા માંગવા જતો. આમ પરંપરા પડી ગઈ છે.

૪. સરકારી આધાર પુરાવામાં તકલીફ : હાલ ગણી સ્વૈચ્છિક સંસ્થાના પ્રયાસોના કારણે નટને આધાર પુરાવા મળી ગયા છે. જેમાં ખાસ નામ નવસર્જન ટ્રસ્ટનું આવે છે. દશેક વર્ષ પહેલા અમુક લોકો પાસે આધાર પુરાવા હોવાનું જાણવા મળે છે.

૫. રહેઠાણની મુશ્કેલીઓ : નટ સમાજ ગુજરાતની વિચરતી જાતિઓમાંની એક છે. આ સમાજ પહેલા એક ગામેથી બીજા ગામે કે જ્યાં તેઓ અંગકસરતના દાવ કરતા હતા ત્યાજ અમુક દિવસ રહેતા હતા. ત્યા તેઓ ટુંગા(ટેન્ટ પ્રકારનું)માં રહેતા. જ્યારે બીજા ગામમાં જવાનું થાય તો બધુ સમેટી બીજા ગામમાં જતા રહેતા. ત્યારબાદ એક સ્થિતિ એવી આવી કે તેઓ એક ગામમાં સ્થાયી તો થયા પરંતુ આજીવિકા માટે સ્થળાંતર કરવા લાગ્યા વર્ષના મોટાભાગના દિવસો બીજા ગામોમાં ગુજારતા. હાલની સ્થિતિએ તેઓ સંપૂર્ણ રીતે કોઈ ચોક્કસ ગામમાં વણકર કે દલિતવાસમાં સ્થાયી થયા છે પરંતુ પોતાના મકાનના દસ્તાવેજી પુરાવા મોટાભાગના નટ લોકો પાસે નથી. ઘણા શહેરી વિસ્તારોમાં ગેરકાયદેસર ઝુંપડી કે મકાન બાંધીને પણ તેઓ સ્થાયી થયેલ છે.

૬. માળખાકીય સુવિધા પ્રાપ્તિની મુશ્કેલીઓ : હાલમાં પણ મોટાભાગના નટ સમાજના લોકોના ઘરોમાં પીવાના પાણી, વિજળી, શૌચાલય, બાથરૂમ, પાણીના નિકાલની વ્યવસ્થાઓ જોવા મળતી નથી. થોડાક સુખી સંપન્ન થયેલ ઘરોમાં આ બધા પ્રકારની સુવિધાઓ છે.

૭. જાતિનો દાખલો મેળવવા પડતી મુશ્કેલીઓ : ગુજરાત રાજ્યમાં સામાન્ય રીતે નટ જાતિને ગુજરાત રાજ્યની સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિઓની યાદીમાં અનુ. નં. 53માં સમાવવામાં આવી છે. ભારત સરકારે નોકરીના હેતુ માટે જાહેર કરેલ ગુજરાતની સામાન્ય યાદીમાં અનુ. નં. 51 માં આ જાતિનો સમાવેશ થાય છે. ગુજરાત રાજ્યની સામાજિક અને શૈક્ષણિક રીતે અતિપછાત 12 જાતિઓની યાદીમાં અનુ. નં 12મા અને વધુપછાત 24 જાતિઓની યાદીમાં અનુ. નં 11માં આ જાતિનો સમાવેશ થાય છે. પરંતુ આગળની પેઢીથી પેટા જ્ઞાતિમાં લખાતા શબ્દ હરિજન નટ કે વણકર નટ કે રાજનટના કારણે આ જાતિઓનો ન તો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિ પ્રમાણપત્ર નીકળે છે ન તો અનુસૂચિત જાતિના આ કારણે દેખીતી રીતે અસ્પૃશ્ય હોવા છતા તેમને ઉચ્ચ જાતિઓની સાથે ગણવામાં આવે છે. તેવું તેમનું માનવું છે. તેઓ આ વિષય પર સરકારશ્રી સાથે 1998થી રજૂઆત કરતા આવ્યા છે. છતાય તેનું નિરાકરણ હજી સુધી આવેલ નથી.

(6) નટ જાતિ અનુસૂચિત જાતિમાં સમાવિષ્ટ હોય તેવા રાજ્યો

ગુજરાત સિવાય 14 રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશમાં આ જાતિ વસવાટ કરે છે. ભારત સરકાર દ્વારા જે અનુસૂચિત જાતિની યાદી બહાર પાડવામાં આવેલ છે તે પૈકિ નટ જાતિ જે રાજ્યમાં અનુસૂચિત જાતિની યાદીમાં આવે છે. તેની માહિતી નીચેની સારણીમાં દર્શાવવામાં આવેલ છે.

કોષ્ટક નં - ૨.૨ નટ જાતિ અનુસૂચિત જાતિમાં સમાવિષ્ટ હોય તેવા રાજ્યો

| ક્રમ | રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશનું નામ | અનુસૂચિત જાતિમાં અનુ. નં. | સ્ત્રોત |
|---|---|---|---|
| 1 | રાજસ્થાન | 48 | the Constitution (Scheduled Castes) Order, 1950 |
| 2 | ઉત્તરપ્રદેશ | 56 | the Constitution (Scheduled Castes) Order, 1950 |
| 3 | હરિયાણા | 25 | Subs. by Act 61 of 2002, s. 2 and the First Sch. |
| 4 | બિહાર | 19 | the Constitution (Scheduled Castes) Order, 1950 |
| 5 | હિમાચલ પ્રદેશ | 40 | the Constitution (Scheduled Castes) Order, 1950 |
| 6 | ઝારખંડ | 18 | the Constitution (Scheduled Castes) Order, 1950 |
| 7 | મધ્યપ્રદેશ | 41 | the Constitution (Scheduled Castes) Order, 1950 |
| 8 | પંજાબ | 25 | the Constitution (Scheduled Castes) Order, 1950 |
| 9 | પશ્ચિમ બંગાળ | 47 | the Constitution (Scheduled Castes) Order, 1950 |
| 10 | છત્તીસગઢ | 38 | the Constitution (Scheduled Castes) Order, 1950 |
| 11 | ઉતરાખંડ | 56 | the Constitution (Scheduled Castes) Order, 1950 |
| 12 | દિલ્હી | 29 | Subs. by Act 61 of 2002, s. 2 and Second Sch. |
| 13 | ચંદીગઢ | 24 | the Constitution (Scheduled Castes) Order, 1950 |
| 14 | ત્રિપુરા | 34 | the Constitution (Scheduled Castes) Order, 1950 |

આમ, ઉપરોક્ત સારણીમાં દર્શાવ્યા મુજબ આ જાતિને અન્ય રાજ્યમાં અનુસૂચિત જાતિમાં ગણવામાં આવે છે.

આમ, નટ સમાજની ઐતિહાસિક માહિતી આપણે જોઈ. તેમજ તેમને પડતી વિટંબળાઓની પણ અત્રે રજૂઆત કરી. હવે અભ્યાસ હેઠળની બીજી જ્ઞાતિ નટડા અને બાજીગરની વિસ્તારથી ચર્ચા કરીશું.

(બ) નટડા

ગુજરાત રાજ્યની સામાજિક અને શૈક્ષણિક પછાત જાતિઓની યાદીમાં અનુ. નં. 53 "નટ, બજાણિયા, બાજીગર અને નટડા" જાતિઓનો ઉલ્લેખ જોવા મળે છે. જે પૈકી નટ, નટડા અને બાજીગર જાતિઓને અનુસૂચિત જાતિમાં સમાવવા બાબતે આ અભ્યાસ થઈ રહેલ છે. વાસ્તવિકતામાં નટડા શબ્દ નટ જાતિને તોછડાઈને બોલતા હોય છે. તેમાંથી ઉદ્ભવ્યો છે. ઘણા કિસ્સામાં નટ કે મારવાડી નટ પૈકીના જે લોકો દોરડા પર અંગકસરતના દાવ કરે છે તેમને આ જાતિઓ નટડા કહે છે. ઘણી વખત આ જાતિઓ તોછડાઈ ભર્યા શબ્દથી એકબીજાને નટડા કહે છે. આમ, નટડા આ પૈકીના જ છે. પરંતુ ક્યાંક આધાર પુરાવામાં તેમણે પોતાના માટે નટડા શબ્દનો ઉપયોગ કર્યો છે. જોરાવરસિંહ જાદવ(1991) પોતાની પુસ્તક "મનોરંજન કરનારી લોકજાતિઓ"માં નટડાને નટ સમાજનો જ ચોથો પ્રકાર ગણે છે. નટ અને નટડા એક જ હોવાની અત્રે સંભાવના છે. કેમકે અભ્યાસક્ષેત્ર દરમિયાન નટડા જાતિની વસ્તી કે વસવાટ વિશે કોઈ માહિતી મળેલ નથી.

(ક) બાજીગર

ગુજરાતમાં નટ બાજીગર, નાયક બાજીગર, બાજીગર બજાણિયા કે બાજીગર જેવા નામોથી વસવાટ કરતી બાજીગર જાતિ છે. બાજીગર મૂળ સિંધ પ્રદેશના વતની હતા. 1947માં ભારત-પાકિસ્તાનના ભાગલા સમયે ઘણા બાજીગર પરિવારો ભારતમાં આવ્યા. હાલમાં પણ બાજીગરોની બોલીમાં સિંધી બોલીનો લહેકો જોવાય છે. તેમજ તેઓ પરસ્પર એકબીજા સાથે સિંધી બોલીમાં જ વાત કરે છે. ભારતામાં આવ્યા પછી તેઓ રાજસ્થાનમાં વસ્યા. રાજસ્થાન રાજ્યની સરકારે તેમને ખેતીની જમીન ફાળવી આપી હતી. પરંતુ વારંવાર દુષ્કાર પડવાના કારણે તેઓ ઘરબાર જમીન છોડી ગુજરાતમાં રોજી-રોટી અર્થે આવીને વસ્યા. પાકિસ્તાનમાં તેઓ દોરડા પર ખેલ કરવાનું કામ કરતા હતા. ખેલ કરવાની સાથે સાથે તેઓ પાકિસ્તાનના લંઘા સમુદાય પાસેથી શરણાઈ અને ઢોલ વગાડવાનું શીખ્યા હતા. આજે પણ ઢોલ અને શરણાઈ વગાડવું બાજીગર સમુદાયનો મુખ્ય વ્યવસાય છે.

(1) આજીવિકા માટેના સાધનો

બાજીગર બજાણિયાના કેટલાંક પરિવારો શરણાઈ તથા ઢોલ વગાડવાનું કામ કરે છે. પરંતુ આજે પરંપરાગત સંગીતમાં લોકોની રૂચી ઘટી ગઈ હોવાના કારણે સૌ કોઈ લગ્ન કે અન્ય ખુશીના પ્રસંગોએ બેન્ડબાજા અને ડીજે સિસ્ટમ બોલાવે છે. અમદાવાદમાં વસતા બાજીગર બજાણિયા શરણાઈ અને ઢોલ વગાડીને પોતાનું ગુજરાન ચલાવે છે. વર્ષમાં લગ્નગાળામાં તેમને કામ મળે છે બાકીનો સમય બેકારીમાં ગુજારવો પડે છે. બાજીગર સમાજમાંથી મળેલ માહિતી અનુસાર પહેલાના સમયે તેઓને દરેક સમાજમાં લગ્નમાં શરણાઈ અને ઢોલ વગાડવા બોલાવવામાં આવતા હતા. પરંતુ હાલના બેન્ડ અને ડીજેના જમાનામાં ફક્ત સિંધી સમાજમાં શરણાઈ ઢોલ વગાડવા માટે બોલાવવામાં આવે છે.

પોતાના પરંપરાગત વ્યવસાયના થતા પતનના કારણે આ સમાજના લોકોએ હવે મજુરી કામ દ્વારા રોજગારી રળવાનું શરૂ કરી દીધેલ છે. પરંતુ સ્થાનિક સ્થળે રોજગારી ન મળવાના કારણે તેઓ ગામેગામ સ્થળાંતર થવા લાગ્યા.

(2) રોજગારી અર્થે સ્થળાંતર

પરંપરાગત વ્યવસાય સાથે સંકળાયેલા બાજીગર બજાણિયા પરિવારો આજે પણ ગામેગામ ફરે છે. પહેલા તેઓ ગધેડા કે ઊંટ ઊપર સામાન લાદી સ્થળાંતર થતા ત્યા તેઓ ગામની પાદરમાં પડાવ નાખી રહેતા અથવા ગામના ચોરે રહેતા. ધીમે ધીમે ગરાસનાં ગામોએ જ તેમને પડતર જમીનમાં ઝુંપડા બાંધીને રહેવાની મંજુરી આપી અને તેઓ ત્યાં સ્થાયી થયા. સ્થાયી થયા બાદ ફક્ત પુરૂષો જ સ્થળાંતર કરવા લાગ્યા.

આ સિવાયના ખેતીની સિઝનમાં ખેતમજુરી માટે કાઠિયાવાડ અને ખેડા બાજુ પરિવાર સાથે તેઓ સ્થળાંતર કરે છે. અને લગ્નપ્રસંગોમાં અલગ અલગ જગ્યાએ ઢોલ વગાડવા પણ જાય છે.

(3) સામાજિક વ્યવસ્થા

લગ્નપ્રસંગે લગ્નના એક દિવસ અગાઉ વરઘોડિયાની પીઠી ચોળવામાં આવે છે. પીઠી ચોળેલા વરઘોડિયાના હાથમાં નાળિયેર આપી દેવદર્શને લઈ જવામાં આવે છે. દેવદર્શન થયા પછી વરઘોડિયાનાં માતા-પિતા અને કુટુંબીજનો તેમને ખાટલામાં બેસાડી હીંચકા ખવડાવે છે. આ વિધિ પાછળનું તાત્પર્ય એવું છે કે લગ્ન પછી પરણિત યુગલના સંતાનો થશે. સંતાનો થયા પછી તેમને લાડ લડાવવાનો સમય પુરો થઈ જાય. આમ, યુગલને છેલ્લીવાર પિયરિયા નાના બાળકની જેમ લાડ લડાવે છે.

લગ્નમંડપમાં લગ્નની વિધિ કરાવવા માટે કોઈ બ્રાહ્મણ હોતો નથી. મંડપની ચારે બાજુ સુતરના તાર બાંધેલા હોય છે. વરવધુ આ તારને અડકાય નહીં તેવી રીતે મંડપમાં પ્રવેશે છે અને ચાર ફેરા ફરે છે. ચાર ફેરા પછી મંડપમાંથી સુતરને અડકાય નહી એ રીતે બહાર નીકળે છે.

સમાજની અંદર અંદરના વિખવાદ નાતપંચ ઉકેલે છે. પોલીસ ફરિયાદ ક્યારેય થતી નથી. ખુબ જ હીન કાર્ય કરનાર વ્યક્તિને નાતપંચ દ્વારા પાઈનો દંડ ફટકારવામાં આવે છે. જેને પાઈનો દંડ થાય છે તે સમાજમાં મોઢુ બતાવવા લાયક રહેતો નથી.

નાતપંચ નાતની અંદરના વિખવાદો ઉકેલે છે. તે વિખવાદ ઉકેલાયા પછી બંને પક્ષકારો નાતને ફંડ આપે છે. આમ, નાતનું અનામત ભંડોળ ભેગું થાય છે. આ ભંડોળનો ઉપયોગ ધાર્મિક કે સામાજિક કાર્યમાં થાય છે.

(1) બાજીગર સમાજની મુશ્કેલીઓ

બાજીગર સમાજની મુખ્ય મુશ્કેલીઓ નીચે મુજબ જોવા મળે છે.

૧. પરંપરાગત વ્યવસાયનું પતન : આ સમાજનો પરંપરાગત વ્યવસાય દોરડા પર ચાલવાનો હતો પરંતુ હાલની પેઢીને આ ખેલ ન આવડવાના કારણે તે વ્યવસાય બાજીગર સમાજમાંથી સંપૂર્ણ રીતે અસ્ત થઇ ગયો છે. શરણાઈ અને ઢોલ વગાડવાનો વ્યવસાયમાંથી મળતી રોજગારી પણ બેન્ડ અને ડીજેના કારણે બંધ થઈ જાય છે. આમ, પરંપરાગત વ્યવસાય રોજગારી અને આવડતના અભાવના કારણેને અસ્ત થવાના આરે છે.

૨. રોજગારી અને સ્થળાંતર : પહેલા આ સમાજમાં લોકો પરંપરાગત વ્યવસાય માટે સ્થળાંતર કરતા હતા. જ્યારે અત્યારે રોજગારી પ્રાપ્ત કરવાના અર્થે સ્થળાંતર કરે છે. જેમકે ખેતીની સિઝનમાં ખેતમજુરી માટે સ્થળાંતર કરતા હોય છે.

૩. શિક્ષણનું નીચું પ્રમાણ : આર્થિક પરિસ્થિતિ નબળી હોવાના કારણે મોટાભાગના બાજીગર પોતાના બાળકોને ભણાવી શકતા નથી. દીકરો પંદર-સોળ વર્ષનો થાય એટલે માતા-પિતા તેને કોઈ ધંધામાં લગાવી દે છે. જેથી ઘરમાં આવક આવતી થાય. ગામમાં સ્થાયી થવાનાં કારણે બાળકો પ્રાથમિક શિક્ષણ તો લે છે. પરંતુ ઉચ્ચ અભ્યાસ કરતા નથી. બહેનોમાં શિક્ષણનું પ્રમાણ ખુબ જ નીચું છે.

૪. વસવાટના સ્થળે મુશ્કેલીઓ :

બજાણિયા બાજીગર ગામમાં સ્થાયી થયા. ગ્રામજનોએ તેમને સ્થાયી થવામાં મદદ કરી. પંચાયતે તેમને ઘર માટે જમીન ફાળવી. પરંતુ, ઘણા ગામોમાં આજે પણ આ જમીન તેમના નામે થઈ નથી. વર્ષોથી રહેતા હોવા છતા ઘણા ગામોમાં આજે તેમને જમીન ખાલી કરવાનું કહેવામાં આવી રહ્યુ છે.

જ્યા તેઓ વસે છે તેમાના મોટાભાગના વસવાટના સ્થળે પીવાના કે વપરાશના પાણીની કોઈ સુવિધા નથી. તેઓ પંચાયતના સામુહિક નળ કે બીજી વસાહતોના જાહેર નળમાંથી પાણી ભરી લાવે છે. ગામથી દુર વસતા બજાણિયા સીમમાં ખેડુતના બોરવેલમાંથી પાણી ભરી લાવે છે. નગર કે શહેરોમાં વસતા બજાણિયાને પાણી મેળવવા ઘણી મુશ્કેલી પડે છે. ક્યાક તેઓ વેચાતું પાણી પણ લે છે.

શહેર કે નગરમાં વસતા બજાણિયા બાજીગરના વસવાતની આસપાસમાં જાહેર શૌચાલય કે જાહેર સ્નાનાગારની વ્યવસ્થા ન હોવાના કારણે તેઓને ઘણી તકલીફ ઉઠાવવી પડે છે.

સ્થળાંતર દરમિયાન ગામડાંમાં જાય તો પીવાનું પાણી કુવેથી કે જાહેર નળમાંથી મેળવી લે છે, પરંતુ શહેરોમાં પાણી મળવું મુશ્કેલ છે. વેચાતું પાણી લેવું પડે છે.

અન્ન અસુરક્ષા :

વિચરતા વિમુક્ત સમુદાયની સાથે સાથે અન્ય વંચિત સમુદાય પણ આ બાબતમાં ઉપેક્ષિત રહ્યા છે. આ સમુદાયમાં ઘણા પાસે આજે પણ રેશનકાર્ડ નથી. જેની પાસે છે તેમાના મોટાભાગનાની એ.પી.એલ રાશનકાર્ડ છે. જેમને અનાજ મળે છે તેમને સસ્તા અનાજ દુકાનદારની દુકાન ક્યારે ખુલે છે તેની જાણ પણ હોતી નથી જેના કારણે આ લોકો જ્યારે અનાજ લેવા જાય ત્યારે સસ્તા અનાજની દુકાન બંધ હોય અથવા અનાજ વિતરણ થવાનું બાકી છે કે અનાજ વિતરણ થઈ ગયું છે તેવા બહાના બતાવી તેમના પાછા ધકેલી મુકવામાં આવે છે. તેવી તેમની ફરીયાદ છે.

૬. આવાસનો પ્રશ્ન : શહેરી વિસ્તારમાં આ જાતિના લોકો સરકારી પડતર જમીનમાં ઝુંપડીઓ બાંધીને રહેતા હોય છે. તેમને કોઈ પણ પ્રકારની સરકારી સહાયના મકાનો પ્રાપ્ત થયા હોય તેનું બોટાદના તુરખા રોડમાં વસવાત કરતા નાયક બાજીગરના કિસ્સામાં છે. પરંતુ તેમને પણ છેલ્લા ઘણા સમયથી સરકારી સહાયનો બીજો હપ્તો મળેલ નથી માટે હાલની સ્થિતિએ તેઓ ઝુંપડીમાં જ વાસ કરે છે. બીજુ કે જેટલા લોકો વસવાટ કરે છે તે બધાના આવાસ થયા નથી.

(5) બાજીગર સાથે અસ્પૃશ્યતા છે?

બાજીગર જાતિના લોકો તરફથી મળેલ માહિતી અનુસાર બાજીગર જાતિ સાથે કોઇ પણ પ્રકારનો આભડછેડ કે અસ્પૃશ્યતા જેવો વ્યવહાર કરવામાં આવતો નથી. હા એ વાત નોંધનીય છે કે આ એક સ્થળાંતરીત થતી જાતિ છે અને આર્થિક, સામાજિક અને શૈક્ષણિક રીતે ખૂબ જ પછાત છે.

(6) ગુજરાતમાં બાજીગર જાતિનો વસવાટ

બાજીગર અને બજાણિયાને સમાન માનવામાં આવતા હોવાથી તથા બાજીગરમાં પણ બાજીગર, નટ બાજીગર, બાજીગર બજાણિયા, નાયક બાજીગર અને બાજીગર જાતિઓ આવી જાય છે. બજાણિયામાં ઝાલાવાડિયા બજાણિયા, હાલારી બજાણિયા, સથવારા બજાણિયા, નાગોરા બજાણિયા, નાયક બજાણિયા, નટ બજાણિયા, ઢોલી બજાણિયા, વઢિયારી બજાણિયા, ચુંમાળિયા બજાણિયા અને બજાણિયા જાતિઓનો સમાવેશ થાય છે. તેથી કયા બાજીગર વસવાટ કરે છે અને કયા બજાણિયા વસવાટ તે મુંજવતી બાબત છે. પરંતુ જે જાતિ પોતાને બાજીગર તરીકે ઓળખાવ્યા છે તેઓ બોટાદ, ભાવનગર, સુરેન્દ્રનગર અને કચ્છ જિલ્લામાં વસવાટ કરે છે.

(7) બાજીગર જાતિ અનુસૂચિત જાતિમાં સમાવિષ્ટ હોય તેવા રાજ્યો

ગુજરાત સિવાય 6 રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશમાં આ જાતિ વસવાટ કરે છે. ભારત સરકાર દ્વારા જે અનુસૂચિત જાતિની યાદી બહાર પાડવામાં આવેલ છે તે પૈકિ બાજીગર જાતિ જે રાજ્યમાં અનુસૂચિત યાદીમાં આવે છે. તેની માહિતી નીચેની સારણીમાં દર્શાવવામાં આવેલ છે.

કોષ્ટક નં - ૨.૩ બાજીગર જાતિ અનુસૂચિત જાતિમાં સમાવિષ્ટ હોય તેવા રાજ્યો દર્શાવતું કોષ્ટક

| ક્રમ | રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશનું નામ | અનુસૂચિત જાતિમાં અનુ. નં. | સ્ત્રોત |
|---|---|---|---|
| 1 | હરિયાણા | 7 | the Constitution (Scheduled Castes) Order, 1950 |
| 2 | હિમાચલપ્રદેશ | 12 | the Constitution (Scheduled Castes) Order, 1950 |
| 3 | પંજાબ | 7 | the Constitution (Scheduled Castes) Order, 1950 |
| 4 | દિલ્હી | 7 | the Constitution (Scheduled Castes) Order, 1950 |
| 5 | ચંદીગઢ | 6 | the Constitution (Scheduled Castes) Order, 1950 |

આમ, ઉપરોક્ત સારણીમાં દર્શાવ્યા મુજબના રાજ્યમાં બાજીગર જાતિ અનુસૂચિત જાતિની યાદીમાં સમાવવામાં આવી છે.

# પ્રકરણ-3

## અભ્યાસક્ષેત્રનો પરિચય

1. સુરેન્દ્રનગર
2. રાજકોટ
3. જામનગર
4. ભાવનગર
5. બોટાદ
6. અમરેલી
7. અમદાવાદ
8. ગાંધીનગર
9. મહેસાણા
10. બનાસકાંઠા
11. કચ્છ

## પ્રકરણ-3

## અભ્યાસક્ષેત્રનો પરિચય

નટ, નટડા અને બાજીગર જ્ઞાતિઓના અભ્યાસક્ષેત્ર તરીકે કુલ 11 જિલ્લાઓની પસંદગી કરવામાં આવી છે. અને આ 11 જિલ્લાઓના અલગ અલગ કુલ 36 ગામો પસંદ કરવામાં આવ્યા છે જે નીચે મુજબ છે.

કોષ્ટક નં - ૩.૧ અભ્યાસ માટે પસંદ કરવામાં આવેલ ગામો

| ક્રમ | ગામ | તાલુકો | જિલ્લો |
|---|---|---|---|
| 1 | ટોકરાળા | લીમડી | સુરેન્દ્રનગર |
| 2 | થાન | થાન | સુરેન્દ્રનગર |
| 3 | વણા | લખતર | સુરેન્દ્રનગર |
| 4 | ધણાદ | લખતર | સુરેન્દ્રનગર |
| 5 | મોરથળા | ચોટીલા | સુરેન્દ્રનગર |
| 6 | રાજકોટ સીટી | રાજકોટ | રાજકોટ |
| 7 | રાજપરા | કોટડા સાંગાણી | રાજકોટ |
| 8 | ગોંડલ | ગોંડલ | રાજકોટ |
| 9 | ત્રાકુડા | ગોંડલ | રાજકોટ |
| 10 | કાલાવડ | કાલાવડ | જામનગર |
| 11 | ભાવનગર સીટી | ભાવનગર | ભાવનગર |
| 12 | શિહોર | શિહોર | ભાવનગર |
| 13 | તળાજા | તળાજા | ભાવનગર |
| 14 | અમરગઢ | શિહોર | ભાવનગર |
| 15 | બુઢણા | શિહોર | ભાવનગર |
| 16 | દિહોટ | તળાજા | ભાવનગર |
| 17 | શોભાવડ | તળાજા | ભાવનગર |
| 18 | ઠાડેચ | પાલીતાણા | ભાવનગર |

| | | | |
|---|---|---|---|
| 19 | વાળુકટ | ભાવનગર | ભાવનગર |
| 20 | બોટાદ સીટી | બોટાદ | બોટાદ |
| 21 | અમરેલી સીટી | અમરેલી | અમરેલી |
| 22 | લાઠી | લાઠી | અમરેલી |
| 23 | મિરોલી | દસક્રોઇ | અમદાવાદ |
| 24 | વેજલપુર | અમદાવાદ | અમદાવાદ |
| 25 | હાંસલપુર | વિરમગામ | અમદાવાદ |
| 26 | રનોડા | ધોળકા | અમદાવાદ |
| 27 | ઉનાવા | ગાંધીનગર | ગાંધીનગર |
| 28 | મોટી આદરેજ | ગાંધીનગર | ગાંધીનગર |
| 29 | પાનસર | કલોલ | ગાંધીનગર |
| 30 | નાની કડી | કડી | મહેસાણા |
| 31 | સરદારપુરા (ચિ.) | સલતાસણા | મહેસાણા |
| 32 | ડીસા | ડીસા | બનાસકાંઠા |
| 33 | ધાનેરા | ધાનેરા | બનાસકાંઠા |
| 34 | રાપર | રાપર | કચ્છ |
| 35 | ગાંધીધામ | ગાંધીધામ | કચ્છ |
| 36 | ભુજ | ભુજ | કચ્છ |

આમ ઉપરોક્ત મુજબ સૌરાષ્ટ્રના 6 જિલ્લાના કુલ 21 ગામો તથા મધ્ય ગુજરાતના બે જિલ્લાના કુલ 7 ગામો તથા ઉત્તર ગુજરાતના બે જિલ્લાના 4 ગામો અને કચ્છના કુલ ૩ ગામોનો અભ્યાસક્ષેત્રમાં સમાવેશ કરવામાં આવ્યો છે. અને તે જિલ્લાઓની માહિતી નીચે મુજબ આપવામાં આવી છે.



ક્ષેત્રકાર્ય દરમિયાન કુટુંબોની મુલાકાત



1. સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર જિલ્લો સૌરાષ્ટ્રમાં આવેલો છે. સુરેન્દ્રનગરનો કુલ વિસ્તાર 10423 ચો. કિ.મી. છે અને સુરેન્દ્રનગરની ૨૦૧૧ ની વસ્તી ગણતરી પ્રમાણે કુલ વસ્તી 1,756,268 જોવા મળે છે. તેમાં 909,917 કુલ પુરુષો તથા 846,351 સ્ત્રીઓનો સમાવેશ થાય છે. સુરેન્દ્રનગર જિલ્લાની વસ્તીગીચતા 169 જોવા મળે છે અને તેનો સાક્ષરતા દર 72.13% જોવા મળે છે. સુરેન્દ્રનગર જિલ્લાનું સ્ત્રી-પુરુષનું પ્રમાણ 930 જોવા મળે છે. જિલ્લામાં કુલ અનુસૂચિત જાતિઓની વસ્તી 179,461 જોવા મળે છે. સુરેન્દ્રનગર જિલ્લાના તાલુકા અને ગામની માહિતી નીચે મુજબ છે.

ટોકરાળા ગામ સુરેન્દ્રનગર જિલ્લાના લીમડી તાલુકામાં આવેલું છે. થાનગઢ ગામ અને મોરથળા ગામ થાન તાલુકામાં આવેલું છે અને વણા અને ધણાદ ગામ લખતર તાલુકામાં આવેલું છે. જેની માહિતી નીચે મુજબ છે.

કોષ્ટક નં - ૩.૨ સુરેન્દ્રનગર જિલ્લાના ગામોની માહિતી દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | ટોકરાળા | થાન | વણા | ધણાદ | મોરથળા |
|---|---|---|---|---|---|---|
| 1 | વિસ્તાર | 1387.03 | - | 3749.45 | 1188.15 | 1795.74 |
| 2 | વસ્તી કુલ | 2241 | 42351 | 2838 | 822 | 3375 |
| | સ્ત્રી | 1114 | 20224 | 1358 | 394 | 1651 |
| | પુરુષ | 1127 | 22127 | 1480 | 428 | 1724 |
| 3 | કુટુંબોની સંખ્યા | 446 | 8226 | 618 | 152 | 544 |
| 4 | સાક્ષરતા | 1408 | 28638 | 1887 | 466 | 1485 |
| 5 | અનુસૂચિત જાતિની વસ્તી | 399 | 8061 | 273 | 84 | 231 |

(સ્રોત: census handbook 2011 surendranagar)

સુરેન્દ્રનગર જિલ્લામાં અભ્યાસક્ષેત્ર તરીકે ઉપરોક્ત ગામોનો સમાવેશ કરેલો છે અને ઉપરોક્ત ગામો પૈકી ટોકરાળાને બાદ કરતા બીજા બધા ગામોમાં ગટરવ્યવસ્થા જોવા મળતી નથી. ગામમાં શૌચાલય લગભગ બધા ઘરોમાં જોવા મળે છે. પરંતુ તેનો ઉપયોગ ખૂબ જ ઓછા લોકો કરતા જોવા મળે છે. દરેક ગામોમાં પ્રાથમિક શાળાઓ જોવા મળે છે. દરેક ગામમાં શેરી રસ્તા જોવા મળે છે.

2. રાજકોટ

રાજકોટ જિલ્લો સૌરાષ્ટ્રમાં આવેલો છે. જિલ્લાનો કુલ વિસ્તાર 11198 ચો. કિ.મી. છે. અને જિલ્લાની કુલ વસ્તી 3,804,558 છે. તેમાં પુરુષો 1,974,445 છે જ્યારે સ્ત્રીઓ 1,830,113 છે. જિલ્લામાં કુલ કુટુંબોની સંખ્યા 783,610 જોવા મળે છે. જિલ્લાની વસ્તી ગીચતા 340 છે. અને સાક્ષરતા દર 80.96% જોવા મળે છે. જિલ્લામાં સ્ત્રી-પુરુષનું પ્રમાણ એટલે કે જાતિપ્રમાણ 927 છે. આ જિલ્લામાં અનુસૂચિત જાતિની કુલ વસ્તી 290,169 છે. આમ રાજકોટના વિવિધ ગામોનો અભ્યાસક્ષેત્ર તરીકે પસંદ કરેલ છે, તેની વિગતો નીચે મુજબ છે.

રાજપરા ગામ કોટડા સાંગાણી તાલુકામાં તથા રાજકોટ સીટી અને ગોંડલ તાલુકામાં ગોંડલ તથા ત્રાકુડાનો સમાવેશ કરેલ છ. તેની વિગતો નીચે મુજબ છે.

કોષ્ટક નં - ૩.૩ રાજકોટ જિલ્લાના ગામોની માહિતી દર્શાવતું કોષ્ટક

| ક્રમ | ગામોના નામ | વિસ્તાર | વસ્તી | | | કુટુંબોની સંખ્યા | સાક્ષરતા | અનુસૂચિત જાતિની વસ્તી |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | સ્ત્રી | પુરુષ | કુલ | | | |
| 1 | ગોંડલ | 44.28 ચો કિ.મી | 53,897 | 58,300 | 112,197 | 22620 | 19.50 | 4143 |
| 2 | રાજપરા | 1903.1 હેક્ટર | 1009 | 1117 | 2126 | 446 | 1475 | 153 |
| 3 | ત્રાકુડા | 1910.73 હેક્ટર | 1387 | 1469 | 2856 | 626 | 2171 | 410 |

(સ્રોત: census handbook 2011 rajkot)

રાજકોટ સીટીમાં પ્રાથમિક સુવિધાઓ જોવા મળે છે. પરંતુ રાજપરા ગામમાં ગટર વ્યવસ્થા નથી. ગોંડલમાં ગટર વ્યવસ્થા છે. ત્રાકુડા ગામમાં પણ ગટરની વ્યવસ્થા જોવા મળે છ. રાજકોટ અને ગોંડલને બાદ કરતા બંને ગામમાં પ્રાથમિક સુધી જ શાળા જોવા મળે છે. રાજકોટમાં અમુક વિસ્તારોમાં પીવાના પાણીની સુવિધા ઓછા પ્રમાણમાં જોવા મળે છે. એટલે કે પાણીની બોટલ વેચાતી લાવવી પડે જ્યારે બીજા ગામોમાં પાણીની સુવિધા જોવા મળે છે. રાજપરા અને ત્રાકુડા ગામમાં શેરી રસ્તા જોવા મળે છે. જ્યારે રાજકોટ અને ગોંડલમાં હાઈવે જોવા મળે છે.

3. જામનગર

જામનગર સૌરાષ્ટ્રનો મહત્વનો જિલ્લો છે. જામનગરનો કુલ વિસ્તાર 14184 ચો. કિ.મી. છે. જામનગરની કુલ વસ્તી 2,160,119 છે. તેમાં સ્ત્રીઓની વસ્તી 1,045,927 છે. જ્યારે પુરુષોની વસ્તી 1,114,192 છે. જિલ્લાના કુટુંબોની સંખ્યા 428,739 છે. જિલ્લાની વસ્તી ગીચતા 152 જોવા મળે છે. જિલ્લામાં સાક્ષરતાનું પ્રમાણ 73.65% જોવા મળે છે. જિલ્લામાં સ્ત્રી-પુરુષ ગુણોતર 939 છે. જામનગર જિલ્લામાં અનુસૂચિત જાતિની વસ્તી 173,895 છે. અભ્યાસક્ષેત્ર તરીકે જામનગર જિલ્લાનું એક ગામ કાલાવડ પસંદ કરેલ છે જેની માહિતી નીચે મુજબ છે.

કોષ્ટક નં - ૩.૪ જામનગર જિલ્લાના ગામોની માહિતી દર્શાવતું કોષ્ટક

| ગામનું નામ | વિસ્તાર | વસ્તી | | | કુટુંબોની | વસ્તી | જાતિ | અનુસૂચિત |
|---|---|---|---|---|---|---|---|---|
| | | સ્ત્રી | પુરુષ | કુલ | સંખ્યા | ગીચતા | પ્રમાણ | જાતિની વસ્તી |
| ગોંડલ | 1208.48 | 55,148 | 56,267 | 111,415 | 23650 | 112 | 969 | 13,130 |

(સ્રોત: census handbook 2011 jamnagar)

કાલાવડમાં પાકા રસ્તાઓ જોવા મળે છે. ગટર વ્યવસ્થા પણ જોવા મળે છે. શિક્ષણ માટે પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓ પણ જોવા મળે છે. કાલાવડમાં શૌચાલય લગભગ બધા જ ઘરોમાં જોવા મળે છે અને તેનો ઉપયોગ પણ થાય છે. આમ, કાલાવડ તાલુકા મથક હોવાથી અહીં પ્રાથમિક સગવડોનું પ્રમાણ સારા પ્રમાણમાં જોવા મળે છે.

4. ભાવનગર

ભાવનગર સૌરાષ્ટ્રની સંસ્કારનગરી તરીકે ઓળખાય છે. ભાવનગર જિલ્લાની કુલ વસ્તી 28,80,365 જોવા મળે છે. તેમાં કુલ પુરુષો 14,90,201 જોવા મળે છે. જ્યારે સ્ત્રીઓ 13,90,164 જોવા મળે છે. ભાવનગર જિલ્લાના કુલ કુટુંબોની સંખ્યા 5,38,605 જોવા મળે છે. જિલ્લાની વસ્તીગીચતા 287 છે. અને સાક્ષરતાનું પ્રમાણ 75.52% જોવા મળે છે. જિલ્લાનું જાતિપ્રમાણ એટલે કે સ્ત્રી-પુરુષનું 933 જોવા મળે છે. જિલ્લાં અનુસૂચિત જાતિની વસ્તી 1,57,034 જોવા મળે છે. ભાવનગર જિલ્લામાં અભ્યાસક્ષેત્ર તરીકે બાજીગર જ્ઞાતિ માટે ભાવનગર સીટી તથા નટ માટે શિહોર સીટી તથા શિહોર તાલુકાનું અમરગઢ, ભાવનગરનું વાળુકડ, શિહોરનું બુઢણા, તળાજા તાલુકાનું તળાજા સીટી, દિહોર અને શોભાવડ તથા પાલીતાણા તાલુકાનું ઠાડેચ ગામનો સમાવેશ થાય છે. જેની માહિતી નીચે મુજબ છે.

કોષ્ટક નં - ૩.૫ ભાવનગર જિલ્લાના ગામોની માહિતી દર્શાવતું કોષ્ટક

| ક્રમ | ગામોના નામ | વિસ્તાર | વસ્તી | | | કુટુંબોની | સાક્ષરતા | અનુસૂચિત |
|---|---|---|---|---|---|---|---|---|
| | | (હેક્ટરમાં) | સ્ત્રી | પુરુષ | કુલ | સંખ્યા | (%) | જાતિની વસ્તી |
| 1 | ભાવનગર | 94866.06 | 94,865 | 1,01,086 | 1,93,951 | 34,949 | 82.72 | 7195 |
| 2 | શિહોર | 68,848.95 | 76,200 | 81,489 | 1,57,689 | 28,747 | 74.77 | 11,694 |
| 3 | તળાજા | 83,117.94 | 1,36,42 | 1,42,94 | 2,79,36 | 48,707 | 70.14 | 11,694 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 0 | 5 | 5 | | | |
| 4 | પાલિતાણા | 69034.89 | 81,350 | 84,424 | 1,65,774 | 29,469 | 74.38 | 11,304 |
| 5 | વાળુકડ | 2155.70 | 3378 | 3503 | 6881 | 1158 | 4585 | 447 |
| 6 | અમરગઢ | 1499.07 | 2065 | 2113 | 4178 | 749 | 2776 | 712 |
| 7 | દિહોર | 2043.45 | 3582 | 3723 | 7305 | 1260 | 4458 | 133 |
| 8 | શોભાવડ | 745.22 | 1809 | 1845 | 3654 | 670 | 1925 | 457 |
| 9 | બુઢણા | 1414.28 | 1956 | 2055 | 4011 | 821 | 2456 | 661 |
| 10 | ઠાડેચ | 1060.77 | 2264 | 2397 | 4661 | 833 | 2891 | 174 |

(સ્રોત: census handbook 2011 bhavanagar)

ભાવનગર જિલ્લામાં ભાવનગર, શિહોર, તળાજા અને પાલીતાણાને બાદ કરતા બીજા સ્થળો ગ્રામ્ય છે. શહેરી વિસ્તારોમાં પાયાની સગવડો અને હાઈવે જોવા મળે છે જ્યારે ગ્રામીણ વિસ્તારોમાં ગટર વ્યવસ્થા જોવા મળતી નથી. ગ્રામ્ય વિસ્તારોમાં શૌચાલયની સગવડ ઓછા પ્રમાણમાં જોવા મળે છે. શૌચાલયની સગવડો છે તેનો ઉપયોગ પણ નહિવત્ત પ્રમાણમાં થાય છે. ગ્રામ્ય વિસ્તારોમાં શેરી રસ્તાઓ જોવા મળે છ. જ્યારે શહેરી વિસ્તારોમાં હાઈવે જોવા મળે છે. આમ ગ્રામ્ય વિસ્તારોમાં પાયાની સગવડો ઓછા પ્રમાણમાં જોવા મળે છે.

5. બોટાદ

બોટાદ જિલ્લાની રચના 15 ઓગષ્ટ 2013 ના રોજ થઇ હતી. બોટાદ જિલ્લાની રચના અમદાવાદના બે તાલુકા તથા ભાવનગરના બે તાલુકાથી કરવામાં આવી છે. અભ્યાસક્ષેત્ર તરીકે બોટાદ સીટીને પસંદ કરવામાં આવી છે તેની આંકડાકીય માહિતી નીચે મુજબ છે.

કોષ્ટક નં - ૩.૬ બોટાદ જિલ્લાના ગામોની માહિતી દર્શાવતું કોષ્ટક

| ક્રમ | ગામનું નામ | વિસ્તાર (હેક્ટરમાં) | વસ્તી | | | કુટુંબોની સંખ્યા | સાક્ષરતા | અનુસૂચિત જાતિની વસ્તી |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | સ્ત્રી | પુરુષ | કુલ | | | |
| 1 | ગોંડલ | 68,227.83 | 76,217 | 80,074 | 1,56,291 | 28,285 | 75.28% | 11,722 |

(સ્રોત: census handbook 2011)

બોટાદ એ બોટાદ જિલ્લાનું મુખ્યમથક છે. તેથી અહીં પ્રાથમિક સગવડો સારા પ્રમાણમાં છે. છતાં ઝુંપડપટ્ટી જેવા વિસ્તારોમાં પાયાની સગવડોનો અભાવ છે. બોટાદની વસ્તીગીચતા 382 છે. બોટાદનું જાતિપ્રમાણ 940 છે.

6. અમરેલી

અમરેલી જિલ્લાનો કુલ વિસ્તાર 7,397 ચો કિ.મી.છે. જિલ્લાની કુલ વસ્તી 15,14,190 છે તેમાં પુરુષોનું પ્રમાણ 7,71,049 છે જ્યારે સ્ત્રીઓ 7,43,141 છે. જિલ્લાના કુલ કુટુંબોની સંખ્યા 2,93,836 છે. જિલ્લાની વસ્તીગીચતા 205 જોવા મળે છે. જિલ્લામાં સાક્ષરતાનું પ્રમાણ 74.25% છે જ્યારે જિલ્લામાં સ્ત્રી-પુરુષનું પ્રમાણ 964 જોવા મળે છે. જિલ્લાની અનુસૂચિત જાતિની વસ્તી 1,32,915 છે. આમ અભ્યાસક્ષેત્રમાં અમરેલી જિલ્લાના અમરેલી સીટી અને લાઠી સીટીને પસંદ કરેલ છે. અને તેની માહિતી નીચે મુજબ છે.

કોષ્ટક નં - ૩.૭ અમરેલી જિલ્લાના ગામોની માહિતી દર્શાવતું કોષ્ટક

| ક્રમ | ગામોના નામ | વિસ્તાર (ચો.કિ.મી.) | વસ્તી | | | કુટુંબોની સંખ્યા | સાક્ષરતા | અનુસૂચિત જાતિની વસ્તી |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | સ્ત્રી | પુરુષ | કુલ | | | |
| 1 | અમરેલી | 313.80 | 188,140 | 1,98,495 | 3,86,635 | 75,796 | 83.72% | 23,564 |
| 2 | લાઠી | 574.75 | 47,063 | 48,064 | 95,127 | 18,771 | 76.41% | 8468 |

(સ્રોત: census handbook 2011 amareli)

અમરેલીની વસ્તીગીચતા 270 છે જ્યારે લાઠીની વસ્તીગીચતા 210 જોવા મળે છે. અમરેલીનું સ્ત્રી-પુરુષનું પ્રમાણ 963 છે. જ્યારે લાઠીનું સ્ત્રી-પુરુષનું પ્રમાણ 965 થાય છે. અમરેલી અને લાઠી સીટી વિસ્તારમાં પાયાની સગવડો સારા પ્રમાણમાં જોવા મળે છે. પરંતુ બાકીની ઝુપડપટ્ટી વિસ્તારોમા પાયાની સગવડોનો અભાવ જોવા મળે છે.

7. અમદાવાદ

અમદાવાદ ગુજરાત રાજ્યનું સૌથી મોટું અને ભારતનું સાતમા ક્રમનું શહેર છે. સાબરમતી નદીના કિનારે વસેલું આ શહેર અમદાવાદ જિલ્લાનું મુખ્યમથક છે. અને 1960 થી 1972 સુધી ગુજરાત રાજ્યનું પાટનગર રહી ચૂક્યું છે. અંગ્રેજી શાસન દરમ્યાન અમદાવાદ એક આધુનિક અને મોટું શહેર બની ગયું હતું. અમદાવાદ જિલ્લાનો કુલ વિસ્તાર 8107 ચો કિ.મી. છે. અમદાવાદ જિલ્લામાં કુલ 1,503,692 કુટુંબો વસવાટ કરે છે. અમદાવાદની કુલ વસ્તી 7,214,225 જોવા મળે છે. જેમાં સ્ત્રીઓની વસ્તી 3,426,174 છે જ્યારે પુરુષોની વસ્તી 3,788,051 છે. અમદાવાદ જિલ્લાની વસ્તી ગીચતા 890 છે અને તેનો સાક્ષરતા દર 85.31% છે. જિલ્લાનું જાતિપ્રમાણ 904 જોવા મળે છે. અને જિલ્લામાં અનુસુચિત જાતિની વસ્તી 759,483 છે. અમદાવાદના કુલ ચાર ગામો અભ્યાસક્ષેત્ર તરીકે પસંદ કરે છે. જેમાં અમદાવાદ સીટીનું વેજલપુર, દસકોઇ તાલુકાનું મિરોલી, ધોળકા તાલુકાનું રનોડા તથા વિરમગામ તાલુકાનું હાંસલપુરને પસંદ કરેલ છે. તેની માહિતી નીચે મુજબ છે.

કોષ્ટક નં - ૩.૮ અમદાવાદ જિલ્લાના ગામોની માહિતી દર્શાવતું કોષ્ટક

| ક્રમ | ગામનું નામ | વિસ્તાર (હેક્ટરમાં) | વસ્તી | | | કુટુંબોની સંખ્યા | સાક્ષરતા | અનુસૂચિત જાતિની વસ્તી |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | સ્ત્રી | પુરુષ | કુલ | | | |
| 1 | મીરોલી | 1107.44 | 1568 | 1689 | 3257 | 654 | 2145 | 660 |
| 2 | રનોડા | 971.72 | 1025 | 1097 | 2122 | 443 | 1458 | 882 |
| 3 | હાંસલપુર | 863.97 | 896 | 885 | 1781 | 361 | 1029 | 31 |

(સ્રોત: census handbook 2011 ahmedabad)

અમદાવાદ જિલ્લામાં વેજલપુર શહેરી વિસ્તાર હોવાથી રહેણાંક અને રોડ-રસ્તાઓની સુવિધા સારી છે. મિરોલી અમદાવાદ શહેરની નજીક હોવાથી પાયાની સુવિધાઓનો સારા પ્રમાણમાં વિકાસ થયેલો જોવા મળે છે. પરંતુ રનોડા અને હાંસલપુર ગામોમાં પાયાની સગવડો ઠીક ઠીક પ્રમાણમાં જોવા મળે છે. આ બંને ગામોમાં ગટરની વ્યવસ્થા તો જોવા મળે છે. આ બંને ગામોમાં શેરી રસ્તાઓ જોવા મળે છે અને શૌચાલયની સુવિધાઓ બધી જ જગ્યાએ સારા પ્રમાણમાં જોવા મળે છે. આમ અમદાવાદ વિકસિત હોવાના કારણે તેના ગામોને પણ તેની અસર થઇ હોવાથી આ ગામોમાં પાયાની સગવડો સારી સ્થિતિમાં જોવા મળે છે.

8. ગાંધીનગર

ગાંધીનગર ગુજરાત રાજ્યનું પાટનગર છે. ગાંધીનગર અને ચંદીગઢ એ બન્ને ભારતના રાજ્યોના પાટનગર તરીકે ખાસ યોજના કરી બનાવાયેલા છે. ગાંધીનગર નામ ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના નામ પરથી રાખવાનું સુચન 16 માર્ચ 1960 ના રોજ મુખ્યમંત્રી જીવરાજ મહેતાએ કર્યું હતું. ગાંધીનગર શહેરની સ્થાપના 2 ઓગષ્ટ 1965 ના રોજ થઇ હતી. ઇ.સ. 1971 થી ગાંધીનગર ગુજરાતની રાજધાની બન્યું. તે સમયે મુખ્યમંત્રી હિતેન્દ્રભાઇ દેસાઇ હતા. શહેરની રચનાનું આયોજન મુખ્ય સ્થપતિ (ચીફ આર્કિટેક્ટ) એચ. કે. મેવાડા અને તેમના સહયોગી પ્રકાશ એમ. આપ્ટેએ કર્યું હતું. ગાંધીનગર જિલ્લાનો કુલ વિસ્તાર 172, 474.61 હેક્ટર જોવા મળે છે. ગાંધીનગર જિલ્લાની કુલ વસ્તી 7,91,126 જોવા મળે છે. જેમાં સ્ત્રીઓની વસ્તી 3,82,690 છે જ્યારે પુરુષોની વસ્તી 4,08,436 છે. જિલ્લામાં કુલ 68,994 કુટુંબો વસવાટ કરે છે. જિલ્લાની વસ્તીગીચતા 650 જોવા મળે છે. જિલ્લામાં સાક્ષરતાનું પ્રમાણ 81.57% છે. જિલ્લાનું સ્ત્રી-પુરુષનું પ્રમાણ એટલે કે જાતિ પ્રમાણ 923 જોવા મળે છે. જિલ્લામાં 1,08,608 અનુસૂચિત જાતિની વસ્તી જોવા મળે છે. ગાંધીનગર જિલ્લાના ત્રણ ગામો અભ્યાસક્ષેત્ર તરીકે પસંદ કરેલ છે. જેમાં ગાંધીનગર તાલુકાના મોટી આદરેજ અને ઉનાવા તથા કલોલ તાલુકાના પાનસર ગામને પસંદ કરેલ છે અને તેની માહિતી નીચે મુજબ છે.

કોષ્ટક નં - ૩.૯ ગાંધીનગર જિલ્લાના ગામોની માહિતી દર્શાવતું કોષ્ટક

| ક્રમ | ગામનું નામ | વિસ્તાર (હેક્ટરમાં) | વસ્તી | | | કુટુંબોની સંખ્યા | સાક્ષરતા | અનુસૂચિત જાતિની વસ્તી |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | સ્ત્રી | પુરુષ | કુલ | | | |
| 1 | ઉનાવા | 1367 | 3241 | 3528 | 6769 | 1474 | 4961 | 578 |
| 2 | પાનસર | 1682.32 | 3971 | 4467 | 8438 | 1874 | 6257 | 1061 |
| 3 | મોટી આદરેજ | 1175.47 | 4619 | 4736 | 9355 | 1839 | 5888 | 309 |

(સ્રોત: census handbook 2011 gandhinagar)

ગાંધીનગર જિલ્લાના ઉપરોક્ત ગામમાં પાયાની સગવડો સારા પ્રમાણમાં જોવા મળે છે. દરેક ગામમાં રોડ રસ્તાઓ જોવા મળે છે. દરેક ગામમાં શૌચાલયની સગવડ પણ જોવા મળે છે. અને દરેક ગામમાં ગટરની વ્યવસ્થા પણ જોવા મળે છે. આમ, ગુજરાતની રાજધાની ગાંધીનગરથી આ ગામો નજીક હોવાથી પાયાની સગવડો સારા પ્રમાણમાં જોવા મળે છે.

૭. મહેસાણા

મહેસાણા જિલ્લો ગુજરાતનાં ઇશાન ખુણે આવેલો છે. જિલ્લાનું વહીવટી વડું મથક મહેસાણા શહેર છે. ચાવડા વંશના મેહસાજી ચાવડાએ મહેસાણાની સ્થાપના કરી હતી. આ જિલ્લામાં 606 થી વધારે ગામો છે. જિલ્લાનો કુલ વિસ્તાર 4401 ચો કિ.મી. જોવા મળે છે. 2011 ની વસ્તી ગણતરી પ્રમાણે જિલ્લાની કુલ વસ્તી 2,035,064 છે જેમા પુરુષો 1,056,520 છે અને સ્ત્રીઓ 9,78,544 છે. જિલ્લામા કુલ કુટુંબો 423,463 જોવા મળે છે. જિલ્લાની વસ્તીગીચતા 462 છે. અને જિલ્લાનો સાક્ષરતા દર 83.61 જોવા મળે છે. જિલ્લાનું જાતિ પ્રમા 926 જોવા મળે છે. અને જિલ્લામાં કુલ અનુસૂચિત જાતિની વસ્તી 1,62,288 જોવા મળે છે.

મહેસાણા જિલ્લાના બે ગામોને અભ્યાસક્ષેત્ર તરીકે પસંદ કરેલ છે. જેમાં કડી, તાલુકાનું નાની કડી ગામ અને સતલામણા તાલુકાનું સરદારપુરા (ચિ.) ગામને પસંદ કરેલ છે અને તેની માહિતી નીચે મુજબ છે.

કોષ્ટક નં - ૩.૧૦ મહેસાણા જિલ્લાના ગામોની માહિતી દર્શાવતું કોષ્ટક

| ક્રમ | ગામનું નામ | વિસ્તાર (હેક્ટરમાં) | વસ્તી | | | કુટુંબોની સંખ્યા | સાક્ષરતા | અનુસૂચિત જાતિની વસ્તી |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | સ્ત્રી | પુરુષ | કુલ | | | |
| 1 | નાની કડી | - | 3598 | 3255 | 6853 | 1475 | 5917 | 172 |
| 2 | સરદારપુરા (ચિ.) | 391.21 | 1203 | 1276 | 2479 | 503 | 1384 | 269 |

(સ્રોત: census handbook 2011 mahesana)




ક્ષેત્રકાર્ય દરમિયાન કુટુંબોની મુલાકાત



મહેસાણા જિલ્લાના નાના કડી ગામમાં પાયાની સગવડો સારા પ્રમાણમાં જોવા મળે છે. કારણ કે નાની કડી ગામ કડી તાલુકાથી નજીક જ છે. તેથી પાયાની સગવડો ખુબ જ સારી જોવા મળે છે અને શૌચાલયની સગવડ સારા પ્રમાણમાં જોવા મળે છે અને ગટરની વ્યવસ્થા પણ સારા પ્રમાણમાં જોવા મળે છે.

10. બનાસકાંઠા

બનાસકાંઠા જિલ્લો સૌથી ઉત્તરે આવેલ જિલ્લો છે. પાલનપુર તેનું મુખ્યમથક છે. બનાસકાંઠા જિલ્લો અંબાજી (યાત્રાધામ), ડીસા (બટાકા માટે પ્રખ્યાત, વેપારીમથક) પાલનપુર (મુખ્યમથક, હીરા ઉદ્યોગનું કેન્દ્ર) માટે પ્રખ્યાત છે. બનાસ નદી પરથી આ જિલ્લાનું નામ બનાસકાંઠા પડેલ છે. જિલ્લાનો કુલ વિસ્તાર 12,703 ચો કિ.મી. છે અને તે રાજ્યમાં વિસ્તારની દૃષ્ટિએ બીજો ક્રમ ધરાવે છે. બનાસકાંઠા જિલ્લાની કુલ વસ્તી 27,05,591 છે. જેમાં પુરુષોની વસ્તી 13,93,741 છે જ્યારે સ્ત્રીઓની વસ્તી 13,11,850 છે. જિલ્લામાં કુલ કુટુંબોની સંખ્યા 5,60,411 છે. જિલ્લાની વસ્તી ગીચતા 290 છે. જિલ્લાનો સાક્ષરતા દર 65.32 છે. બનાસકાંઠા જિલ્લાનું જાતિ પ્રમાણ 915 છે. અનુસૂચિત જાતિની વસ્તીની સંખ્યા જિલ્લામાં 3,27,460 જોવા મળે છે.

બનાસકાંઠા જિલ્લામાં અભ્યાસક્ષેત્ર તરીકે ધાનેરા અને ડીસાને પસંદ કરેલ છે જેની માહિતી નીચે મુજબ છે.

કોષ્ટક નં - ૩.૧૧ બનાસકાંઠા જિલ્લાના ગામોની માહિતી દર્શાવતું કોષ્ટક

| ક્રમ | ગામનું નામ | વિસ્તાર (હેક્ટરમાં) | વસ્તી | | | કુટુંબોની સંખ્યા | સાક્ષરતા | અનુસૂચિત જાતિની વસ્તી |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | સ્ત્રી | પુરુષ | કુલ | | | |
| 1 | ડીસા | 1,43,740.70 | 2,29,145 | 2,42,824 | 4,71,969 | 83,378 | 3,22,917(65.40) | 53511 |
| 2 | ધાનેરા | 79,965.49 | 97,038 | 1,04,125 | 2,01,163 | 32,390 | 1,12,043(58.98) | 28,678 |

(સ્રોત: census handbook 2011 banaskantha)

બનાસકાંઠા ઉપરોક્ત બંને સ્થળો તાલુકામથક હોવાથી આ બંને શહેરોમાં પાયાની સગવડો સારા પ્રમાણમાં જોવા મળે છે. ડીસા પાણીની સુવિધા, ગટરવ્યવસ્થા, શૌચાલય, રોડરસ્તા, શિક્ષણ અને આરોગ્યની સુવિધા સારા પ્રમાણમાં જોવા મળે છે. જ્યારે ધાનેરામાં અમુક ઝુપડપટ્ટી વિસ્તારોમાં ગંદકી અને સ્વચ્છતાનો સૌથી મોટો પ્રશ્ન છે. ધાનેરામાં અમુક વિસ્તારોમાં ગટર ભરાઇ જાય છે. આમ, ડીસામાં સારી પાયાની સુવિધાઓ મળે છે જ્યારે ધાનેરામાં થોડાક અંશે ખામી જોવા મળે છે.

11. કચ્છ

કચ્છ જિલ્લો ભારત દેશના પશ્ચિમી ભાગમાં આવેલા ગુજરાત રાજ્યમાં આવેલો સૌથી મોટો જિલ્લો છે. 45,652 ચો કિ.મી.ના ક્ષેત્રફળમાં પથરાયેલો કચ્છ જિલ્લો ભારત દેશના વિસ્તારની દૃષ્ટિએ સૌથી મોટો જિલ્લો છે. એમ કહેવાય છે કે કચ્છનું નામ તેના કાચબા જેવા આકારને કારણે પડ્યું હશે. પ્રાચીન મહાનાગર ધોળાવીરા, કે જે પુરાતન સિંધુ સંસ્કૃતિ વિકસી હતી ત્યારનું ગણાય

છે. તે કચ્છ જિલ્લામાં ભચાઉ તાલુકાના ખડીર પ્રદેશમાં આવેલ છે અહીં અન્ય વિસ્તારોમાં પણ પ્રાચીન અશ્મિઓ મળી આવેલ છે, જેનું સંશોધન કાર્ય ચાલુ છે. જિલ્લાની કુલ વસ્તી 13,63,836 છે જેમાં કુલ સ્ત્રીઓની વસ્તી 6,50,312 જોવા મળે છે. જ્યારે પુરુષોની વસ્તી 7,13,524 જોવા મળે છે. જિલ્લામાં કુલ કુટુંબોની સંખ્યા 4,45,672 છે. કચ્છની વસ્તી ગીચતા 46 જોવા મળે છે. કચ્છમાં સાક્ષરતાનું પ્રમાણ 64.92 જોવા મળે છે. કચ્છનું જાતિ પ્રમાણ 908 જોવા મળે છે. કચ્છમાં એસ.સી. વસ્તીનુ પ્રમાણ 1,70,304 જોવા મળે છે.

કચ્છ જિલ્લામાં અભ્યાસક્ષેત્ર તરીકે રાપર, ગાંધીધામ નટ જ્ઞાતિ માટે જ્યારે ભુજને નટ-બાજીગર જ્ઞાતિ માટે પસંદ કરેલ છે. જેની માહિતી નીચે મુજબ છે.

કોષ્ટક નં - ૩.૧૨ કચ્છ જિલ્લાના ગામોની માહિતી દર્શાવતું કોષ્ટક

| ક્રમ | ગામનું નામ | વિસ્તાર (હેકટરમાં) | વસ્તી | | | કુટુંબોની સંખ્યા | સાક્ષરતા | અનુસૂચિત જાતિની વસ્તી |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | સ્ત્રી | પુરુષ | કુલ | | | |
| 1 | ભુજ સીટી | 2,30,94.15 | 1,12,765 | 1,16,990 | 2,29,755 | 33,402 | 61.01 | 29,146 |
| 2 | રાપર | 2,97,183.99 | 92,231 | 96,677 | 1,88,908 | 5739 | 52.71 | 21,005 |
| 3 | ગાંધીધામ સીટી | 29.58 ચો.કિમી. | 1,16,508 | 1,31,484 | 2,47,992 | 54,565 | 77.92 | 50,479 |

(સ્રોત: census handbook 2011 bhuj)

ભુજ સીટીની વસ્તી ગીચતા 98 છે. અને જાતિ પ્રમાણ 943 જોવા મળે છે. રાપરની વસ્તીગીચતા 72 છે અને જાતિ પ્રમાણ 957 જોવા મળે છે. અને ગાંધીધામ સીટીની વસ્તીગીચતા 1876 છે અને જાતિપ્રમાણ 877 સૌથી વધારે જોવા મળે છે. આમ, ગાંધીધામ સીટીની વસ્તીગીચતા સૌથી વધારે જોવા મળે છે અને આમાં રાપર અને ગાંધીધામ તાલુકા મથક છે, જ્યારે ભુજ એ જિલ્લામથક હોવાથી પાયાની સગવડો પુરતા પ્રમાણમાં મળી રહે છે. ગાંધીધામ વિકસિત શહેર હોવાથી ગાંધીધામમાં પણ પાયાની સગવડો પૂરતા પ્રમાણમાં મળી રહે છે. જ્યારે રાપરમાં ગંદકી જોવા મળે છે તથા સ્વચ્છતાનો અભાવ જોવા મળે છે. રાપરમાં અમુક વિસ્તારોમાં ગટર ભરાઇ જવાની સમસ્યાઓ જોવા મળે છે.

# પ્રકરણ-4

## પ્રાથમિક માહિતીનું વિશ્લેષણ

1. પ્રસ્તાવના
2. વસ્તી વિષયક માહિતી
3. આર્થિક માહિતી
4. સામાજિક માહિતી
5. અસ્પૃશ્યતા અંગેની માહિતી
6. કેશ સ્ટડી

# પ્રકરણ-4

## પ્રાથમિક માહિતીનું વિશ્લેષણ

### પ્રસ્તાવના

પ્રસ્તુત પ્રકરણમાં અભ્યાસક્ષેત્રમાંથી મળેલ પ્રાથમિક માહિતી કે જે ક્ષેત્રકાર્ય મદદનીશોને નિર્ધારિત અનુસૂચિમાં પ્રાપ્ત થયેલ છે. તેનું વિશ્લેષણ કરવામાં આવેલ છે. આ માહિતીને અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હેઠળ તપાસ કરવા આપેલ નટ, નટડા અને બાજીગર જ્ઞાતિઓમાં વર્ગીકૃત કરવામાં આવેલ છે, તે સિવાય હરિજન કે વણકર નટ જેમની અનુસૂચિત જાતિમાં સમાવવા માટેની રજૂઆત છે. તેમજ તેઓના પ્રમાણપત્ર કે પૂરાવામાં હરિજન/વણકર નટ તરીકે લખાયેલ છે તેમનો પણ વર્ગીકરણમાં સમાવેશ કરવામાં આવેલ છે.

પ્રકરણના સમાવિષ્ટ મુદ્દામાં વસ્તી વિષયક માહિતી, આર્થિક અને સામાજિક માહિતી અને અસ્પૃશ્યતા અંગેની માહિતીનો સમાવેશ કરવામાં આવેલ છે. તે સિવાય હરિજન/વણકર નટ જાતિના કેટલાક લોકોની કરવામાં આવેલ એકમ તપાસની માહિતી મુકવામાં આવેલ છે.

### (અ) વસ્તી વિષયક માહિતી

વસ્તી વિષયક માહિતીમાં ઉત્તરદાતાઓની જ્ઞાતિ, પેટાજ્ઞાતિ, કુટુંબના સભ્યોની જાતિ, ઊંમર, શિક્ષણ વ્યવસાયની માહિતી દર્શાવવામાં આવેલ છે.

- કુટુંબના સભ્યોની જ્ઞાતિ

અભ્યાસ હેઠળના તમામ ઉત્તરદાતાના કુટુંબોની જ્ઞાતિ હિન્દુ જ્ઞાતિ જોવા મળે છે.

- કુટુંબના સભ્યોની પેટાજ્ઞાતિ

અત્રે 4 પેટાજ્ઞાતિઓ ધ્યાનમાં લેવામાં આવેલ છે. જેમાં નટ, નટડા, બાજીગર અને હરિજન/વણકર નટનો સમાવેશ કરવામાં આવેલ છે.

કોષ્ટક નં - ૪.૧ કુટુંબના સભ્યોની પેટાજ્ઞાતિ દર્શાવતું કોષ્ટક

| પેટાજ્ઞાતિ | સંખ્યા (ટકા) |
|---|---|
| નટ | 164 (32.35) |
| બાજીગર/નટ બાજીગર | 132 (26.04) |
| હરિજન/વણકર નટ | 211 (41.61) |
| કુલ | 507 (100.00) |

પ્રમાણપત્રોમાં લખાયેલ પેટાજ્ઞાતિની પૂછપરછ કરતા કંઈક ઉપરોક્ત મુજબનું ચિત્ર ધ્યાને આવ્યું છે. માહિતી આપનાર ઉત્તરદાતામાં ઉત્તરદાતામાં સૌથી વધુ ઉત્તરદાતાના હરિજન નટ/વણકર નટ ત્યારબાદ ઉતરતા ક્રમે નટ અને બાજીગર/નટ બાજીગર જ્ઞાતિના ઉત્તરદાતાઓ જોવા મળે છે. નટડા જાતિના કોઈ ઉત્તરદાતા પ્રાપ્ત નથી. જ્ઞાતિઓના આગેવાનોના જણાવ્યા મુજબ નટડા એ તોછડાઈ ભર્યો શબ્દ જે જેને ઉચ્ચ ગણાતી જ્ઞાતિના લોકો આ જ્ઞાતિઓના લોકોની ગેરહાજરીમાં સંબોધતા હોય છે. તે ઉપરાંત ક્ષેત્રકાર્ય દરમિયાન પણ ક્ષેત્રકાર્ય મદદનીશોને અન્ય જ્ઞાતિ સાથે થયેલ વાતચીતમાં આ જ્ઞાતિઓ માટે નટડા શબ્દ સાંભળવા મળેલ છે.

સામાજિક રીતરિવાજો :

નોંધ : વિધવા બહેનોની સાથે ૨૧૭ બહેનો એકલા રહેતા જોવા મળ્યા છે. એટલે કે ૦.૪ ટકા બહેનો કુટુંબથી અલગ રહેતી જોવા મળી છે. જેની નોંધ વિધવા બહેનો સાથે કરી છે. જેનો અલગ ઉલ્લેખ જાતિવાર વૈવાહિક દરજ્જાની વિગત દર્શાવતા કોઠા નં.૪.૩.૧માં જોવા મળે છે.

સામાજિક રિતરિવાજો :

- કુટુંબના સભ્યોની જાતિ

જાતિ અથવા લિંગ એ વ્યકિતની વ્યકિતગત તથા સામાજિક પાશ્વભૂમિકા દર્શાવતં‌ુ એક અગત્યનું પરિબળ છે. જાતિ દરજ્જોએ વ્યકિતના સામાજિક વલણો, તેની કાર્ય ભૂમિકાઓ વગેરે નક્કી કરવામાં મહત્વનો ભાગ ભજવે છે. આ સંદર્ભમાં પ્રસ્તુત અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓના કુટુંબના સભ્યોની જાતિમાં સ્ત્રી અને પુરૂષનો સમાવેશ કરવામાં આવેલ છે.

કોષ્ટક નં - ૪.૨ કુટુંબના સભ્યોની જાતિ દર્શાવતું કોષ્ટક

| પેટાજ્ઞાતિ | સ્ત્રી | પુરૂષ | કુલ | કુટુંબનું કદ | જાતિપ્રમાણ |
|---|---|---|---|---|---|
| નટ | 413 | 419 | 832 | 5 | 986 |
| બાજીગર/નટ બાજીગર | 400 | 399 | 799 | 6 | 1003 |
| હરિજન/વણકર નટ | 463 | 530 | 993 | 5 | 874 |
| કુલ | 1276 | 1348 | 2624 | 5 | 947 |

અહીં જોઈ શકાય છે કે અભ્યાસમાં પસંદ કરેલ કુલ કુટુંબોનુ કુટુંબ કદ સરેરાશ 5 જોવા મળે છે. નટમાં 5, બાજીગર નટમાં 6 અને હરિજન નટમાં 5 કુટુંબ કદ જોવા મળે છે.


અભ્યાસમાં પસંદ કરેલા કુટુંબોમાં જાતિ પ્રમાણ 947 જોવા મળે છે. જેમાં સૌથી વધુ બાજીગર નટમાં 1003, નટમાં 986 અને હરુજન નટમાં સૌથી ઓછુ 874 જોવા મળે છે.

આમ, ઉકત સારણી મુજબ સૌથી વધુ જાતિપ્રમાણ બાજીગર જાતિના લોકોમાં જોવા મળે છે જ્યારે હરિજન/વણકર નટમાં જાતિપ્રમાણ ઘણું નીચું જોવા મળે છે. દરેક જ્ઞાતિઓમાં કુટુંબનું કદ લગભગ 5-6 સભ્યોનું જોવા મળે છે.

- વયજૂથ

ઉંમર એ જૈવિક બાબત છે કે જે વ્યકિતનો સામાજિક દરજ્જો નકકી કરતું અગત્યનું પરિબળ છે. ઉંમર વ્યકિતની કાર્યક્ષમતા અથવા કાર્યભૂમિકા ભજવવાની શકિતની બાબતમાં પણ નિર્ણાયક ભૂમિકા ભજવે છે. સામાન્ય રીતે બાળકો અને વૃધ્ધોનું પ્રમાણ ઉત્પાદકીય શ્રમમાં ઓછું હોય છે. જયારે યુવાવર્ગોનું (૧૮ થી ૫૦) ઉત્પાદકીય શ્રમમાં પ્રમાણ વધારે હોય છે. આમ વ્યકિતની ઉંમર આર્થિક બાબતોને પણ અસર કરે છે. અભ્યાસક્ષેત્રના ગામોમાં પસંદ કરવામાં આવેલ ઉત્તરદાતાઓની ઉંમરની માહિતી નીચે મુજબ જોઇ શકાય છે.

કુટુંબના સભ્યોને 0 થી 6 વર્ષ, 7 થી 14 વર્ષ, 15 થી 25 વર્ષ, 25 થી 35 વર્ષ, 35 થી 50 વર્ષ અને 50 વર્ષથી વધુમાં વિભાજિત કરવામાં આવેલ છે.


નટ,નટડા અને બાજીગર જાતિઓમાં જાતિ પ્રમાણ
1050
1000
950
900
850
800
986
1003
874
947
નટ
બાજીગર/નટ બાજીગર
હરિજન/વણકર નટ
કુલ

કોષ્ટક નં - ૪.૩ કુટુંબના સભ્યોની વયજૂથ દર્શાવતું કોષ્ટક

| પેટાજ્ઞાતિ | 0-6 | 7-14 | 15-25 | 26-35 | 36-50 | 51 થી વધુ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| નટ | 96 | 146 | 227 | 122 | 149 | 92 | 832 |
| ટકા | 11.54 | 17.55 | 27.28 | 14.66 | 17.91 | 11.06 | 100 |
| બાજીગર/ નટ બાજીગર | 136 | 154 | 242 | 114 | 117 | 36 | 799 |
| ટકા | 17.02 | 19.27 | 30.29 | 14.27 | 14.64 | 4.51 | 100 |
| હરિજન/ વણકર નટ | 119 | 121 | 256 | 175 | 165 | 157 | 993 |
| ટકા | 11.98 | 12.19 | 25.78 | 17.62 | 16.62 | 15.81 | 100 |
| કુલ | 351 | 421 | 725 | 411 | 431 | 285 | 2624 |
| ટકા | 13.38 | 16.04 | 27.63 | 15.66 | 16.43 | 10.86 | 100 |

સારણી પરથી જણાય છે કે સૌથી વધુ સભ્યો 15 થી 25 વર્ષની વયજૂથના છે જ્યારે સૌથી ઓછા 50 વર્ષની વયજૂથના છે. કુલ સભ્યોમાં અડધાથી વધુ(57.72%) સભ્યો 25 થી 50 વર્ષની વયના છે. જેના પરથી તારવી શકાય કે રોજગારી ક્ષેત્ર સાથે જોડાઈ શકે તેવા લોકોનું પ્રમાણ ઘણું સારુ છે. 29.42 ટકા કુટુંબના સભ્યો એવા છે કે જેમની વય 14 વર્ષથી ઓછી છે તે ઉપરાંત 10.86 ટકા લોકો એવા છે કે જેઓની ઉંમર 50 વર્ષથી વધુ છે. આમ આ બંને વયજૂથના લોકોનું પ્રમાણ જોતા એવું તારવી શકાય કે કુટુંબના સભ્યોમાં ત્રીજા ભાગના સભ્યો એવા હશે કે જેઓ રોજગારી ક્ષેત્ર સાથે જોડાઈ શકે તેમ નથી, બાકી 2/3 સભ્યો જોડાઈ શકે તેમ છે.

• સભ્યોમાં શિક્ષણ પ્રમાણ


સમાજ વ્યવસ્થાની મુખ્ય ૫ વ્યવસ્થાઓમાં શિક્ષણ સંસ્થા એ પાયાની અને મહત્વની સંસ્થા છે. આજે આર્થિક, સામાજિક અને રાજકીય ક્ષેત્રે નિર્ણયો લેવામાં શિક્ષણે મહત્વનો ભાગ ભજવ્યો છે. ગ્રામીણ અર્થતંત્ર તેમજ અનુસૂચિત જાતિમાં સંસ્કૃતિ, રીતરિવાજો, રૂઢિઓ, અંધશ્રધ્ધા વગેરેમાં શિક્ષણના કારણે ઘણા પરિવર્તન આવેલા છે. શિક્ષણ એ સામાજિક અને આર્થિક વિકાસ તથા પરિવર્તન માટે મહત્વનું પરિબળ છે.

સભ્યોના શિક્ષણ અંગેની માહિતીમાં પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક, ઉચ્ચશિક્ષણ અને ટેકનિકલ શિક્ષણ મેળવેલ લોકોનું પ્રમાણ તેમજ શિક્ષિત સભ્યોનું તથા સાક્ષરતાનું પ્રમાણ દર્શાવવામાં આવેલ છે. તથા નિરક્ષર લોકોનું પ્રમાણ તેમજ તેવા 0 થી 7 વર્ષના એવા બાળકો જે હજી શિક્ષણ પ્રવૃત્તિ સાથે સંકળાયેલ નથી તેમને 'લાગુ પડતુ નથી'માં દર્શાવેલ છે. અભ્યાસમાં આવરેલ કુટુંબોના સભ્યોની શૈક્ષણિક સ્થિતિ નીચે મુજબ દર્શાવેલ છે.

કોષ્ટક નં - ૪.૪ કુટુંબના સભ્યોમાં શિક્ષણનું પ્રમાણ દર્શાવતું કોષ્ટક

| પેટાજ્ઞાતિ | પ્રાથમિક | માધ્યમિક | ઉચ્ચ માધ્યમિક | ઉચ્ચ શિક્ષણ | શિક્ષિતો/ સાક્ષરતાનું પ્રમાણ | લાગુ પડતુ નથી | નિરક્ષર | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| નટ | 440 | 122 | 27 | 7 | 596 | 83 | 153 | 832 |
| ટકા | 52.88 | 14.66 | 3.25 | 0.84 | 71.63 | 9.98 | 18.39 | 100.00 |
| બાજીગર/ નટ બાજીગર | 308 | 41 | 6 | 0 | 355 | 117 | 327 | 799 |
| ટકા | 38.55 | 5.13 | 0.75 | 0.00 | 44.43 | 14.64 | 40.93 | 100.00 |
| વણકર/ હરિજન નટ | 441 | 137 | 23 | 14 | 615 | 107 | 271 | 993 |
| ટકા | 44.41 | 13.80 | 2.32 | 1.41 | 61.93 | 10.78 | 27.29 | 100.00 |
| કુલ | 1189 | 300 | 56 | 21 | 1566 | 307 | 751 | 2624 |
| ટકા | 45.31 | 11.43 | 2.13 | 0.80 | 59.68 | 11.70 | 28.62 | 100.00 |

અભ્યાસમાં કુલ સાક્ષરતા 72.38 ટકા જોવા મળી છે. સૌથી વધુ સાક્ષરતા નટ જાતિમાં 81.61 ટકા, વણકર નટમાં 72.71 ટકા અને બાજીગર નટમાં 59.07 ટકા સાક્ષરતા જોવા મળે છે. સૌથી વધુ પ્રાથમિક શિક્ષણ મેળવેલ લોકોનું પ્રમાણ વધારે છે. ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલ હોય તેવા ઘણા ઓછા સભ્યો છે. સભ્યોના માત્ર 2 ટકા લોકોએ જ ઉચ્ચ માધ્યમિક શિક્ષણ મેળવેલ છે. અભ્યાસ હેઠળની જાતિઓમાં સૌથી ઓછુ શિક્ષણનું પ્રમાણ બાજીગર/નટ બાજીગર જાતિનું જોવા મળે છે. પુરૂષોની સરખામણીમાં સ્ત્રીઓમાં સાક્ષરતાનું પ્રમાણ નીચે મુજબ છે.


નટ,નટડા અને બાજીગર કુટુંબોમાં સાક્ષરતા
90
80
70
60
50
40
30
20
10
0
81.61
59.07
72.71
71.38
નટ
બાજીગર/નટ બાજીગર
વણકર/હરિજન નટ
કુલ

• સ્ત્રી-પુરૂષમાં સાક્ષરતા

કોષ્ટક નં - ૪.૫ સ્ત્રી-પુરૂષમાં સાક્ષરતા દર્શાવતું કોષ્ટક

| પેટાજ્ઞાતિ | શિક્ષિતો | | | લાગુ પડતુ નથી | | | નિરક્ષર | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ | |
| નટ | 341 | 255 | 596 | 38 | 45 | 83 | 45 | 108 | 153 | 832 |
| ટકા | 57.21 | 42.79 | 100.00 | 45.78 | 54.22 | 100.00 | 29.41 | 70.59 | 100.00 | |
| બાજીગર/ નટ બાજીગર | 197 | 158 | 355 | 57 | 60 | 117 | 144 | 183 | 327 | 799 |
| ટકા | 55.49 | 44.51 | 100.00 | 48.72 | 51.28 | 100.00 | 44.04 | 55.96 | 100.00 | |
| વણકર/ હરિજન નટ | 369 | 246 | 615 | 55 | 52 | 107 | 107 | 164 | 271 | 993 |
| ટકા | 60.00 | 40.00 | 100.00 | 51.40 | 48.60 | 100.00 | 39.48 | 60.52 | 100.00 | |
| કુલ | 907 | 659 | 1566 | 150 | 157 | 307 | 296 | 455 | 751 | 2624 |
| ટકા | 57.92 | 42.08 | 100.00 | 48.86 | 51.14 | 100.00 | 39.41 | 60.59 | 100.00 | |

અભ્યાસમાં સ્ત્રી શિક્ષિતોનું પ્રમાણ ઘણું જ ઓછું જોવા મળે છે. અભ્યાસ હેઠળની જ્ઞાતિમાં વણકર/હરિજન નટ જ્ઞાતિઓમાં સ્ત્રી શિક્ષણનું પ્રમાણ અન્ય જ્ઞાતિ કરતા ઓછું છે. નિરક્ષરોમાં સ્ત્રીઓનું પ્રમાણ વધારે છે. આના પરથી તારવી શકાય કે ઉક્ત જ્ઞાતિઓમાં સ્ત્રી શિક્ષણનું પ્રમાણ ઘણું જ ઓછું છે.

• ગ્રામીણ અને શહેરી વસ્તીનું પ્રમાણ

રાજ્યમાં અનુસૂચિત જાતિ શહેરો કે શહેરોની નજીકના ગામોમાં વસવાટ કરતી જોવા મળે છે. પ્રસ્તુત અભ્યાસ હેઠળની જ્ઞાતિઓમાં કેટલાક કુટુંબો ગ્રામીણ વિસ્તારોમાં વસવાટ કરે છે તો કેટલાક શહેરી વિસ્તારમાં. અભ્યાસમાં આવરેલ કુટુંબોમાંકેટલા ગ્રામિણ વિસ્તારમાં અને કેટલા શહેરી વિસ્તારમાં વસવાટ કરે છે તેની વિગત નીચેના કોષ્ટક પરથી જોઈ શકાય છે.

કોષ્ટક નં - ૪.૬ ગ્રામીણ અને શહેરી વસ્તીનું પ્રમાણ દર્શાવતું કોષ્ટક

| પેટાજ્ઞાતિ | ગ્રામીણ | શહેરી | કુલ |
|---|---|---|---|
| નટ | 257 | 575 | 832 |
| ટકા | 30.89 | 69.11 | 100.00 |
| બાજીગર/ નટ બાજીગર | 0 | 799 | 799 |
| ટકા | 0.00 | 100.00 | 100.00 |
| વણકર/ હરિજન નટ | 731 | 262 | 993 |
| ટકા | 73.62 | 26.38 | 100.00 |
| કુલ | 988 | 1636 | 2624 |
| ટકા | 37.65 | 62.35 | 100.00 |

કોષ્ટક પરથી જણાય છે કે કુલ સભ્યોમાં શહેરી વિસ્તારમાં વસતા લોકોનું પ્રમાણ 62.35 ટકા છે. જ્યારે ગ્રામીણ વિસ્તારમાં વસવાત કરતા 37.65 ટકા કુટુંબો જોવા મળે છે. નટ જાતિમાં 69.11 ટકા શહેરમાં અને 30.89 ટકા ગ્રમીણ વિસ્તારમાં, વણકર નટમાં 26.38 ટકા શહેરમાં અને 73.62 ટકા ગ્રામીણ વિસ્તારમાં તથા બાજીગર જાતિમાં ગ્રામીણ વિસ્તારમાં વસવાટ કરતું એક પણ કુટુંબ મળેલ નથી. જ્યારે વણકર નટમાં ગ્રામીણ વિસ્તારમાં વસવાટ કરતા લોકોનું પ્રમાણ વધારે છે. આના પરથી તારવી શકાય કે આ જ્ઞાતિઓ સ્થળાંતર કરતા કરતા શહેરોમાં કે શહેરોની નજીક આવીને વસવાટ કરવા લાગી છે.

- કુટુંબો પાસે જોવા મળતા આધાર પૂરાવા

જરૂરી આધાર પૂરાવામાં ચૂંટણી કાર્ડ, રેસન કાર્ડ, આધાર કાર્ડ, ડ્રાઈવીંગ લાઈસન્સ, જમીન દસ્તાવેજ, જોબકાર્ડ અને મા અમૃતમ કાર્ડની માહિતી મેળવવામાં આવેલ છે.

કોષ્ટક નં - ૪.૭ કુટુંબો પાસે જોવા મળતા આધાર પૂરાવા દર્શાવતું કોષ્ટક

| વિગત | | નટ | બાજીગર/ નટ બાજીગર | વણકર/ હરિજન નટ | કુલ |
|---|---|---|---|---|---|
| ચૂંટણી કાર્ડ | | 495 | 426 | 650 | 1571 |
| રેશન કાર્ડ | અંત્યોદય | 12 | 0 | 10 | 22 |
| | એપીએલ | 94 | 53 | 106 | 253 |
| | બીપીએલ | 58 | 79 | 93 | 230 |
| | કુલ | 164 | 132 | 209 | 505 |
| આધાર કાર્ડ | | 789 | 733 | 996 | 2518 |
| ડ્રાઈવીંગ લાઈસન્સ | | 13 | 17 | 13 | 43 |
| જમીન દસ્તાવેજ | | 3 | 0 | 71 | 74 |
| જોબકાર્ડ | | 2 | 0 | 10 | 12 |
| મા કાર્ડ | | 18 | 1 | 58 | 77 |

મોટાભાગના કુટુંબના સભ્યો પાસે આધાર કાર્ડ તો જોવા મળે છે. તે સિવાય રેશન કાર્ડ પણ 2 કુટુંબોને બાદ કરતા બધા કુટુંબો પાસે છે. પુખ્તવયના લોકો પાસે ચૂંટણી કાર્ડ પણ જોવા મળે છે. અત્રે એક વાત ઘણી જ મુંઝવણવાળી છે કે માત્ર 74 કુટુંબો જ જમીન દસ્તાવેજ ધરાવે છે એટલે કે 433 કુટુંબો પાસે જમીન દસ્તાવેજ નથી. જો કે મકાન 504 કુટુંબો પાસે આની પાછળનો એક કારણ મોટાભાગના કુટુંબો સરકારી પડતર જમીનમાં આવાસ બાંધીને રહે છે. બીજુ કે આરોગ્યની સુવિધા માટે મોટાભાગના કુટુંબો પાસે મા કાર્ડ પણ નથી, મનરેગા હેઠળ રોજગારી મેળવી શકાય તે માટેનો જોબકાર્ડ પણ નથી. આમ, જરૂરી આધાર પૂરાવામાં માત્ર ઓળખ પૂરાવા છે. અનેય પૂરાવા તેમની પાસે નથી.

(બ) આર્થિક માહિતી

આર્થિક માહિતીમાં કુટુંબના સભ્યોનો વ્યવસાય, રોજગારીના દિવસો, અંદાજિત આવક, જમીનનું પ્રમાણ, મકાનની માહિતી, વાહનવ્યવહારના સાધનો, સંદેશાવ્યવહારના સાધનો, ઘરવખરીની માહિતી દર્શાવવામાં આવેલ છે.

• કુટુંબના સભ્યોનો વ્યવસાય


વ્યકિતને જેમાંથી આજીવિકા માટે વેતન મળે અને દિવસનો મોટાભાગનો સમય જે પ્રવૃત્તિમાં પસાર થતો હોય તેવી પ્રવૃત્તિને મુખ્ય વ્યવસાય તરીકે ઓળખવામાં આવે છે. કુટુંબના વડાનો વ્યવસાય એ મોટાભાગે સમગ્ર કુટુંબનો વ્યવસાય બની રહે છે. તેવી જ રીતે આદિવાસી સમાજમાં પણ કુટુંબના વડાના વ્યવસાય ઉપર કુટુંબના જીવનનિર્વાહનો આધાર રહેલો છે.

કુટુંબના સભ્યોમાં 2624 સભ્યો પૈકી 900 જેટલા સભ્યો રોજગારીક્ષેત્ર સાથે જોડાયેલ છે. જેમાં એવુ પણ જોવા મળે છે કે એક વ્યક્તિ બે અલગ અલગ સમયે વર્ષમાં અલગ અલગ વ્યવસાય સાથે જોડાયેલ હોય.

કોષ્ટક નં - ૪.૮ કુટુંબના સભ્યોનો વ્યવસાય દર્શાવતું કોષ્ટક

| વ્યવસાયનું નામ | રોજગારીના દિવસો | | | | | માસિક આવક | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | 10 થી ઓછા | 11 થી 15 | 16 થી 20 | 21 થી વધુ | કુલ | 2000 થી ઓછી | 2000 થી 5000 | 5000 થી 10,000 | કુલ |
| અંગકસરત, ભિક્ષાવૃતિ | 0 | 1 | 0 | 1 | 2 | 0 | 2 | 0 | 2 |
| અંગકસરત, મજુરી | 0 | 0 | 5 | 11 | 16 | 1 | 13 | 2 | 16 |
| આંગણવાડી વર્કર | 0 | 0 | 0 | 2 | 2 | 0 | 2 | 0 | 2 |
| ઈલેક્ટ્રિક | 0 | 1 | 0 | 1 | 2 | 0 | 1 | 1 | 2 |
| કડિયાકામ | 0 | 1 | 1 | 0 | 2 | 0 | 1 | 1 | 2 |
| ખાનગી નોકરી | 0 | 3 | 12 | 28 | 43 | 0 | 17 | 26 | 43 |
| ખેતમજુરી | 14 | 10 | 3 | 4 | 31 | 21 | 10 | 0 | 31 |
| ખેતી | 0 | 0 | 0 | 2 | 2 | 0 | 1 | 1 | 2 |
| ડ્રાઈવિંગ | 0 | 1 | 12 | 10 | 23 | 0 | 5 | 18 | 23 |
| ઢોલ વગાડવુ | 1 | 8 | 6 | 0 | 15 | 9 | 6 | 0 | 15 |
| દુકાન | 0 | 0 | 0 | 3 | 3 | 0 | 3 | 0 | 3 |
| ભિક્ષાવૃતિ | 9 | 22 | 10 | 5 | 46 | 34 | 12 | 0 | 46 |
| ભુવા | 0 | 0 | 0 | 1 | 1 | 0 | 1 | 0 | 1 |
| મજુરી | 24 | 311 | 345 | 19 | 699 | 56 | 620 | 23 | 699 |
| અન્ય | 4 | 4 | 2 | 3 | 13 | 1 | 3 | 9 | 13 |
| કુલ | 52 | 362 | 396 | 90 | 900 | 122 | 697 | 81 | 900 |

કુટુંબના સભ્યોમાં 15 થી 20 દિવસ રોજગારી સાથે જોડાયેલ સભ્યોનું પ્રમાણ વધારે છે. વ્યવસાયની દ્રષ્ટિ મજુરી સાથે જોડાયેલ સભ્યો પણ સૌથી વધારે 699 છે. પોતાની જ્ઞાતિના પરંપરાગત વ્યવસાય અંગકસરતના દાવમાં જોડાયેલ માત્ર 13 સભ્યો છે. આનો અર્થ એમ કે પરંપરાગત વ્યવસાયમાં બદલાવ આવેલ હોવાનું જણાય છે. આવકની દ્રષ્ટિએ સૌથી વધુ 697 લોકો 2000 થી 5000ની આવક ધરાવતા જોવા મળે છે.



નટ,નટડા અને બાજીગર જાતિઓમાં વ્યવસાય
800
700
600
500
400
300
200
100
0
અંગકસરત, ભિક્ષાવૃ
અંગકસરત, મજુરી
આંગણવાડી વર્કર
ઇલેક્ટ્રિક
કડિયાકામ
ખાનગી નોકરી
ખેતમજુરી
ખેતી
ડ્રાઇવિંગ
ઢોલ વગાડવુ
દુકાન
ભિક્ષાવૃત્તિ
ભુવા
મજુરી
અન્ય
2
16
2
2
2
43
31
2
23
15
3
46
1
699
13

• જાતિઓમાં રોજગારી મેળવતા લોકોનું પ્રમાણ

કોષ્ટક નં - ૪.૯ જાતિઓમાં રોજગારી મેળવતા લોકોનું પ્રમાણ દર્શાવતું કોષ્ટક


| પેટાજ્ઞાતિ | રોજગારીના દિવસો | | | | | કુલ આવક & સરેરાશ આવક |
|---|---|---|---|---|---|---|
| | 10 થી ઓછા | 11 થી 15 | 15 થી 20 | 21 થી વધુ | કુલ | |
| નટ | 12 | 90 | 130 | 41 | 273 | 1171200 |
| ટકા | 4.40 | 32.97 | 47.62 | 15.02 | 100.00 | 7141.46 |
| બાજીગર/ નટ બાજીગર | 5 | 87 | 136 | 10 | 238 | 786600 |
| ટકા | 2.10 | 36.55 | 57.14 | 4.20 | 100.00 | 5959.09 |
| વણકર/ હરિજન નટ | 35 | 185 | 130 | 39 | 389 | 1230200 |
| ટકા | 9.00 | 47.56 | 33.42 | 10.03 | 100.00 | 5830.33 |
| કુલ | 52 | 362 | 396 | 90 | 900 | 3188000 |
| ટકા | 5.78 | 40.22 | 44.00 | 10.00 | 100.00 | 6287.97 |

ઉપરોક્ત કોષ્ટક પરથી જોઈ શકાય છે કે નટ, નટડા અને બાજીગર સમુદાયોમાં પસંદ કરેલા કુલ કુટુંબોમાંથા 900 વ્યક્તિઓ રોજગારી મેળવતા જોવા મળેલ છે. જેની સરેરાશ માસિક આવક રૂપિયા 6287 જોવા મળેલ છે. નટ જાતિની સરેરાશ માસિક આવક 7141, બાજીગર જાતિની 5959 અને વણકર નટ જાતિની માસિક આવક 5830 રૂપિયા જોવા મળેલ છે. અહીં જોઈ શકાય છે કે સૌથી વધિ નટ જાતિની અને સૌથી ઓછી વણકર નટ જાતિની આવક છે. નટ અને બાજીગર જાતિમાં 15 થી 20 અને વણકર નટમાં 11 થી 15 દિવસ માસિક રોજગારી મેળવતા લોકોનું પ્રમાણ વધારે છે.

• કુટુંબોની અસ્કયામતની વિગત

અસ્કયામતમાં જમીન, મકાન, વાહનવ્યનહારના સાધનો, સંદેશાવ્યવહારના સાધનો, ઘરવખરી, બેન્ક ખાતુ અને વીમા પોલિસી ધરાવતા કુટુંબોની સંખ્યા દર્શાવવામાં આવેલ છે.

## નટ,નટડા અને બાજીગર કુટુંબની સરેરાશ માસિક આવક



કોષ્ટક નં - ૪.૧૦ કુટુંબની અસ્કયામતની વિગત દર્શાવતું કોષ્ટક

(આંકડા- કુટુંબોની સંખ્યા)

| અસ્કયામત | | નટ | બાજીગર/ નટ બાજીગર | વણકર/ હરિજન નટ | કુલ |
|---|---|---|---|---|---|
| જમીન | પિયત | 0 | 0 | 0 | 0 |
| | બિનપિયત | 0 | 0 | 2 | 2 |
| | ન ધરાવતા | 164 | 132 | 209 | 505 |
| | કુલ | 164 | 132 | 211 | 507 |
| મકાન | ઝુંપડી | 3 | 24 | 3 | 30 |
| | કાચા | 64 | 45 | 140 | 249 |
| | પાકા | 89 | 62 | 66 | 217 |
| | ભાડેથી રહેતા | 6 | 1 | 1 | 8 |
| | ન હોય તેવા | 2 | 0 | 1 | 3 |
| | કુલ | 164 | 132 | 211 | 507 |
| વાહનવ્યવહારના સાધનો | સાયકલ | 12 | 1 | 12 | 25 |
| | બાઈક | 70 | 25 | 44 | 139 |
| | થ્રી વ્હીકલ(છકડો/રીક્ષા) | 4 | 1 | 4 | 9 |
| | કાર/ટેમ્પો/ભારે વાહનો | 3 | 0 | 4 | 7 |
| સંદેશાવ્યવહાર સાધનો | મોબાઈલ | 119 | 114 | 179 | 412 |
| | ટેબલેટ | 1 | 0 | 0 | 1 |
| ઘરવખરી | ટીવી | 86 | 96 | 61 | 243 |
| | ફ્રિજ | 8 | 4 | 9 | 21 |
| | પંખો | 160 | 126 | 189 | 475 |
| | કોમ્પ્યુટર | 1 | 1 | 2 | 4 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | ટેબલ | 6 | 0 | 2 | 8 |
| | ખુરશી | 149 | 113 | 122 | 384 |
| બેન્ક ખાતુ | | 161 | 132 | 198 | 491 |
| વીમા પોલિસી | | 14 | 0 | 4 | 18 |

જમીન વિષયક માહિતી

અભ્યાસ હેઠળના 507 કુટુંબો પૈકી માત્ર 2 કુટુંબો પાસે જમીન હોવાનું જણાયુ છે. તે કુટુંબો વણકર નટ જાતિના જોવા મળતા હતા. આ બે કુટુંબો પૈકી 1 પાસે 1 વિઘા અને બીજા પાસે 17.5 વિઘા જમીન જોવા મળે છે. 17.5 વિઘા જમીનની માલિકી ધરાવતું કુટુંબ રાજકોટના કોટડા સાંઘાણી તાલુકાના રાજપરા ગામનું છે. તેમની પાસે જમીન તો છે પણ તેની માલિકીને લઈ વિવાદ સર્જાયેલ હોવાનું જણાય છે.

મકાન વિષયક માહિતી

મળેલ માહિતી પરથી જણાઈ આવે છે કે 507 કુટુંબો પૈકી નટમાં 8, બાજીગરમાં 1 અને વણકર નટના 2 કુટુંબો એવા છે જેમની પાસે પોતાના મકાન નથી કે પછી ભાડાના મકાનમાં રહે છે. ઝુંપડીમાં વસવાટ કરતા હોય તેના નટના 3, બાજીગરના 24, અને વણકર નટના 3 કુટુંબો જોવા મળે છે. કુલ કુટુંબો પૈકી 42.80 ટકા કુટુંબો જ એવા છે જેમની પાસે પાકા મકાનો છે. આ પાકા મકાનો ધરાવતા કુટુંબો પૈકી આવાસ યોજના હેઠળ મકાન બંધાયેલ હોય તેવા કુટુંબોની વિગત નીચે મુજબ છે.

કોષ્ટક નં - ૪.૧૧ મકાન વિષયક માહિતી દર્શાવતું કોષ્ટક

| યોજનાનું નામ | નટ | બાજીગર/ નટ બાજીગર | વણકર/ હરિજન નટ | કુલ |
|---|---|---|---|---|
| ઈન્દિરા આવાસ યોજના | 12 | 0 | 8 | 20 |
| ડૉ. આંબેડકર આવાસ યોજના | 2 | 0 | 1 | 3 |
| સરદાર આવાસ યોજના | 18 | 0 | 4 | 22 |
| કુલ | 32 | 0 | 13 | 45 |

પાકા મકાનો પૈકી 21 ટકા મકાનો આવાસ યોજનાઓ હેઠળ બાંધવા આવેલ છે. આમ તારવી શકાય કે ત્રીજા ભાગના કુટુંબો એવા છે કે તેમની આવક પાકા મકાન બાંધવા માટે પણ પર્યાપ્ત નથી. અત્રે એ નોંધનીય છે કે, બોટાદ ખાતે બાજીગરો જ્યા



ક્ષેત્ર કાર્ય દરમિયાન જોવા મળેલ આ સમુદાયોના આવાસો



ઝુંપડપટ્ટીમાં વસવાટ કરેલ છે ત્યા મુલાકાત સમયે આવાસનું બાંધકામ ચાલુ હોવાનું જણાયું હતુ પણ તે આવાસ કોના નામે ફળવાયેલ છે તે ઉત્તરદાતાઓએ જવાબ આપેલ નહતો તેમણે જણાવ્યું હતુ કે, "અમારી વસાહત માટે 30 મકાનોનું બાંધકામ ચાલી રહ્યુ છે પણ તે કોઈને નામ સહિત ફળવાયેલ નથી."

વાહનવ્યવહાર વિષયક માહિતી

ત્રણેય જાતિઓમાં વાહનવ્યવહારના સાધનોનુ પ્રમાણ ઘણું જ ઓછું જોવા મળે છે. કુટુંબો પૈકી 5 ટકા કુટુંબો પાસે સાયકલ, 27 ટકા કુટુંબો પાસે બાઈક, 2 ટકા કુટુંબો પાસે થ્રી વ્હીકલ અને 1 ટકા કુટુંબો પાસે કાર/જીપ કે હેવી સાધનો છે. જેના પરથી તારવી શકાય કે આ જાતિઓની મોટાભાગના કુટુંબો એવા છે કે જેમની પાસે એટલી આવક કે બચતો નથી કે વાહનવ્યવહારના સાધનો ખરીદી શકે.

સંદેશાવ્યવહારના સાધનો

સંદેશાવ્યવહારના સાધનોમાં કુટુંબો પાસે મુખ્યત્વે મોબાઈલનું પ્રમાણ સૌથી વધુ છે. તેમ છતા 95 કુટુંબો એવા છે કે જેમની પાસે મોબાઈલ પણ નથી. નટ જાતિ એક જ કુટુંબના સભ્ય પાસે ટેબલેટ છે. જે કોલેજના અભ્યાસના સમયે સરકારમાંથી મળેલ છે.

ઘરવખરી

ઘરવખરીના સાધનોમાં પંખાનું પ્રમાણ 94 ટકા કુટુંબોમાં જોવા મળે છે. ટીવીનું પ્રમાણ 48 ટકા કુટુંબોમાં જોવા મળે છે. 76 ટકા કુટુંબો પાસે ખુરશીનું પ્રમાણ જોવા મળે છે. કુલ 507 કુટુંબોમાંથી માત્ર 4 કુટુંબો પાસે ફ્રિજ, 4 કુટુંબો પાસે કોમ્પ્યુટર અને 8 કુટુંબો પાસે જ ટેબલ હોવાનું જણાયેલ છે.

બેન્ક ખાતા ધારક કુટુંબો

અભ્યાસ હેઠળના 96.65 ટકા કુટુંબો એવા છે કે જેઓ બેન્ક ખાતા ધરાવે છે. બાજીગર જાતિનું દરેક કુટુંબ બેન્ક ખાતું ધરાવે છે. નટ જાતિમાં માત્ર 1 જ કુટુંબ એવું છે જેની પાસે બેન્ક ખાતુ નથી જ્યારે વણકર નટ જાતિના 13 કુટુંબો બેન્ક ખાતુ ધરાવતા નથી. આટલી મોટી સંખ્યામાં બેન્ક ખાતાનું કારણ જનધન યોજના નીચે ખાતા ખોલવામાં આવેલ છે.

વીમા પોલિસી

કુટુંબમાં વીમો ઉતરાવેલ હોય તેવા 18 કુટુંબો મળી આવ્યા છે. જે પૈકીના 14 નટ અને 4 વણકર નટ જાતિમાંથી મળેલ છે. બાજીગર જાતિમાંથી કોઈ પણ કુટુંબના સભ્યએ વીમા પોલિસી ઉતરાવેલ નથી.

- ઘરોમાં જોવા મળતી માળખાકીય સુવિધા

ઘરોમાં જોવા મળતી માળખાકીય સુવિધામાં પીવાના પાણીની સુવિધા, વીજળી કનેકશન, પાણીના નિકાસની સુવિધા, શૌચાલય અને બાથરૂમની સુવિધાનો સમાવેશ કરવામાં આવેલ છે. જેની માહિતી નીચે મુજબ છે.

કોષ્ટક નં - ૪.૧૨ ઘરોમાં જોવા મળતી માળખાકીય સુવિધા દર્શાવતું કોષ્ટક

| વિગત | નટ | બાજીગર/ નટ બાજીગર | વણકર/ હરિજન નટ | કુલ |
|---|---|---|---|---|
| પીવાના પાણીની સુવિધા | 164 | 108 | 203 | 475 |
| ટકાવારી પ્રમાણ (કુલ કુટુંબોની સરખામણીમાં) | 100.00 | 81.82 | 96.21 | 93.69 |
| વીજળીની સુવિધા | 161 | 132 | 197 | 490 |
| ટકાવારી પ્રમાણ (કુલ કુટુંબોની સરખામણીમાં) | 98.17 | 100.00 | 93.36 | 96.65 |
| પાણીના નિકાલની સુવિધા | 114 | 89 | 70 | 273 |
| ટકાવારી પ્રમાણ (કુલ કુટુંબોની સરખામણીમાં) | 69.51 | 67.42 | 33.18 | 53.85 |
| શૌચાલયની સુવિધા | 152 | 108 | 118 | 378 |
| ટકાવારી પ્રમાણ (કુલ કુટુંબોની સરખામણીમાં) | 92.68 | 81.82 | 55.92 | 74.56 |
| બાથરૂમની સગવડ | 144 | 92 | 71 | 307 |
| ટકાવારી પ્રમાણ (કુલ કુટુંબોની સરખામણીમાં) | 87.80 | 69.70 | 33.65 | 60.55 |

માળખાકીય સુવિધાઓમાં નટ જાતિમાં સારૂ પ્રમાણ જોવા મળે છે. નટ જાતિમાં પીવાના પાણીની અને બાજીગરમાં વીજળીની 100 ટકા સુવિધા છે. જે 17 કુટુંબો પાસે વીજળી તે પૈકીના 3 કુટુંબો પાસે મકાન જ નથી. બાકી 14 એવા છે કે જેઓ ઝુંપડીમાં વસવાટ કરે છે. વણકર નટ જ્ઞાતિના કુટુંબો પાસે હાલની સ્થિતિએ પણ શૌચાલય જોવા મળતા નથી. અમુક ગામોમાં સ્વચ્છ ભારત અભિયાન હેઠળ શૌચાલય બાંધવામાં આવેલ છે.

- પરંપરાગત વ્યવસાય

આ જાતિઓનો પરંપરાગત વ્યવસાય અંગકસરતના દાવ હતા. જેમાં, દોરડા પર ચાલવું, ગુલાટી ખાવી, ઠેકરા મારવા, જાદુગરીના દાવ કરવાનો સમાવેશ થતો હતો. હાલની સ્થિતિએ આ દાવ સાથે જોડાયેલ લોકોનું પ્રમાણ નીચે મુજબ છે.

કોષ્ટક નં - ૪.૧૩ પરંપરાગત વ્યવસાય દર્શાવતું કોષ્ટક

| પેટાજ્ઞાતિ | કેટલાને આવડે છે? | કેવી રીતે શીખ્યા? | | |
|---|---|---|---|---|
| | | જન્મજાત | બાપદાદા પાસેથી | કુલ |
| નટ | 5 | 1 | 4 | 5 |
| બાજીગર/ નટ બાજીગર | 0 | 0 | 0 | 0 |
| વણકર/ હરિજન નટ | 40 | 22 | 18 | 40 |
| કુલ | 45 | 23 | 22 | 45 |

કુટુંબના સભ્યોમાં માત્ર 45 સભ્યો જ એવા છે કે જેમને અંગકસરતના દાવ આવડે છે. બાજીગર જાતિમાં કોઈ સભ્ય એવો નથી કે જેમને અંગકસરતના દાવ આવડતા હોય. આ સભ્યોમાં પણ દોરડા પર ચાલતા આવડતુ હોય તેવા અમુક જ સભ્યો છે.

સમાજમાં અંગકસરતના દાવની શું પરંપરા છે તે બાબતે સભ્યોને પૂછતા જાણવા મળ્યું છે કે, ઈષ્ટદેવ હનુમાનદાદાની આરાધનામાં પોતાની પરંપરા જાણવવાના ઉદ્દેશથી તેઓ વર્ષમાં એક વાર હનુમાન જયંતિના દિવસે અંગકસરતના દાવ કરે છે. તે ઉપરાંત અમુક કુટુંબો રોજગારીના સ્રોત તરીકે અંગકસરતના દાવ કરતા હોવાનું જણાયું છે. અંગકસરતના દાવ માટેના સાધનોમાં ચોબારીયું, દોરડું, કોશ, થાળી, રીંગનો ઉપયોગ થાય છે. અંગકસરતના દાવ માટે પોશાક તરીકે લંગોટ અને જભ્ભો પહેરતા હોવાનું જણાવ્યું છે.

(ક) સામાજિક માહિતી

અભ્યાસ ક્ષેત્રના પસંદ કરેલા નટ, નટડા અને બાજીગર કુટુંબોમાં સામાજિક માહિતીમાં ધાર્મિક બાબતે કોણ કઈ કુળદેવી કે દેવતામાં માને છે. તે પશુબલીમાં માને છે કે કેમ? લગ્નની શું વિધી છે? વ્યસનનું પ્રમાણ કેટલું છે? લગ્ન કઈ કઈ જ્ઞાતિઓ વચ્ચે થાય છે. તે બધી વિગતો દર્શાવવામાં આવી છે.

• કુળદેવી અને દેવતાની માહિતી

કોષ્ટક નં - ૪.૧૪ કુળદેવી અને દેવતાઓ વિશેની માહિતી

| કુળદેવી અને દેવતા | નટ | બાજીગર/ નટ બાજીગર | વણકર/ હરિજન નટ | કુલ |
|---|---|---|---|---|
| ચામુંડામા | 98 | 0 | 61 | 159 |
| વિહતમા | 26 | 0 | 67 | 93 |
| મેલડીમા | 0 | 24 | 3 | 27 |
| શક્તિમા | 0 | 24 | 0 | 24 |
| મહાકાળીમાં | 0 | 113 | 0 | 113 |
| રામદેવપીર | 0 | 19 | 1 | 20 |
| જોગણીમા | 0 | 19 | 0 | 19 |
| ખોડીયાળમા | 38 | 24 | 67 | 129 |
| હનુમાનદાદા | 164 | 89 | 211 | 464 |
| આશાપુરામા | 0 | 0 | 15 | 15 |
| જય ગુરૂ મહારાજ | 0 | 0 | 1 | 1 |
| પૂર્વજો | 0 | 0 | 13 | 13 |
| ઠાકર | 0 | 0 | 2 | 2 |
| વિસામા બાપા | 0 | 0 | 2 | 2 |

ઉક્ત કોષ્ટક પરથી જણાઈ આવે છે. હનુમાનદાદાને મોટાભાગના કુટુંબો પોતાના ઈષ્ટદેવ તરીકે માને છે. કુળદેવીમાં નટ જાતિની કુળદેવી ખોડીયારમા, વિહતમા અને ચામુડામા છે. જ્યારે બાજીગર જાતિની કુળદેવીમાં મેલડીમા, શક્તિમા, મહાકાળીમાં, જોગણીમા અને ખોડીયાળમા છે તેમજ ઈષ્ટદેવ તરીકે રામદેવપીરને પણ માને છે. વણકર નટ જાતિ કુળદેવી તરીકે ચામુંડામા, વિહતમા, મેલડીમા, ખોડીયાળમા અને આશાપુરામાને પૂંજે છે તથા દેવતામાં જય ગુરૂ મહારાજ, ઠાકર અને વિસામા બાપા તથા પૂર્વજોને પૂજતા હોવાનું ધ્યાને આવ્યું છે.

- પશુબલીમાં માને છે કે કેમ ?

અભ્યાસ ક્ષેત્રના પસંદ કરેલા નટ, નટડા અને બાજીગર કુટુંબોમાં પશુબલીમાં કેટલા કુટુંબો માને છે કે પશુ બલિ આપે છે તેની માહિતી મેળવતા નીચે મુજબ વિગતો જોવા મળી છે.

કોષ્ટક નં - ૪.૧૫ પશુબલીમાં માને છે તેની માહિતી દર્શાવતું કોષ્ટક

| પેટાજ્ઞાતિ | હા | ના | કુલ |
|---|---|---|---|
| નટ | 0 | 164 | 164 |
| બાજીગર/ નટ બાજીગર | 24 | 108 | 132 |
| વણકર/ હરિજન નટ | 0 | 211 | 211 |
| કુલ | 24 | 483 | 507 |

માહિતી આપનાર કુટુંબો પૈકી માત્ર બોટાદના બાજીગર કુટુંબના સભ્યો એવા છે કે જેઓ એમ જણાવે છે કે, માતાજી માંગે તે આપવું પડે એટલે કે તેઓ પશુબલીમાં માને છે. બાકીના કુટુંબોમાં પશુ બલિમાં માનતા નથી . તેઓમાં અન્ય જુદા જુદા પ્રકારના નિવેદ થતા હોવાનું જાણવા મળેલ છે.

- લગ્નવિધી

નટ અને હરિજન નટમાં લગ્નવિધી સામાન્ય જોવા મળે છે તેમાં, ગણેશ સ્થાપના, કુળદેવીની પૂજા, પીઠી ચોળવી, ચૌરી બાંધવી અને ફેરા ફરવાના હોય છે. જ્યારે બાજીગરમાં ગણેશ સ્થાપના, કુળદેવીની સ્તૂતિ, પીઠીનો વિશેષ મહિમા, કાચા ઢાગાની અંદર ફેરા ફરવાના હોય છે. લગ્ન આંતરજ્ઞાતિય એટલે કે નટ જ્ઞાતિ નટ જ્ઞાતિ સાથે અને બાજીગર જ્ઞાતિ બાજીગર જ્ઞાતિ સાથે અંદર અંદર લગ્ન કરી શકે છે. બન્નો જ્ઞાતિમાં સગાં-સંબંધીમાં લગ્ન થતા હોવાનું જણાતુ નથી.

- અંતિમ સંસ્કાર વિધી

બાજીગર જ્ઞાતિમાં અંતિમ વિધી અંગ્નિસંસ્કારની છે. નટમાં કે જેઓ ઉચ્ચ ગણાતિ જ્ઞાતિઓ સાથે ભળેલા છે તેઓ પણ અંતિમસંસ્કારની વિધી તરીકે અગ્નિસંસ્કાર છે જ્યારે વણકર નટ અને એવા નટ કે જે વણકર નટ સાથે સંબંધ રાખે છે તેઓ સમાધિ આપે છે.

- કુટુંબના સભ્યોમાં જોવા મળતું વ્યસનનું પ્રમાણ

નટ,નટડા અને બાજીગર સમાજમાં અભ્યાસ માટે પસંદ કરેલા કુટુંબોમાં કેટલા સભ્યો વ્યસન કરે છે તાની માહિતી મેળવવામાં આવી હતી. જેની વિગતો નીચે મુજબ છે. જેમાં, તમાકુ, ગુટખા, મસાલા, બીડી, સિગરેટ, હુક્કો, દારૂ અને અન્ય(છીકણી ગસવી-સુંઘવી-ભરવી, સેંકેલી માટી ખાવી, કચુકા ખાવા)નો સમાવેશ થાય છે.

કોષ્ટક નં - ૪.૧૬ વ્યસનની વિગત દર્શાવતું કોષ્ટક

| વિગત | જાતિ | નટ | બાજીગર/ નટ બાજીગર | વણકર/ હરિજન નટ | કુલ |
|---|---|---|---|---|---|
| તમાકુ | સ્ત્રી | 1 | 4 | 1 | 6 |
| | પુરૂષ | 5 | 7 | 25 | 37 |
| | કુલ | 6 | 11 | 26 | 43 |
| ગુટખા/મસાલા | સ્ત્રી | 29 | 6 | 49 | 84 |
| | પુરૂષ | 166 | 148 | 271 | 585 |
| | કુલ | 195 | 154 | 320 | 669 |
| બીડી/સિગરેટ/હુક્કો | સ્ત્રી | 0 | 0 | 0 | 0 |
| | પુરૂષ | 19 | 1 | 66 | 86 |
| | કુલ | 19 | 1 | 66 | 86 |
| દારૂ | સ્ત્રી | 0 | 0 | 0 | 0 |
| | પુરૂષ | 3 | 8 | 56 | 67 |
| | કુલ | 3 | 8 | 56 | 67 |

સારણીમાં સૌથી વધુ સભ્યો ગુટખા/મસાલાની વ્યસન કરતા 669 સભ્યો જોવા મળે છે. જેમાં હરિજન નટમાં 320, બાજીગરમાં 154 અને નટમાં 195 સભ્યો જોવા મળે છે. જ્યારે તમાંકુનું વ્યમન કરતા હોય તેવા 43 સભ્યો, બી કે સિગારેટનું વ્યમન કરત હોય તેવા 86 સભ્યો અને દારૂનું વ્યમન કરતા હોય તેવા 67 સભઅયો જોવા મળે છે. જેમાં વણકર નટમાં 56, બાજીગરમાં 8 અને નટ જાતિમાં 3 સભ્યો દારૂનું વ્યમન કરતા જોવા મળેલ છે. ત્રીજા ભાગના લોકો વ્યસન કરતા હોય તેવું ક્ષેત્રકાર્ય દરમિયાન ધ્યાને આવ્યું છે. વ્યસન ન કરનારમાં મોટું પ્રમાણ બાળકો અને મહિલાઓનું છે.

(ડ) અસ્પૃશ્યતા અંગેની માહિતી

આ અભ્યાસનો મુખ્ય હેતુ નટ,નટડા અને બાજીગર જાતિઓને અનુસૂચિત જાતિમાં સમાવેશ કરવો કે નહિં તે માટે કરવામાં આવેલ છે. આ અનુંસંધાને અનુંસૂચિત જાતિમાં જોવા મળતા લક્ષણો જેવા કે અસ્પૃશ્યતા, બ્રાહ્મણો દ્વારા જુદા જુદા પ્રસંગોમાં વિધિ, અન્ય સમાજ સાથેનો આ જાતિઓનો વ્યવહાર વગેરેની માહિતી મેળવવામાં આવી છે. અસ્પૃશ્યતા અંગેની માહિતીને લક્ષણોના આધારે 7 મુદ્દા અને તેમના પેટામુદ્દામાં વિભાજિત કરવામાં આવેલ છે. જેની આંકડાકીય માહિતી નીચે મુજબ છે.

• બ્રાહ્મણો વિધી માટે આવે છે કે કેમ ?

બ્રાહ્મણો એટલે દલિત ન હોય તેવા ઉચ્ચ ગણાતા બ્રાહ્મણો કે જેઓ વિવિધ ધાર્મિક અને સામાજિક વિધીઓ કરે છે. તેઓ અભ્યાસક્ષેત્રના કુટુંબોમાં વિધી કરવા માટે આવે છે કે કેમ તેની માહિતી મેળવતા નીચે મુજબનું ચિત્ર જોવા મળેલ છે.

કોષ્ટક નં - ૪.૧૭ બ્રાહ્મણો વિધી માટે આવે છે કે કેમ તે દર્શાવતું કોષ્ટક

| નિરીક્ષણ આવૃત્તિ | | | | |
|---|---|---|---|---|
| વિગત | નટ | બાજીગર/ નટ બાજીગર | વણકર/ હરિજન નટ | કુલ |
| હા | 2 | 89 | 0 | 91 |
| ના | 162 | 43 | 211 | 416 |
| કુલ | 164 | 132 | 211 | 507 |

વિશ્લેષણ પરથી જાણી શકાય કે, બ્રાહ્મણો દ્વારા આ જાતિઓને વિવિધ વિધીઓના લાભ મળતા નથી. કુલ 507 કુટુંબોમાંથી માત્ર 91 કુટુંબોમાં બ્રહ્મણો સામાજીક વિધિ માટે આવતા જોવા મળેલ છે. જેમાં સૌથી વધુ બાજીગર નટમાં 89 કુટુંબોમાં વિધિ માટે આવે છે. જ્યારે નટ જાતિમા 2 કુટુંબોમાં આવે છે. હરિજન નટમાં બ્રહ્મણો વિધિ માટે આવતા નથી. આમ અહીં જોઈ શકાય કે જેથી બાજીગર જ્ઞાતિના લોકોના ઘરે બ્રાહ્મણો વિધીઓ માટે આવતા હશે. જેથી તેમને તેઓ અસ્પૃશ્યતા નું લક્ષણ લાગુ પડતુ નથી. પરંતુ નટ અને વણકર નટમાં આ લક્ષણ જોઈ સકાય છે. જેથી કહીં શકાય કે અસ્પૃશ્યતાનું આ લક્ષણ નટ અને વણકર નટ જાતિનો લાગુ પડતુ હોવાનું જોવા મળે છે.

• ખાનગી સ્થળે/દુકાનો પર થતો આભડછેટનો વ્યવહાર

અભ્યાસમાં નટ, નટડા અને બાજીગર જાતિઓને ક્ષેત્રકાર્ય દરમિયાન કરીયાણાની દુકાન, દરજીની દુકાન, વાળંદને ત્યા, દુધની ડેરીએ, સુથાર, કડીયો કે લુહાર જેવા કારીગરો, જમીન માલિક, ખાનગી વાહનોમાં, ચાની કિટલી વગેરે સ્થળે ઉચ્ચ ગણાતી

જ્ઞાતિ દ્વારા આ પ્રત્યે, આ જ્ઞાતિઓ દ્વારા અસ્પૃશ્ય જ્ઞાતિઓ પ્રત્યે અને અસ્પૃશ્ય જ્ઞાતિઓ દ્વારા આ જ્ઞાતિઓ પ્રત્યે આભડછેડનો વ્યવહાર થાય છે કે નહિં તેની વિગતો મેળવવામાં આવી હતી.

ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓના લોકોની દુકાને કે ખાનગી સ્થળોએ આ જ્ઞાતિઓ પ્રત્યે થતો વ્યવહાર

આ જ્ઞાતિઓ જે માલ ખરીદે તે તેના હાથમાં ન આપવામાં આવે અને દુકાનદાર શારીરિક સ્પર્શ ટાળે અથવા આ ગ્રાહકના પૈસા લેતી વખતે દુકાનકાર સ્પર્શ ન થાય તેમ પૈસા લે તો દુકાનમાં અસ્પૃશ્યતા રખાય છે એવો અર્થ કર્યો છે. તેની માહિતી નીચે મુજબ છે.

કોષ્ટક નં - ૪.૧૮ ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓના લોકોની દુકાને કે ખાનગી સ્થળોએ આ જ્ઞાતિઓ પ્રત્યે થતો વ્યવહાર દર્શાવતું કોષ્ટક

| નિરીક્ષણ આવૃત્તિ | | | | |
|---|---|---|---|---|
| વિગત | નટ | બાજીગર/ નટ બાજીગર | વણકર/ હરિજન નટ | કુલ |
| હા | 13 | 0 | 47 | 60 |
| ના | 151 | 132 | 164 | 447 |
| કુલ | 164 | 132 | 211 | 507 |

ઉપરોક્ત કોષ્ટક પરથી જોઈ શકાય છે કે કુલ 507 કુટુંબોમાંથી 60 કુટુંબો એવું જણાવે છે કે તેમની સાથે અભડછેટ એટલે કે અસ્પૃશ્યતા રાખવામાં આવે છે. જેમાં સૌથી વધુ વણકર/ હરિજન નટમાં 47 કુટુંબોએ જણાવ્યું કે તેમની સાથે અસ્પૃશ્યતા આચરવામાં આવે છે. નટ જાતિમાં 13 કુટુંબોએ જણાવેલ કે તેમની સાથે અસ્પૃશ્યતા રાખવામાં આવે છે. જ્યારે બાજીગર જાતિમાં અન્ય સમાજ કે જ્ઞાતિઓ તરફથી અસ્પૃશ્યતા રાખવામાં આવતી નથી. અહીં જોઈ શકાય છે કે ઉચ્ચજ્ઞાતિની દુકાન કે સ્થળોએ નટ અને વણકર નટ જાતિઓ પ્રત્યે અસ્પૃશ્યતા આચરણ કરવામાં આવતું જોવા મળે છે. જેથી કહિં શકાય કે નટ અને વણકર નટ જાતિમાં આ લક્ષણ જોવા મળે છે. જેથી તેમને અનુંસૂચિત જાતિમાં સમાવવા જોઈએ.

આ જ્ઞાતિઓ દ્વારા અસ્પૃશ્ય ગણાતી જ્ઞાતિઓ સાથે થતો આભડછેટનો વ્યવહાર

અનુંસૂચિત જાતિ, અનુંસૂચિત જનજાતિ અને સામાજીક શૈક્ષણિક રીતે પછાત વર્ગોમાં જેમનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેવી જાતિઓ પોતાના સમાજમામ કે સમુદાયોમાં પણ તેઓ કેટલીક જાતિઓને પછાત ગણતી હોય છે. તે જાતિઓ પોતાના સમાજની જ હોવા છતા તેઓ તેમને અસ્પૃશ્ય ગણે છે. તથા તેમની સાથે સામાજીક વ્યવહાર રાખતી જોવા મળતી નથી.અભ્યાસ દરમિયાન.નટ, નટ બાજીગર અને વણકર નટ જ્ઞાતિઓ દ્વારા અસ્પૃશ્ય ગણાતી જ્ઞાતિઓ સાથે કોઈ ભેદભાવ રાખવામાં આવે છે કે કેમ તેની માહિતી મેળવવામાં આવી છે.

કોષ્ટક નં - ૪.૧૯ આ જ્ઞાતિઓ દ્વારા અસ્પૃશ્ય ગણાતી જ્ઞાતિઓ સાથે થતો આભડછેટનો વ્યવહાર દર્શાવતું કોષ્ટક

| વિગત | નટ(%) | બાજીગર/ નટ બાજીગર(%) | વણકર/ હરિજન નટ(%) | કુલ(%) |
|---|---|---|---|---|
| હા | 0(0) | 9(06.82) | 0(0) | 9(01.78) |
| ના | 164(100) | 123(93.18) | 211(100) | 498(98.22) |
| કુલ | 164(100) | 132(100) | 211(100) | 507(100) |

નટ અને વણકર નટ જ્ઞાતિના કોઈ ઉત્તરદાતા એવા નથી કે જેઓ અસ્પૃશ્ય ગણાતી જ્ઞાતિઓ સાથે ભેદભાવ રાખતા હોય. પરંતુ બાજીગર જ્ઞાતિના માત્ર 6.82% ઉત્તરદાતા એવા છે કે જેઓ અસ્પૃશ્ય ગણાતી જ્ઞાતિઓ સાથે ભેદભાવ રાખે છે. આમ નટ અને નટ વણકર જ્ઞાતિના ઉત્તરદાતા પોતાને અસ્પૃશ્ય ગણાતી જ્ઞાતિઓ કરતા ઉચ્ચ માનતા નથી.

### અસ્પૃશ્ય ગણાતી જ્ઞાતિઓ દ્વારા આ જ્ઞાતિઓ સાથે આભડછેટનો વ્યવહાર

બાજીગર કે નટ જ્ઞાતિ સાથે અસ્પૃશ્ય ગણાતી જ્ઞાતિઓ દ્વારા આવો કોઈ વ્યવહાર થતો નથી. વણકર નટ જ્ઞાતિના લોકો પોતોને અસ્પૃશ્ય ગણાતી જ્ઞાતિઓના માંગણ તરીકે ઓળખાવે છે. પરંતુ તેમની સાથે પણ આવો કોઈ વ્યવહાર થવાનો કિસ્સો ધ્યાને આવેલ નથી.

### મંદિર પ્રવેશ

અભ્યાસ હેઠળની તમામ જ્ઞાતિઓ હિન્દુ ધર્મમાં માને છે અને તેઓ મંદિરે જાય છે. મંદિરપ્રવેશની જે માહિતી મેળવવામાં આવેલ છે. તેમાં મંદિર તેમના વિસ્તારમાં છે કે કેમ? તેઓ પ્રસાદ ચઢાવે છે કે કેમ? અને જો પ્રસાદ ચઢાવવામાં આવતો હોય તો તે કોને કોને આપી શકે છે? આના પરથી એ જાણવામાં આવેલ છે કે ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓના વિસ્તારમાં આવેલ મંદિરમાં આ જ્ઞાતિના લોકોને પ્રવેશ છે કેમ અને જો તેઓએ અર્પણ કરેલ પ્રસાદ ઉચ્ચ જ્ઞાતિઓ ગ્રહણ ન કરતી હોય કે તેમને આપવા આ લોકો સંકોચ અનુભવતા હોય તો મંદિર પ્રવેશ બાબતે અસ્પૃશ્યતા પ્રવર્તમાન છે.

### મંદિર પોતોના વિસ્તારમાં છે કે કેમ

અભ્યાસ ક્ષેત્રમાં પસંદ કરેલા વિસ્તારમાં નટ, નટડા અને બાજીગર જ્ઞાતિઓને પોતાના વિસ્તારમાં મંદિર છે કે કોઈ અન્ય જ્ઞાતિઓ વસવાટ કરતી હોય તે વિસ્તારમાં છે, તેની માહિતી અહીં આપવામાં આવી છે.

કોષ્ટક નં - ૪.૨૦ મંદિર પોતાના વિસ્તારમાં છે કે કેમ દર્શાવતું કોષ્ટક

| વિગત | નટ(%) | બાજીગર/ નટ બાજીગર(%) | વણકર/ હરિજન નટ(%) | કુલ(%) |
|---|---|---|---|---|
| હા | 147(89.63) | 132(100) | 199(94.31) | 478(94.28) |
| ના | 17(10.37) | 0(0) | 12(05.69) | 29(05.72) |
| કુલ | 164(100) | 132(100) | 211(100) | 507(100) |

ઉપરોક્ત ચિત્ર પરથી જોઈ શકાય છે કે કુલ 478 (94.28 ટકા) મંદિરો તેમના વિસ્તારોમાં જ છે. જ્યારે 5.72 ટકા મંદિરો અન્ય જ્ઞાતિઓ વસવાટ કરે છે તે વિસ્તારોમાં છે . જેમાં નટ જ્ઞાતિના 89.63% ઉત્તરદાતાના પોતાના વિસ્તારમાં મંદિર આવેલું છે. બાજીગર જ્ઞાતિના 100% ઉત્તરદાતાના અને વણકર નટ જ્ઞાતિના 94.31% ઉત્તરદાતાના પોતાના જ વિસ્તારમાં મંદિર આવેલું જોવા મળે છે. એટલે કે મોટાભાગના ઉત્તરદાતાના પોતાની જ્ઞાતિઓ જ્યાં વસવાટ કરે છે. તે જ વિસ્તારમાં મંદિર જોવા મળે છે.

અર્પણ કરેલ પ્રસાદની વહેચણી

નટ, નટડા અને બાજીગર સમાજના લોકો દ્વારા મંદિરમાં પૂજા/ અર્ચના દ્વારાજો કોઈ પ્રસાદ અર્પણ કરવામાં આવે છે તે પ્રસાદ કોને કોને આપવામાં આવે છે. જેમકે પોતાની જ્ઞાતિને કે અન્ય જ્ઞાતિને એટલેકે દરેક સમાજના લોકોને પ્રસાદની વહેચણી કરવામાં આવે છે. તેની માહિતી અભ્યાસ દરમિયાન મેળવવામાં આવી હતી. જેની વિગત નીચે મુજબ છે.

કોષ્ટક નં - ૪.૨૧ અર્પણ કરેલ પ્રસાદની વહેચણી દર્શાવતું કોષ્ટક

| વિગત | નટ(%) | બાજીગર/ નટ બાજીગર(%) | વણકર/ હરિજન નટ(%) | કુલ(%) |
|---|---|---|---|---|
| પોતાની જ્ઞાતિને | 11(06.71) | 24(18.18) | 19(09.01) | 54(10.65) |
| પોતાની અને દલિત જ્ઞાતિઓને | 78(47.56) | 0(0) | 174(82.46) | 252(49.70) |
| દરેક જ્ઞાતિને | 75(45.73) | 108(81.82) | 18(08.53) | 201(39.65) |
| કુલ | 164(100) | 132(100) | 211(100) | 507(100) |

અહીં જોઈ શકાય છે કે નટ જ્ઞાતિના 47.56% ઉત્તરદાતા પોતાની અને દલિત જ્ઞાતિના લોકોને અને 6.71 ટકા પોતાની જ્ઞાતિને અર્પણ કરેલ પ્રસાદની વહેંચણી કરે છે. જ્યારે બાજીગર જ્ઞાતિના કોઈ ઉત્તરદાતા દલિત જ્ઞાતિને અર્પણ કરેલ પ્રસાદની વહેચણી કરતા નથી. વણકર નટ જ્ઞાતિના 82.46% ઉત્તરદાતા પોતાની અને દલિત જ્ઞાતિના લોકોને અને પોતાની જ્ઞાતિને 9.01 ટકા અર્પણ કરેલ પ્રસાદની વહેચણી કરે છે. આમ તારવી શકાય કે વણકર જ્ઞાતિના મોટાભાગના લોકો દલિત જ્ઞાતિને અર્પણ કરેલ પ્રસાદની વહેચણી કરે છે. આમ અહીં કહિં શકા કે બાજીગર જ્ઞાતિ નટ અને વણકર નટ જ્ઞાતિને અસ્પૃશ્ય ગણે છે.

**અસ્પૃશ્ય ગણાતી જ્ઞાતિઓને આ જ્ઞાતિના વિસ્તારમાં મંદિર પ્રવેશ અને પ્રસાદ ગ્રહણ કરવું**

અસ્પૃશ્ય ગણાતી જ્ઞાતિઓ નટ, નટ બાજીગર અને વણકર નટ જ્ઞાતિના વિસ્તારમાં મંદિર પ્રવેશ અને પ્રસાદ ગ્રહણ કરી શકે છે કે કેમ તેની માહિતી અહીં આપવામાં આવી છે.

કોષ્ટક નં - ૪.૨૨ અસ્પૃશ્ય ગણાતી જ્ઞાતિઓને આ જ્ઞાતિના વિસ્તારમાં મંદિર પ્રવેશ અને પ્રસાદ ગ્રહણ કરે છે કે નહિ તેની વિગત દર્શાવતું કોષ્ટક

| વિગત | નટ(%) | બાજીગર/ નટ બાજીગર(%) | વણકર/ હરિજન નટ(%) | કુલ(%) |
|---|---|---|---|---|
| હા | 163(99.39) | 19(14.39) | 211(100) | 393(77.51) |
| ના | 1(00.61) | 113(85.61) | 0(0) | 114(22.49) |
| કુલ | 164(100) | 132(100) | 211(100) | 507(100) |

અસ્પૃશ્ય ગણાતી જ્ઞાતિઓ નટ અને વણકર નટ જ્ઞાતિના વિસ્તારમાં મંદિર પ્રવેશ અને પ્રસાદ ગ્રહણ કરી શકે છે. જ્યારે બાજીગર જ્ઞાતિના વિસ્તારમાં 19 ( 14.39 ટકા) કુટુંબો જણાવે છે કે અસ્પૃશ્ય ગણાતી જ્ઞાતિના લોકો મંદિર પ્રવેશ અને પ્રસાદ ગ્રહણ કરે છે. આમ તારવી શકાય કે અસ્પૃશ્ય ગણાતી જ્ઞાતિઓ નટ અને વણકર નટ જ્ઞાતિના લોકોના વિસ્તારમાં મંદિર પ્રવેશ અને પ્રસાદ ગ્રહણ કરી શકે છે. જે પરથી કહીં શકાય કે નટ અને વણકર નટ એ હરિજન જાતિ જેવી જ જ્ઞાતિ કે જાતિ છે.

જાહેર પ્રસંગો કે મેળામાં પ્રવેશ

ગામના જાહેર પ્રસંગો કે મેળામાં આ જ્ઞાતિઓ ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓ સાથે પ્રવેશ કરી શકે છે

અભ્યાસ ક્ષેત્રના પસંદ કરેલા ગામોમાં ક્ષેત્રકાર્ય દરમિયાન તથા નટ, વણકર નટ અને બાજીગર જ્ઞાતિઓના આગેવાનો સાથે થયેલ મુલાકાતમાં તેઓએ જણાવ્યું કે તેઓ ગામના જાહેર પ્રસંગો કે મેળામાં સામાન્ય રીતે પ્રવેશ કરી શકે છે.

જાહેર પ્રસંગોમાં જવામાં કોઈ રૂકાવટ થાય કે

આ જ્ઞાતિઓને ગામના જાહેર પ્રસંગોમાં જવા માટે ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓ દ્વારા કોઈ રૂકાવટ થાય કે કેમ, તેની માહિતી મેળવવામાં આવી હતી. તેમાં જોઈ શકાય છે કે અત્યારની પરિસ્થિતિ મુજબ નટ, નટ બાજીગર અને વણકર નટ જ્ઞાતિઓના ઉત્તરદાતાઓને જાહેર પ્રસંગોમાં જવામાં કોઈ રૂકાવટ કે મુશ્કેલી ઉભી થતી નથી. પરંતુ વણકર નટ જ્ઞાતિના આગેવાનોએ જણાવ્યું કે અમુક વર્ષો પહેલા અમારા સમાજના લોકોને જાહેર પ્રસંગોમાં આવવા મળતુ ન હતુ.

ગ્રામસભામાં જાવ છો

અભ્યાસના ક્ષેત્રકાર્ય દરમિયાન તથા નટ, નટડા અને બાજીગર જ્ઞાતિઓના આગેવાનો દ્વારા જાણવા મળ્યું કે આ જ્ઞાતિઓના લોકો ગ્રામસભામાં જાય છે કે નહિ તેની માહિતી આપવામાં આવી છે. પરંતુ જે લોકો ગામમાં રહેતા નથી તેમને લાગુ પડતું નથી..

ઉચ્ચજ્ઞાતિઓના વિસ્તારમાં આવેલ સ્થળોમાં પ્રવેશ

નટ, નટડા અને બાજીગર જ્ઞાતિઓના પસંદ કરેલા ગામોમાં આ જ્ઞાતિઓના તમામ લોકોને ઉચ્ચજ્ઞાતિઓના વિસ્તારોમાં આવેલ હોય તેવા સ્થળો જેમાં, શાળા, દવાખાના, બાગબગીચા, કુવા, તળાવ અને બોર, ધોબીઘાટ, ગામની ભાગોળ, પાણીની પરબ અને ખાનગી સંસ્થાઓમાં પ્રવેશ મળતો જોવા મળે છે. પરંતુ વણકર નટના આગેવાનોએ જણાવેલ કે અમુક વર્ષો પહેલા પ્રવેશ મળતો ન હતો. તે સમયે સ્પૃશ્યતા રાખવામાં આવતી હતી. પરંતુ અત્યારે આજના સમયમાં આ સ્થળોએ આભડછેટ થતુ હોય તેવું ધ્યાને આવેલ નથી.

સસ્તા અનાજની દુકાને થતો વ્યવહાર

સસ્તા અનાજની દુકાને આવા કોઈ પણ પ્રકારનો વ્યવહાર થતો હોવાનું ધ્યાને આવેલ નથી. પરંતુ અમુક વર્ષો પહેલા દુરથી અનાજ આપતા હતા.

શાળામાં પીવાના પાણીની કે બેઠક વ્યવસ્થામાં થતો વ્યવહાર

શાળામાં પીવાના પાણી અને બેઠક વ્યવસ્થામાં આભડછેદનો વ્યવહાર થતો હોય તેવો કિસ્સો ધ્યાને આવેલ નથી.

ઉચ્ચ જ્ઞાતિના ઘરોમાં લગ્ન કે જાહેર પ્રસંગોમાં આવકાર

ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓ નટ, વણકર નટ અને નટ બાજીગર જ્ઞાતિઓને તેમના ઘરની બેઠક વ્યવસ્થા સુધી પ્રવેશ મળે છે કે કેમ, તેની માહિતી મેળવવામાં આવી હતી.

કોષ્ટક નં - ૪.૨૩ ઉચ્ચ જ્ઞાતિના લગ્ન કે જાહેર પ્રસંગોમાં આવકાર દર્શાવતું કોષ્ટક

| વિગત | નટ(%) | બાજીગર/ નટ બાજીગર(%) | વણકર/ હરિજન નટ(%) | કુલ(%) |
|---|---|---|---|---|
| હા | 21(12.80) | 19(14.39) | 14(06.64) | 54(10.65) |
| ના | 143(87.20) | 113(85.61) | 197(93.36) | 453(89.35) |
| કુલ | 164(100) | 132 (100) | 211(100) | 507(100) |

ઉપરોક્ત કોષ્ટક પરથી જોઈ શકાય છે કે નટ, નટ બાજીગર અને વણકર નટ જ્ઞાતિના 54 (10.65) ટકા લોકો જ એવા છે કે જેમને ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓના ધરોમાં લગ્ન કે જાહેર પ્રસંગોમાં આવકાર મળે છે. જ્યારે 90% ઉત્તરદાતા એવા છે કે જેમને ત્યાં ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓના ધરોમાં આવકાર મળતો નથી. જેમાં નટ જ્ઞાતિમાં 21 ( 12.80 ટકા, વણકર નટ જ્ઞાતિમાં 14 ( 6.64 ટકા અને બાજીગર જ્ઞાતિમાં 19 ( 14.39 ટકા) ઉત્તરદાઓએ જણાવ્યુ છે. જે 54 ( 10.65 ટકા) ઉત્તરદાતા છે તેઓ શહેરમાં વસવાટ કરે છે અને ઉચ્ચ નોકરી-ધંધા સાથે સંકળાયેલા છે. તેઓને ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓના ઘરમો લગ્ન કે જાહેર પ્રસંગોમાં આવકાર કે પ્રવેશ મળે છે. જ્યારે ગામડામાં વસવાટ કરતા નટ,નટડા અને બાજીગર જ્ઞાતિઓને ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓના ધરોમાં લગ્ન કે જાહેર પ્રસંગોમાં આવકાર મળતો નથી. આમ તારવી શકાય કે નટ,નટડા અને બાજીગર જ્ઞાતિઓને અન્ય જ્ઞાતિઓ અસ્પૃશ્ય ગણે છે.

**આ જ્ઞાતિઓના લગ્ન કે જાહેર પ્રસંગોમાં આમંત્રિત ઉચ્ચ જ્ઞાતિઓ આવે છે કે કેમ**

નટ, નટ બાજીગર અને વણકર નટ જ્ઞાતિઓના લગ્ન કે જાહેર પ્રસંગોમાં આમંત્રિત ઉચ્ચ ગણાતી જ્ઞાતિના લોકો આવે છે અને તેમની વચ્ચે જમવાનો વ્યવહાર છે કે કેમ તેની માહિતી આપવામાં આવી છે.

કોષ્ટક નં - ૪.૨૪ આ જ્ઞાતિઓના લગ્ન કે જાહેર પ્રસંગોમાં આમંત્રિત ઉચ્ચ જ્ઞાતિઓ આવે છે કે કેમ તે દર્શાવતું કોષ્ટક

| વિગત | નટ(%) | બાજીગર/ નટ બાજીગર( %) | વણકર/ હરિજન નટ(%) | કુલ(%) |
|---|---|---|---|---|
| હા | 21(12.80) | 0(0) | 14(06.64) | 35(06.90) |
| ના | 143(87.20) | 132(100) | 197(93.36) | 472(93.10) |
| કુલ | 164(100) | 132 (100) | 211(100) | 507(100) |

નટ અને વણકર નટ જ્ઞાતિઓના માત્ર 35(6.90 ટકા) ઉત્તરદાતા એવા છે કે જેમને ત્યાં લગ્ન કે જાહેર પ્રસંગોમાં આમંત્રિત ઉચ્ચ ગણાતી જ્ઞાતિના લોકો આવે છે. જેમાં નટમાં 21( 12.80 ટકા) અને વણકર નટમાં 14(6.64 ટકા) ઉત્તરદાતાઓ જણાવે છે કે તેમના ઘરે ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓને આમંત્રણ આપીએ તો તેઓ લગ્ન કે જાહેર પ્રસંગોમાં આવે છે. જ્યારે 427 (93ટકા) ઉત્તરદાતાઓ એવા છે કે જેમને ત્યાં ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓના લોકો લગ્ન કે જાહેર પ્રસંગોમાં આવતાં નથી.

ડીજે કે વરઘોડામાં ઉચ્ચ જ્ઞાતિ દ્વારા અટકાયત થાય છે.

અભ્યાસ ક્ષેત્રના પસંદ કરેલા ગામોમાં ક્ષેત્રકાર્ય દરમિયાન તથા નટ, વણકર નટ અને બાજીગર જ્ઞાતિઓના આગેવાનો સાથે થયેલ મુલાકાતમાં તેઓએ જણાવ્યું કે લગ્ન કે જાહેર પ્રસંગોમાં ડીજે કે વરઘોડામાં ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓ દ્વારા નટ, નટ બાજીગર અને વણકર નટ જ્ઞાતિઓની અટકાયત થઈ હોય તેવા કોઈ ઉત્તરદાતાઓ નથી.

લગ્ન કે જાહેર પ્રસંગોમાં ડીજે કે વરઘોડામાં ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓ દ્વારા અટકાયત થઈ હોય. માત્ર વણકર નટમાં 3 ઉત્તરદાતા એવા હતા, જેમણે જણાવ્યું કે વર્ષો પહેલા અમને વરઘોડામાં અટકાવ્યા હતા. પરંતુ હાલમાં આમ કોઈ અટકાયત કરતું નથી.

જાહેર સંગઠનો કે સમિતિમાં જ્ઞાતિઓના લોકો જોડાયેલ છે કે કેમ

ગામ કે વિસ્તારના જાહેર સંગઠન કે સમિતિઓ કે જેમાં ઉચ્ચ જ્ઞાતિ લોકો જોડાયેલ તેવા કોઈ પણ સંગઠનમાં જેવા કે યુવા સંગઠન, મહિલા સંગઠન, બચત મંડળી કે સહકારી મંડળીમાં આ જ્ઞાતિઓના લોકો જોડાયેલ નથી.

કેશ સ્ટડી

1. શંકરભાઇ છગનભાઇ સોલંકી
   ઉંમર – 52
   જાતિ – પુરુષ
   શિક્ષણ – ધોરણ-9
   સરનામુઃ ટોકરાળા, તા. લીમડી, જિ. સુરેન્દ્રનગર

શંકરભાઇ જણાવે છે કે અમારા ગામમાં વસતા અમારા સમાજના લોકોનો મુખ્ય વ્યવસાય મજુરી, ખેતમજુરી, ભિક્ષાવૃતિ, ઢોલ વગાડવો, અંગકસરતના દાવ વગેરે છે. અમારી આસપાસ વણકર જ્ઞાતિના લોકો વસવાટ કરે છે. આ વણકર જ્ઞાતિ સાથે જમવા-બેસવા-ઉઠવાનો વ્યવહાર છે. ઉચ્ચ જ્ઞાતિઓ સાથે પણ વ્યવહાર છે. પરંતુ છેલ્લા 20-25 વર્ષથી છે. મારા મિત્ર સંકુલમાં બધી જ જાતિના લોકો છે. પીવાના પાણી માટે ઘરે જ નળની વ્યવસ્થા છે. પરંતુ 10 વર્ષ પહેલા અમારા ગામમાં અમારી પાણી ભરવાની વ્યવસ્થા અલગ હતી. અમારા વિસ્તારમાં કુવા કે પંપ નહોતા. ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓના મંદિરોમાં અમને પ્રવેશ નથી. જ્યારે અસ્પૃશ્ય ગણાતી જ્ઞાતિઓના વિસ્તારમાં આવેલ મંદિરમાં પ્રવેશ કરીએ છીએ. અમે ધરેલ પ્રસાદની વહેંચણી પોતાની અને દલિત જ્ઞાતિમાં જ કરીએ છીએ. ઘરમાં ધાર્મિક વિધિઓમાં પોતાના બ્રાહ્મણ આવે છે.

વાળંદ દ્રારા વાળ-દાઢી કરી આપવામાં આવે છે. પરંતુ પાંચ વર્ષ પહેલા વાળંદ વાળ-દાઢી નહોતા કરી આપતા. વણકર દરજી જોડે કપડા સિવડાવે છે પરંતુ હું અમદાવાદ રહેતો હોવાથી અહીં સામાન્ય રીતે કોઇપણ દરજી પાસે કપડા સીવડાવું છું. કરિયાણાની દુકાને હાલમાં ભેદભાવ થતો નથી, પરંતુ પાંચ વર્ષ પહેલા થતો હતો. અમારી જ્ઞાતિના કારીગરોને અલગ જમવા બેસાડવામાં આવે છે. પહેલા તો કામે પણ લઇ જતા નહોતા. ખેતમજુરો સાથે તોછડાઇ અને ધૃણાભર્યો વ્યવહાર કરવામાં આવે છે. ઉચ્ચ ગણાતી જ્ઞાતિ સાથે અમારી ચીજ-વસ્તુની લેવડ-દેવડ સામાન્ય રીતે થાય છે. ખાનગીમાં વાહનોમાં અત્યારે સામાન્ય વ્યવહાર થાય છે, પરંતુ પહેલા ઉચ્ચજ્ઞાતિના લોકોના ખાનગી વાહનોમાં બેસવા મળતુ નહોતું. ચાની કિટલીએ ઉચ્ચ ગણાતી જ્ઞાતિ સાથે બેસી ચા પી શકીએ છીએ, પંરતુ 10 વર્ષ પહેલા નહોતાં પી શકતા. બસમાં કે જાહેર વાહનોમાં ઓળખાતી ઉચ્ચ ગણાતી જ્ઞાતિની વ્યક્તિ સાથે બેસી શકીએ છીએ. પરંતુ 10 વર્ષ પહેલા બેસી શકતા નહોતા.

ગ્રામસભામાં વણકરો સાથે બેસી શકીએ છીએ પરંતુ રજુઆત કરવા દેતા નથી. શાળામાં અત્યારે વિદ્યાર્થીઓ સાથે સામાન્ય વ્યવહાર થાય છે, પરંતુ 10 વર્ષ પહેલા અલગ બેસાડતા હતા. દવાખાનામાં અમારી સાથે સામાન્ય વ્યવહાર થાય છે. ગામની ભાગોળે પોતાની જ્ઞાતિના લોકો સાથે બેસીએ છીએ. 15-20 વર્ષ પહેલા અલગ ધોબીઘાટ હતો. ગ્રામીણ બેન્કો, ગ્રામીણ ધિરાણ મંડળી, પોસ્ટ ઓફિસ, ખાનગી સંસ્થાઓ અને સસ્તા અનાજની દુકાન પર સામાન્ય વર્તન થાય છે.

ગામના જાહેર પ્રસંગોમાં જમવા માટે નિમંત્રણ મળે છે પરંતુ જમવાની વ્યવસ્થા અલગ હોય છે. અમારા પ્રસંગોમાં ગામના ઉચ્ચ ગણાતા જ્ઞાતિના લોકો આવે છે પરંતુ જમતા નથી. અસ્પૃશ્ય ગણાતી જ્ઞાતિના લોકો સાથે અમારો વ્યવહાર બેસવા-જમવા-ઉઠવાનો છે. ગામના જાહેર સંગઠનોમાં અમારી જ્ઞાતિનું કોઇ જોડાયેલ નથી. અમારી જોડે આધાર પુરાવા છે. પરંતુ જ્ઞાતિનું પ્રમાણપત્ર નથી કારણ કે હરીજન નટ લખાયેલ હોવાથી સર્ટિફિકેટ નીકળતું નથી. અમારો મુખ્ય પ્રશ્ન સમાજના નટ જતિના લોકોને પરિજન નટ લખાયેલ હોવાથી જાતિનું પ્રમાણપત્ર મળતું નથી તો અમને પ્રમાણપત્ર મળે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.

2. તુલસીભાઇ કાન્તિભાઇ નટ

ઉંમર – 60

જાતિ – પુરૂષ

શિક્ષણ- ધોરણ-9

સરનામું – નાની કડી, તા. કડી, જિ. મહેસાણા

તુલસીભાઇ જણાવે છે કે અમારા ગામમાં વસતા અમારા સમાજના લોકોનો મુખ્ય વ્યવસાય મજુરી, ભિક્ષાવૃતિ, ખાનગી નોકરી, ડ્રાઇવિંગ વગેરે છે. અમારી આસપાસ વણકર અને દેવીપુજક જ્ઞાતિના લોકો વસવાટ કરે છે. અને આ વણકર જ્ઞાતિ સાથે જમવાનો વ્યવહાર છે. ઉચ્ચ ગણાતી જ્ઞાતિના લોકો કામે બાલાવે છે. બીજો ખાસ કોઇ સંબંધ નથી. ઉચ્ચ જ્ઞાતિના લોકોના ઘરે જઇએ તો તોછડાઇભર્યું વર્તન કરવામાં આવે છે. મારા મિત્ર સંકુલમાં વણકર, ચમાર, દેવીપૂજક અને નટ જ્ઞાતિના મિત્રો છે. પીવાના પાણી માટે ઘરે જ નળ આવી ગયા છે પરંતુ 10-15 વર્ષ પહેલા ગામનો કુવો અને અમારો અને વણકર જ્ઞાતિનો કુવો અલગ હતો. અમારા વિસ્તારમાં કુવા હતા. ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓના મંદિરોમાં અમને મંદિર-પ્રવેશ નથી. જ્યારે અસ્પૃશ્ય ગણાતી જ્ઞાતિઓના વિસ્તારમાં આવેલ મંદિરમાં પ્રવેશ કરીએ છીએ. અમે ધરેલ પ્રસાદની વહેંચણી પોતાની અને દલિત જ્ઞાતિમાં કરીએ છીએ. ઘરમાં ધાર્મિક વિધીઓમાં પોતાના બ્રાહ્મણ આવે છે.

વાણંદ દ્વારા વાળ-દાઢી કરી આપવામાં આવે છે. દરજી જોડે કપડા સીવડાવીએ છીએ પરંતુ 10-15 વર્ષ પહેલા વણકર દરજી પાસે સીવડાવતા હતા. કરિયાણાની દુકાને અત્યારે ભેદભાવ થતો નથી પરંતુ 10-15 વર્ષ પહેલા ભેદભાવ થતો હતો. અમારી જ્ઞાતિના કારીગરો અને ખેતમજુરો સાથે તોછડાઇભર્યો વ્યવહાર થાય છે. પહેલા તો કામે પણ લઇ જતા ન હતા. ઉચ્ચ ગણાતી જ્ઞાતિના લોકો પાસેથી કોઇ ચીજવસ્તુ લાવી શકાય પરંતુ આપી શકાય નહિ. ખાનગી વાહનોમાં અત્યારે સામાન્ય વ્યવહાર થાય છે. પરંતુ 10-15 વર્ષ પહેલા નહોતા બેસાડતા. ચાની કીટલીએ ઉચ્ચ ગણાતી જ્ઞાતિ સાથે બેસી ચા પી શકીએ પરંતુ 10-15 વર્ષ પહેલા નહોતા પી શકતા. બસમાં કે જાહેર વાહનોમાં ઓળખાતી ઉચ્ચ ગણાતી જ્ઞાતિ સાથે બેસી શકીએ છીએ પંરતુ 10 વર્ષ પહેલા નહોતા બેસી શકતા.

ગ્રામસભામાં અમારી જ્ઞાતિમાંથી કોઇ વ્યક્તિ જતું નથી. શાળામાં હાલમાં અમારા વિદ્યાર્થીઓ જોડે સામાન્ય વ્યવહાર થાય છે પરંતુ 20-25 વર્ષ પહેલા અમારા બાળકોને અલગ બેસાડતા. દવાખાનાંમાં અમારી સાથે સામાન્ય વ્યવહાર થાય છે. ગામની ભાગોળે પોતાની જ્ઞાતિના લોકો સાથે બેસીએ છીએ. 15-20 વર્ષ પહેલા ધોબીઘાટ અલગ હતો. ગ્રામીણ બેંકો, ગ્રામીણ ધિરાણ મંડળી, પોસ્ટ ઓફિસ, ખાનગી સંસ્થાઓ અને સસ્તા અનાજની દુકાન પર સામાન્ય વર્તન થાય છે.

ગામના જાહેર પ્રસંગોમાં જમવા માટે નિમંત્રણ મળે છે અને જમવાનું પણ બધા લોકોની સાથે જ હોય છે. અમારા પ્રસંગોમાં ગામના ઉચ્ચ જ્ઞાતિના લોકો આવે છે પરંતુ જમતા નથી. અસ્પૃશ્ય ગણાતી જ્ઞાતિના લોકો સાથે અમારો વ્યવહાર બેસવા-જમવા-ઉઠવાનો બાપ-દાદાના વખતથી છે. ગામના જાહેર સંગઠનોમાં અમારી જ્ઞાતિનું કોઇ જોડાયેલ નથી. અમારી જોડે જ્ઞાતિના પુરાવા છે. પરંતુ જ્ઞાતિ પ્રમાણપત્ર નથી કારણ કે હરિજન નટ લખાયેલ હોવાથી કોઇ સર્ટિફિકેટ નીકળતુ નથી.

3. પંકજભાઇ નટવરભાઇ નટ

ઉમંર – 37

જાતિ – પુરુષ

શિક્ષણ – ધોરણ-9

સરનામું – પાનસર, તા. કલોલ, જિ. ગાંધીનગર

પંકજભાઇ જણાવે છે કે અમારા ગામમાં વસતા અમારા સમાજના લોકોનો મુખ્ય વ્યવસાય છુટક મજુરી, અને ભિક્ષાવૃતિ વગેરે છે. અમારી આસપાસ વણકર જ્ઞાતિના લોકો વસવાટ કરે છે. અને આ વણકર,ચમાર જ્ઞાતિ સાથે અમારે ભાણે જમવાનો વ્યવહાર છે. ઉચ્ચજ્ઞાતિઓ સાથે મજુરકામ જવા પુરતો વ્યવહાર છે. ઉચ્ચ જ્ઞાતિઓના ઘરમાં આવકાર મળતો નથી. મારા મિત્ર સંકુલમાં પોતાની જ્ઞાતિ અને વણકર જ્ઞાતિના લોકો છે. પીવાના પાણી માટે ઘરે જ નળની વ્યવસ્થા છે પરંતુ 25 વર્ષ પહેલા અમારી જ્ઞાતિનો કુવો અલગથી અસ્પૃશ્ય ગણાતી જ્ઞાતિઓ સાથેનો હતો. ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓના મંદિરોમાં અમને પ્રવેશ નથી પરંતુ શહેરી વિસ્તારોમાં પ્રવેશ છે જ્યારે અસ્પૃશ્ય ગણાતી જ્ઞાતિઓના વિસ્તારમાં આવેલ મંદિરમાં પ્રવેશ કરીએ છીએ. અમે ધરેલ પ્રસાદની વહેંચણી પોતાની અને દલિત જ્ઞાતિમાં કરીએ છીએ. ઘરમાં ધાર્મિક વિધિઓમાં પોતાના બ્રાહ્મણ આવે છે.

વાળંદ દ્વારા વાળ-દાઢી કરી આપવામાં આવે છે. પરંતુ 15-20 વર્ષ પહેલા ગામના વાળંદ વાળ-દાઢી નહોતા કરી આપતા. ગામના દરજી અત્યારે સામાન્ય રીતે કપડા તૈયાર કરી આપે છે પરંતુ 15-20 વર્ષ પહેલા વણકર દરજી પાસે કપડા તૈયાર કરાવતા હતા. કરીયાણા માટે મારી પોતાની જ દુકાન છે અને દુકાનમાંથી સામાન અમારી અને વણકર જ્ઞાતિના લોકો લઇ જાય છે. કારીગરો અને ખેતમજુરો સાથે સામાન્ય વ્યવહાર થાય છે. પરંતુ જમવા અલગ બેસે છે અને પહેલા તો કામે પણ લઇ જતા નહતા. ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓને સાથે લેવડ-દેવડ સામાન્ય રીતે થાય છે પરંતુ 20 વર્ષો પહેલા એક બાજુ મુકી દેતા હતા અને અમે લઇ લઇએ. ખાનગી

ાહનોમાં સામાન્ય વ્યવહાર થાય છે. બસમાં કે જાહેર વાહનોમાં ઓળખતી ઉચ્ચ ગણાતી જ્ઞાતિની વ્યક્તિ સાથે બેસી શકીએ છીએ. 10-15 વર્ષ પહેલા નહોતા બેસી શકતા.

ગ્રામસભામાં જતા જ નથી. શાળામાં હાલ અમારા બાળકો સાથે સામાન્ય વ્યવહાર થાય છે. પરંતુ 20-25 વર્ષ પહેલા અલગ બેસતા હતા. દવાખાનામાં પહેલાથી જ સામાન્ય વ્યવહાર થાય છે. ગામની ભાગોળે પોતાની જ્ઞાતિના અને વણકર જ્ઞાતિના લોકો સાથે બેસી શકીએ છીએ. 15-20 વર્ષો પહેલા દલિત જ્ઞાતિ સાથે અમારો અલગ ધોબીઘાટ હતો. ગ્રામીણ બેન્કો, ગ્રામીણ ધિરાણ મંડળી, પોસ્ટ ઓફિસ, ખાનગી સંસ્થાઓ અને સસ્તા અનાજની દુકાન પર સામાન્ય વર્તન થાય છે.

ગામના જાહેર પ્રસંગોમાં જમવા માટે નિમંત્રણ મળે છે અને વ્યવસ્થા પણ બધાની સાથે હોય છે પરંતુ 10-15 વર્ષ પહેલા વ્યવસ્થા અલગ હતી. અમારા પ્રસંગોમાં ગામના ઉચ્ચ ગણાતી જ્ઞાતિના લોકો આવતા નથી. અસ્પૃશ્ય ગણાતી જ્ઞાતિના લોકો સાથે અમારો વ્યવહાર ઘર જેવો છે. ગામના જાહેર સંગઠનોમાં અમારી જ્ઞાતિનું કોઇ જોડાયેલ નથી. અમારી જોડે જ્ઞાતિના આધાર પુરાવા નથી. જ્ઞાતિ પ્રમાણપત્ર નથી કારણ કે હરિજન નટ લખાયેલ હોવાથી સર્ટિફિકેટ નીકળતું નથી.

4. દેવજીભાઇ રત્નાભાઇ પરમાર

ઉંમર – 54

જાતિ- પુરુષ

શિક્ષણ - ધોરણ-7

સરનામું – વણકરવાસ, રનોડા, તા. ધોળકા, જિ. અમદાવાદ

દેવજીભાઇ જણાવે છે કે અમારા ગામમાં વસતા અમારા સમાજના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતમજુરી, છુટક મજુરી, ખાનગી નોકરી અને ભિક્ષાવૃતિ વગેરે છે. અમારી આસપાસ વણકર અને ચમાર જ્ઞાતિના લોકો વસવાટ કરે છે. અને આ વણકર અને ચમાર જ્ઞાતિ સાથે ભાણા વ્યવહાર છે. ઉચ્ચ જ્ઞાતિઓ સાથે મજુરી કામ પુરતા સંબંધો છે. ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓના ઘરોમાં આવકાર મળતો નથી. મારા મિત્રસંકુલમાં પોતાની અને વણકર જ્ઞાતિના મિત્રો છે. પીવાના પાણી માટે ઘરે નળ છે પરંતુ 20-25 વર્ષ પહેલા અલગ વ્યવસ્થા હતી. ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓના મંદિરોમાં અમને મંદિર પ્રવેશ નથી. જ્યારે અસ્પૃશ્ય ગણાતી જ્ઞાતિઓના વિસ્તારમાં આવેલ મંદિરમાં પ્રવેશ કરીએ છીએ. અમે ધરેલ પ્રસાદની વહેંચણી પોતાની અને દલિત જ્ઞાતિમાં કરીએ છીએ. ઘરમાં વાર્ષિક વિધીઓમાં વણકરના બ્રાહ્મણ આવે છે.

વાળંદ દ્વારા વાળ-દાઢી કરી આપવામાં આવે છે પરંતુ 20-25 વર્ષ પહેલાં વાળંદ વાળ-દાઢી નહોતા કરી આરતા. દરજી કપડા તૈયાર કરી આપે છે પરંતુ 20-25 વર્ષ પહેલાં નહોતા કરી આપતા. ત્યારે વણકર દરજી જોડે કપડા તૈયાર કરાવતા હતા. કરીયાણાની દુકાને હાલમાં સામાન્ય રીતે વ્યવહાર થાય છે પરંતુ 15-20 વર્ષ પહેલા ભેદભાવ થતો હતો. કારીગરો અને ખેતમજૂરોને અલગથી જમવાની વ્યવસ્થા હોય છે. વસ્તુની લેવડ-દેવડમાં હાલ સામાન્ય રીતે વ્યવહાર થાય છે પરંતુ 20-25 વર્ષ પહેલા ભેદભાવ

થતો હતો. ખાનગી વાહનોમાં અત્યારે સામાન્ય વ્યવહાર થાય છે, બસમાં કે જાહેર વાહનોમાં ઓળખતી ઉચ્ચ ગણાતી જ્ઞાતિની વ્યકિત સાથે બેસી શકીએ છીએ પરંતુ 20-25 વર્ષ પહેલા બેસી શકતા નહોતા.

ગ્રામસભામાં જતા નથી. શાળામાં અત્યારે અમારા બાળકો સાથે સામાન્ય વ્યવહાર થાય છે. દવાખાનામાં અમારી સાથે સામાન્ય વ્યવહાર થાય છે. ગામની ભાગોળે પોતાની જ્ઞાતિના અને વણકર જ્ઞાતિના લોકો સાથે બેસી શકીએ છીએ. ગ્રામીણ બેન્કો, ગ્રામીણ ધિરાણ મંડળી, પોસ્ટ ઓફિસ, ખાનગી સંસ્થાઓ અને સસ્તા અનાજની દુકાન પર સામાન્ય વર્તન થાય છે.

ગામના જાહેર પ્રસંગોમાં જમવા માટે નિમંત્રણ મળે છે પરંતુ જમવાની વ્યવસ્થા અલગ હોય છે માટે જતા નથી. અમારા ઘરના પ્રસંગોમાં ઉચ્ચ ગણાતી જ્ઞાતિના લોકો આવે છે પરંતુ જમતા નથી. અસ્પૃશ્ય ગણાતી જ્ઞાતિના લોકો સાથે ઘર જેવો વ્યવહાર છે. બાપ-દાદાના સમયથી અસ્પૃશ્ય ગણાતી જ્ઞાતિઓ સાથે સારા સંબંધો છે. ગામના જાહેર સંગઠનોમાં અમારી જ્ઞાતિનું કોઇ જોડાયેલ નથી. અમારી જોડે જ્ઞાતિના આધાર પુરાવા નથી. જ્ઞાતિનું પ્રમાણપત્ર પણ નથી કારણ કે હરિજન નટ લખાયેલ હોવાથી કોઇ સર્ટિફિકેટ નીકળતું નથી.

5. બચુભાઇ મેરૂભાઇ નટ

ઉંમર -50

જાતિ –પુરુષ

શિક્ષણ – નિરક્ષર

સરનામું – ગુંદી ટેકરા મિરોલી દસકોઇ, અમદાવાદ

બચુભાઇ જણાવે છે કે અમારા ગામમાં વસતા અમારા સમાજના લોકોનો મુખ્ય વ્યવસાય સંગીત, છુટક મજુરી, ખેત મજુરી, ખાનગી નોકરી અને ભિક્ષાવૃતિ વગેરે છે. અમારી આસપાસ વણકર જ્ઞાતિના લોકો વસવાટ કરે છે. આ વણકર જ્ઞાતિ સાથે ભાણા વ્યવહાર છે. ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓ સાથે મજુરી કામ પુરતા સંબંધો છે. ઉચ્ચ જ્ઞાતિઓના ઘરોમાં આવકાર મળતો નથી. મારા મિત્રસંકુલમાં પોતાની અને વણકર જ્ઞાતિના મિત્રો છે. પીવાના પાણી માટે ઘરે નળ છે પરંતુ 20-25 વર્ષ પહેલા અમારી વ્યવસ્થા અસ્પૃશ્ય ગણાતી જ્ઞાતિઓ સાથે અલગ હતી. ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓના મંદિરોમાં અમને છેલ્લા 15-20 વર્ષથી મંદિર પ્રવેશ છે, પહેલા ન હતો. અસ્પૃશ્ય ગણાતી જ્ઞાતિઓના વિસ્તારમાં આવેલ મંદિરમાં પ્રવેશ કરીએ છીએ. અમે ધરેલું પ્રસાદની વહેંચણી પોતાની અને દલિત જ્ઞાતિમાં કરીએ છીએ. ઘરમાં ધાર્મિક વિધિઓમાં બ્રાહ્મણ આવે છે.

વાળંદ દ્વારા વાળ-દાઢી કરી આપવામાં આવે છે. દરજી દ્રારા કપડા તૈયાર કરાવીએ છીએ પહેલા વણકર દરજી જોડે કપડા તૈયાર કરાવતા હતા. કરીયાણાની દુકાને સામાન્ય રીતે વ્યવહાર કરવામાં આવે છે પરંતુ 15-20 વર્ષ પહેલા સામાન મુકી દેતા હતા અને પછી અમે લઇ લેતા હતા. કારીગરો અને ખેતમજુરોને અલગથી જમવા બેસવું પડે છે. પહેલા તો કામ કરવા પણ લઇ જતા નહિ. ઉચ્ચ ગણાતી જ્ઞાતિના લોકો સાથે અમારી કોઇ ચીજ-વસ્તુની લેવડ દેવડ સામાન્ય રીતે થાય છે. ખાનગી વાહનોમાં અત્યારે સામાન્ય

વ્યવહાર થાય છે. પરંતુ 20-25 વર્ષ પહેલા બેસાડતા નહોતા.ચાની કિટલીએ ઉચ્ચ ગણાતી જ્ઞાતિ સાથે બેસી ચા પી શકીએ છીએ. બસમાં કે જાહેર વાહનોમાં ઓળખાતી ઉચ્ચ ગણાતી જ્ઞાતિની વ્યક્તિ સાથે બેસી શકીએ છીએ. પરંતુ 20-25 વર્ષ પહેલા બેસી શકતા નહોતા.

ગ્રામસભામાં જતા નથી, શાળામાં વિદ્યાર્થીઓ સાથે અત્યારે સામાન્ય વ્યવહાર થાય છે. દવાખાનામાં સામાન્ય વ્યવહાર થાય છે. ગામની ભાગોળે પોતાની જ્ઞાતિના અને વણકર જ્ઞાતિના લોકો સાથે બેસી શકીએ છીએ. ગ્રામીણ બેંકો, ગ્રામીણ ધિરાણ મંડળી, પોસ્ટ ઓફિસ, ખાનગી સંસ્થાઓ અને સસ્તા અનાજની દુકાન પર સામાન્ય વર્તન થાય છે.

ગામના જાહેર પ્રસંગોમાં જમવા માટે નિમંત્રણ મળે છે. પંરતુ જમવાની વ્યવસ્થા અલગ હોય છે માટે જતા નથી. અમારા પ્રસંગોમાં ગામમાં ઉચ્ચ ગણાતી જ્ઞાતિના લોકો આવે છે પરંતુ જમતા નથી. અસ્પૃશ્ય ગણાતી જ્ઞાતિના લોકો સાથે અમારો વ્યવહાર બેસવા-ઉઠવાનો, જમવાનો બાપ-દાદાના વખતથી છે. ગામના જાહેર સંગઠનોમાં અમારી જ્ઞાતિનું કોઇ જાડાયેલ નથી. અમારી જોડે જ્ઞાતિના આધાર પુરાવા છે. જ્ઞાતિ પ્રમાણપત્ર નથી કારણ કે હરિજન નટ લખાયેલ હોવાથી કોઇ સર્ટિફિકેટ નીકળતું નથી.

6. અરવિંદભાઇ ભીખાભાઇ સોલંકી

ઉંમર – 52

જાતિ – પુરુષ

શિક્ષણ – ધોરણ-10

સરનામું – નટવાસ, ભાથીજી મંદિરની બાજુમાં, વેજલપુર

અરવિંદભાઇ જણાવે છે કે અમારા વિસ્તારમાં વસતા અમારા સમાજના લોકોનો મુખ્ય વ્યવસાય ખાનગી નોકરી, મજુરી અને ડ્રાઇવિંગ છે. અમારી આસપાસ વણકર અને અન્ય જ્ઞાતિના લોકો વસાવટ કરે છે. અને આ વણકર જ્ઞાતિ અને અન્ય જ્ઞાતિઓ સાથે ભાણા વ્યવહાર છે. ઉચ્ચ જ્ઞાતિઓ સાથે સંબંધ છે. કારણ કે શહેરમાં કોઇ ભેદભાવ રાખતું નથી. ઉચ્ચ જ્ઞાતિઓના ઘરમાં આવકાર મળે છે. ઉચ્ચ જ્ઞાતિઓના ઘરમાં જતા સારો વ્યવહાર કરે છે. મારા મિત્ર સંકુલમાં બધી જ જાતિના લોકો છે. પીવાના પાણી માટે ઘરે જ નળની વ્યવસ્થા છે. અસ્પૃશ્ય ગણાતી જ્ઞાતિઓના વિસ્તારમાં આવેલ મંદિરમાં પ્રવેશ કરીએ છીએ અને ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓના વિસ્તારમાં આવેલ મંદિરમાં પણ પ્રવેશ કરીએ છીએ. અમે ધરેલ પ્રસાદની વહેંચણી બધાને કરી શકીએ છીએ. ઘરમાં ધાર્મિક વિધી માટે પોતાના બ્રાહ્મણ આવે છે.

વાળંદ દ્વારા વાળ-દાઢી કરી આપવામાં આવે છે. દરજી દ્વારા કપડાં તૈયાર કરી આપવામાં આવે છે. કરીયાણાની દુકાને પણ સામાન્ય વ્યવહાર થાય છે. દુધની ડેરી અને દુકાનમાં પણ સામાન્ય વ્યવહાર થાય છે. કારીગરો સાથે કોઇ ભેદભાવ થતો નથી. અમારા કારીગરો બધા કારીગરો સાથે બેસી જમી શકે છે. ઉચ્ચ ગણાતી જ્ઞાતિના લોકો સાથે અમારી કોઇ ચીજ-વસ્તુની લેવડ-દેવડ સામાન્ય રીતે જ થાય છે. ખાનગી વાહનોમાં કોઇ ભેદભાવ થતો નથી. ચાની કિટલીએ ઉચ્ચ ગણાતી જ્ઞાતિ સાથે બેસી ચા પી શકીએ છીએ.

બસમાં કે જાહેર વાહનોમાં ઓળખાતી ઉચ્ચ ગણાતી જ્ઞાતિની વ્યક્તિઓ સાથે બેસી શકીએ છીએ.

શાળા કે દવાખાનામાં અમારી જ્ઞાતિ, બાળકો કે વ્યક્તિઓ સાથે કોઇ ભેદભાવ થતો નથી કારણ કે અમદાવાદ શહેરમાં અસ્પૃશ્યતાનું પ્રમાણ નહિવત છે. પોસ્ટ ઓફિસ, સરકારી ઓફિસો કે બેંકોમાં, ખાનગી સંસ્થાઓ અને સસ્તા અનાજની દુકાન પર સામાન્ય વર્તન થાય છે.

જાહેર પ્રસંગોમાં જમવા માટે નિમંત્રણ મળે છે અને જમવાની વ્યવસ્થા પણ બધાની સાથે જ હોય છે. અમારા પ્રસંગોમાં ઉચ્ચ જ્ઞાતિના લોકો આવે છે અને જમે પણ છે. અસ્પૃશ્ય ગણાતી જ્ઞાતિના લોકો સાથે અમારો વ્યવહાર બેસવા-ઉઠવા અને જમવાનો છે. અમારી જોડે જ્ઞાતિના આધાર પુરાવા છે.

7 દિનેશભાઈ કાન્તિભાઈ નટ

ઉંમર – 55

જાતિ – પુરૂષ

શિક્ષણ- ધોરણ-1

સરનામું – નાની કડી, તા. કડી, જિ. મહેસાણા

દિનેશભાઈ જણાવે છે કે અમારા ગામમાં વસતા અમારા સમાજના લોકોનો મુખ્ય વ્યવસાય મજુરી, ભિક્ષાવૃતિ, ખાનગી નોકરી, ડ્રાઇવિંગ વગેરે છે. અમારી આસપાસ વણકર અને દેવીપુજક જ્ઞાતિના લોકો વસવાટ કરે છે. અને આ વણકર જ્ઞાતિ સાથે જમવા- બેસવા-ઉઠવાનો વ્યવહાર છે. ઉચ્ચ ગણાતી જ્ઞાતિના લોકો કામે બાલાવે છે. બીજો ખાસ કોઇ સંબંધ નથી. ઉચ્ચ જ્ઞાતિના લોકોના ઘરે જઇએ તો તોછડાઇભર્યું વર્તન કરવામાં આવે છે. મારા મિત્ર સંકુલમાં વણકર, ચમાર, દેવીપુજક અને નટ જ્ઞાતિના મિત્રો છે. પીવાના પાણી માટે ઘરે જ નળ આવી ગયા છે પરંતુ 10-15 વર્ષ પહેલા ગામનો કુવો અને અમારો અને વણકર જ્ઞાતિનો કુવો અલગ હતો. અમારા વિસ્તારમાં કુવા હતા. ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓના મંદિરોમાં અમને મંદિર-પ્રવેશ નથી. જ્યારે અસ્પૃશ્ય ગણાતી જ્ઞાતિઓના વિસ્તારમાં આવેલ મંદિરમાં પ્રવેશ કરીએ છીએ. અમે ધરેલ પ્રસાદની વહેંચણી પોતાની અને દલિત જ્ઞાતિમાં કરીએ છીએ. ઘરમાં ધાર્મિક વિધીઓમાં પોતાના બ્રાહ્મણ આવે છે.

વાણંદ દ્વારા વાળ-દાઢી કરી આપવામાં આવે છે. દરજી જોડે કપડા સીવડાવીએ છીએ પરંતુ 10-15 વર્ષ પહેલા વણકર દરજી પાસે સીવડાવતા હતા. કરિયાણાની દુકાને અત્યારે ભેદભાવ થતો નથી પરંતુ 10-15 વર્ષ પહેલા ભેદભાવ થતો હતો. અમારી જ્ઞાતિના કારીગરો અને ખેતમજુરો સાથે તોછડાઇભર્યો વ્યવહાર થાય છે. પહેલા તો કામે પણ લઇ જતા નહિ. ઉચ્ચ ગણાતી જ્ઞાતિના લોકો પાસેથી કોઇ ચીજવસ્તુ લાવી શકાય પરંતુ આપી શકાય નહિ. 10-15 વર્ષ પહેલા તો કોઇ લેવડદેવડ જ નહોતી થતી. ખાનગી વાહનોમાં અત્યારે સામાન્ય વ્યવહાર થાય છે. પરંતુ 10-15 વર્ષ પહેલા નહોતા બેસાડતા. ચાની કીટલીએ ઉચ્ચ ગણાતી જ્ઞાતિ સાથે

બેસી ચા પી શકીએ પરંતુ 10-15 વર્ષ પહેલા નહોતા પી શકતા. બસમાં કે જાહેર વાહનોમાં ઓળખાતી ઉચ્ચ ગણાતી જ્ઞાતિ સાથે બેસી શકીએ છીએ પંરતુ 10 વર્ષ પહેલા નહોતા બેસી શકતા.

ગ્રામસભામાં અમારી જ્ઞાતિમાંથી કોઇ વ્યક્તિ જતું નથી. શાળામાં હાલમાં અમારા વિદ્યાર્થીઓ જોડે સામાન્ય વ્યવહાર થાય છે પરંતુ 20-25 વર્ષ પહેલા અમારા બાળકોને અલગ બેસાડતા. દવાખાનાંમાં અમારી સાથે સામાન્ય વ્યવહાર થાય છે. ગામની ભાગોળે પોતાની જ્ઞાતિના લોકો સાથે બેસીએ છીએ. 15-20 વર્ષ પહેલા ધોબીઘાટ અલગ હતો. ગ્રામીણ બેંકો, ગ્રામીણ ધિરાણ મંડળી, પોસ્ટ ઓફિસ, ખાનગી સંસ્થાઓ અને સસ્તા અનાજની દુકાન પર સામાન્ય વર્તન થાય છે.

ગામના જાહેર પ્રસંગોમાં જમવા માટે નિમંત્રણ મળે છે અને જમવાનું પણ બધા લોકોની સાથે જ હોય છે. અમારા પ્રસંગોમાં ગામના ઉચ્ચ જ્ઞાતિના લોકો આવે છે પરંતુ જમતા નથી. અસ્પૃશ્ય ગણાતી જ્ઞાતિના લોકો સાથે અમારો વ્યવહાર બેસવા-જમવા-ઉઠવાનો બાપ-દાદાના વખતથી છે. ગામના જાહેર સંગઠનોમાં અમારી જ્ઞાતિનું કોઇ જોડાયેલ નથી. અમારી જોડે જ્ઞાતિના પુરાવા છે. પરંતુ જ્ઞાતિ પ્રમાણપત્ર નથી કારણ કે હરિજન નટ લખાયેલ હોવાથી કોઇ સર્ટિફિકેટ નીકળતુ નથી.

## પ્રકરણ – 5

# નિષ્કર્ષો અને ભલામણો

1. વસ્તીવિષયક માહિતીના તારણો
2. આર્થિક બાબતોની માહિતીના તારણો
3. સામાજિક માહિતીના તારણો
4. અસ્પૃશ્યતા અંગેના તારણો
5. ભલામણો

પ્રકરણ – 5

## નિષ્કર્ષો અને ભલામણો

અભ્યાસક્ષેત્રમાંથી મળેલ પ્રાથમિક માહિતીમાંથી કે જે ક્ષેત્રકાર્ય મદદનીશોએ નક્કી કરેલ અનુસૂચિમાં પ્રાપ્ત થયેલ છે. તે માહિતીનું વિશ્લેષણ કરીને અને તે વિશ્લેષણ કરીને અને તે વિશ્લેષણ પરથી નીકળતા નિષ્કર્ષો અને ભલામણો આપવામાં આવ્યા છે. આ માહિતીને આધારે અનુસુચિત કલ્યાણ ખાતા હેઠળ તપાસ કરવા આપેલા નટ, નટડા અને બાજીગર જ્ઞાતિઓની ક્ષેત્રકાર્ય દરમ્યાન તપાસ કરીને તેના નિષ્કર્ષો અને તેમની જીવનશૈલી અને તેમની સામાજિક અને આર્થિક સ્થિતિની બાબતો આપવામાં આવી છે.

નટ, નટડા બાજીગર જાતિઓની વસ્તીવિષયક માહિતી, આર્થિક માહિતી, સામાજિક માહિતી અને અસ્પૃશ્યતા અંગેની માહિતીના નિષ્કર્ષો અને તેમને પડતી મુશ્કેલીઓ અને આ સમાજ માટે ભલામણો કરવામાં આવી છે. જે આધારે સરકાર નીતિવિષયક પગલા લઇ શકે.

➢ <u>વસ્તીવિષયક માહિતીના તારણો</u>

→ માહિતી આપનાર ઉત્તરદાતામાં સૌથી વધુ ઉત્તરદાતા હરિજન નટ જ્ઞાતિ કુલ ઉત્તરદાતાના 211 (41.61%) જોવા મળે છે. ત્યારબાદ બીજા ક્રમ પર નટ જ્ઞાતિના કુલ ઉત્તરદાતાના 164 (32.35%) જોવા મળે છે. ત્રીજા ક્રમ પર સૌથી ઓછા કુલ ઉત્તરદાતાના 132 (26.04%) જોવા મળે છે.

→ જ્યારે નટડા એ કોઇ જ્ઞાતિ નથી પરંતુ નટ જ્ઞાતિના લોકોને ઉંચ ગણાતી જ્ઞાતિના લોકો દ્વારા તુચ્છ રીતે બોલાતો શબ્દ છે.

→ સૌથી વધુ જાતિ પ્રમાણ બાજીગર જાતિના લોકોમાં 1003 જોવા મળે છે. જ્યારે હરિજન/વણકર નટમાં જાતિપ્રમાણ 874 ઘણું નીચું જોવા મળે છે. અને નટ જાતિના લોકાં જાતિ પ્રમાણ 986 જોવા મળે છે.

→ કુલ કુટુંબનું કદ 5.17નું જોવા મળે છે.

→ સૌથી વધુ સભ્યો 15 થી 25 વર્ષના 725 (27.63%) વયજુથના છે. જ્યારે સૌથી ઓછા 51 વર્ષથી ઉપરની વયજુથના 285 (10.86% )છે. કુલ સભ્યોમાં અડધાથી વધુ (59.72%) સભ્યો 25 થી 50 વર્ષની વયના છે. જેના પરથી તારવી શકાય કે રોજગારી ક્ષેત્ર સાથે જોડાઇ શકે તેવા લોકોનું પ્રમાણ ઘણુ સારું છે. 29.42 ટકા કુટુંબના સભ્યો એવા છે કે જેમની વય 14 વર્ષથી ઓછી છે તે ઉપરાંત 10.86 ટકા લોકો એવા છે કે જેઓની ઉંમર 51 વર્ષથી વધુ છે. આમ આ બંને વયજુથના લોકોનું પ્રમાણ જોતા એવું તારવી શકાય કે કુટુંબના સભ્યોમાં ત્રીજા ભાગના સભ્યો એવા હશે કે જેઓ રોજગારી ક્ષેત્ર સાથે જોડાઇ શકે તેમ નથી.

→ શિક્ષિત લોકો સૌથી વધુ પ્રાથમિક શિક્ષણ મેળવેલ લોકોનું પ્રમાણ 1189( 45.31%) જે સૌથી વધારે છે. ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલ હોય તેવા 21(0.80%) સભ્યો છે. કુલ સભ્યોના માત્ર 2.13 ટકા લોકો એ જ ઉચ્ચ માધ્યમિક શિક્ષણ મેળવેલ છે.

→ અભ્યાસમાં કુલ સાક્ષરતા 72.38 ટકા જોવા મળી છે. સૌથી વધુ સાક્ષરતા નટ જાતિમાં 81.61 ટકા, વણકર નટમાં 72.71 ટકા અને બાજીગર નટમાં 59.07 ટકા સાક્ષરતા જોવા મળે છે. પુરુષોની સરખામણીમાં સ્ત્રીઓમાં સાક્ષરતાનું પ્રમાણ ખૂબ ઓછું છે. 11.70 ટકા એવા કુટુંબના સભ્યો છે જે 0 થી 6 વર્ષની વયના છે.

→ શિક્ષિતોમાં સ્ત્રી શિક્ષિતોનું પ્રમાણ ઘણુ જ ઓછું જોવા મળે છે. અભ્યાસ હેઠળની જ્ઞાતિમાં વણકર/હરિજન નટ જ્ઞાતિઓમાં સ્ત્રી શિક્ષણનું પ્રમાણ અન્ય જ્ઞાતિ કરતાં ઓછું છે. નિરક્ષરોમાં સ્ત્રીઓનું પ્રમાણ વધારે છે. આના પરથી તારવી શકાય કે ઉક્ત જ્ઞાતિઓમાં સ્ત્રી શિક્ષણનું પ્રમાણ ઘણું જ ઓછું છે.

→ કુલ સભ્યોમાં શહેરી વિસ્તારમાં વસતા લોકોનું પ્રમાણ વધારે છે. નટ જાતિમાં આ જ સ્થિતિ જોવા મળે છે. બાજીગર જાતિમાં ગ્રામીણ વિસ્તારમાં વસવાટ કરતું એક પણ કુટુંબ મળેલ નથી. જ્યારે વણકર નટમાં ગ્રામીણ વિસ્તારમાં વસવાટ કરતા લોકોનું પ્રમાણ વધારે છે. આના પરથી તારવી શકાય કે આ જ્ઞાતિઓ કે શહેરોની નજીક આવીને વસવાટ કરવા લાગી છે.

→ મોટાભાગના કુટુંબો પાસે આધાર કાર્ડ તો જોવા મળે છે. તે સિવાય રેશનકાર્ડ પણ 2 કુટંબોને બાદ કરતા બધા કુટુંબો પાસે છે. પુખ્તવયના લોકો પાસે ચુંટણી કાર્ડ પણ જોવા મળે છે.

→ માત્ર 74 કુટુંબો જ જમીન દસ્તાવેજ ધરાવે છે એટલે કે 433 કુટુંબો પાસે જમીન દસ્તાવેજ નથી. જો કે મકાન 504 કુટુંબો પાસે છે આની પાછળનું એક કારણ મોટાભાગના કુટુંબો સરકારી પડતર જમીનમાં આવાસ બાંધીને રહે છે.

→ આરોગ્યની સુવિધા માટે મોટાભાગના કુટુંબો પાસે મા કાર્ડ નથી. મનરેગા હેઠળ રોજગારી મેળવી શકાય તે માટેનો જોબકાર્ડ પણ નથી. આમ, જરૂરી આધાર પુરાવમાં માત્ર ઓળખ પુરાવા છે. અન્ય પુરાવા તેમની પાસે નથી.

➢ <u>આર્થિક બાબતોની માહિતીના તારણો</u>

→ કુટુંબના સભ્યોમાં 2624 સભ્યો પૈકી 900 જેટલાં સભ્યો રોજગારીક્ષેત્ર સાથે જોડાયેલ છે. જેમાં એવું પણ જોવા મળે છે કે એક વ્યક્તિ બે અલગ અલગ સમયે વર્ષમાં અલગ અલગ વ્યવસાય સાથે જોડાયેલ જોવા મળેલ છે..

→ કુલ સભ્યોમાં 15 થી 20 દિવસ રોજગારી સાથે જોડાયેલ સભ્યોનું પ્રમાણ સૌથી વધારે છે.અને વ્યવસાયની દૃષ્ટિએ મજુરી સાથે જોડાયેલ સભ્યો સૌથી વધારે 699 છે.

→ પોતાની જ્ઞાતિના પરંપરાગત વ્યવસાય અંગ કસરતના દાવમાં જોડાયેલ માત્ર 13 સભ્યો છે. જેના પરથી કહીં શકાય કે પરંપરાગત વ્યવસાયમાં બદલાવ આવ્યો હોવાનું જણાય છે.

→ આવકની દૃષ્ટિએ સૌથી વધુ 697 લોકો માસિક 2000 થી 5000 ની આવક ધરાવતા જોવા મળે છે.

→ કુટુંબોની સરેરાશ આવકની માહિતી પરથી તારવી શકાય કે સૌથી વધુ સરેરાશ આવક નટ જાતિની 7141 રૂપિયા છે. જ્યારે સૌથી ઓછી સરેરાશ આવક વણકર નટ જાતિની 5830 રૂપિયા છે.

→ નટ અને બાજીગર જાતિમાં 15 થી 20 દિવસ અને વણકર નટમાં 11 થી 15 દિવસ માસિક રોજગારી મેળવતા લોકોનું પ્રમાણ વધારે છે.

→ અભ્યાસ હેઠળના કુલ કુટુંબો પૈકી માત્ર 2 કુટુંબો પાસે જમીન હોવાનું જણાયું છે. તે કુટુંબો વણકર નટ જાતિના છે. આ બે કુટુંબો પૈકી 1 પાસે 1 વિઘો અને બીજા પાસે 17.5 વિઘા જમીન જોવા મળે છે. 17.5 વિઘા જમીનની માલિકી ધરાવતું કુટંબ રાજકોટના કોટડાસાંગાણી તાલુકાના રાજપરા ગામનું છે. તેમની પાસે જમીન તો છે પણ તેની માલિકીને લઇ વિવાદ સર્જાયેલ હોવાનું જણાય છે.

→ 507 કુટુંબો પૈકી નટમાં 8, બાજીગરમાં 1 અને વણકર નટના 2 કુટંબો એવા છે જેમની પાસે પોતાનું મકાન નથી. ઝુંપડીમાં વસવાટ કરતા હોય તેવા નટના 3, બાજીગરના 24, અને વણકર નટના 3 કુટંબો જોવા મળે છે.

→ કુલ કુટંબો પૈકી 42.80 ટકા કુટુંબો જ એવા છે જેમની પાસે પાકા મકાનો છે.

→ પાકા મકાનો પૈકી 21 ટકા મકાનો આવાસ યોજનાઓ હેઠળ બાંધવામાં આવેલ છે.

→ બોટાદ ખાતે બાજીગરો જ્યાં, ઝુપડપટ્ટીમાં વસવાટ કરેલ છે ત્યાં મુલાકાત સમયે આવાસનું બાંધકામ ચાલુ હોવાનું જણાયું હતું પણ તે આવાસ કોના નામે ફાળવાયેલ છે તે ઉત્તરદાતાઓએ જવાબ આપેલ નહતો તેમણે જણાવ્યું હતું કે અમારી વસાહત માટે 30 મકાનોનું બાંધકામ ચાલી રહ્યું છે તે પણ તે કોઇને નામ સહિત ફાળવાયેલ નથી.

→ કુલ કુટુંબો પૈકી 5 ટકા કુટુંબો પાસે સાયકલ, 27 ટકા કુટુંબો પાસે બાઇક, 2 ટકા કુટુંબો પાસે થ્રી વ્હીલર અને 1 ટકા 7 કુટુંબો પાસે કાર/જીપ કે હેવી સાધનો છે. જેના પરથી તારવી શકાય કે આ જાતિઓના મોટાભાગના કુટુંબો એવા છે કે જેમની પાસે એટલી આવક કે બચતો નથી કે વાહનવ્યવહારના સાધનો ખરીદી શકે છે.

→ સંદેશાવ્યવહારના સાધનોમાં કુટુંબો પાસે મુખ્યત્વે મોબાઇલનું પ્રમાણ સૌથી વધુ છે. નટ જાતિના એક જ કુટુંબના સભ્ય પાસે ટેબ્લેટ છે. જે કોલજના અભ્યાસ સમયે સરકારમાંથી મળેલ છે.

→ ઘરવખરીના સાધનોમાં પંખાનું પ્રમાણ 94 ટકા કુટુંબોમાં જોવા મળે છે. ટીવીનું પ્રમાણ 48 ટકા કુટુંબોમાં જોવા મળે છે. 76 ટકા કુટુંબો પાસે ખુરશીનું પ્રમાણ જોવા મળે છે. કુલ 507 કુટુંબોમાંથી માત્ર 4 કુટુંબો પાસે ફ્રિજ, 4 કુટુંબો પાસે કમ્પ્યૂટર અને 8 કુટુંબો પાસે જ ટેબલ હોવાનું જણાયેલ છે. આના પરથી તારવી શકાય કે ફ્રિજ, ટીવી અને ટેબલ જેવા ઘરવખરીના સાધનો ખૂબ જ ઓછા કુટુંબોમાં જોવા મળે છે.

→ અભ્યાસ હેઠળના 96.65 ટકા કુટુંબો એવા છે કે જેઓ બેન્ક ખાતા ધરાવે છે. બાજીગર જ્ઞાતિનું દરેક કુટુંબ બેન્ક ખાતુ ધરાવે છે. નટ જાતિમા માત્ર 1 જ કુટુંબ એવું છે કે જેની પાસે બેન્ક ખાતુ નથી જ્યારે વણકર નટ જાતિના 13 કુટુંબો બેન્ક ખાતું ધરાવતા નથી. આટલી મોટી સંખ્યામાં બેન્ક ખાતા ધરાવતા કુટુંબોનું કારણ જનધન યોજના છે.

→ નટ જાતિમાં પીવાના પાણીની અને બાજીગરમાં વીજળીની 100 ટકા સુવિધા છે.

→ 17 કુટુંબો પાસે વીજળી નથી તે પૈકીના 3 કુટુંબો પાસે મકાન જ નથી, બાકી 14 એવા છે કે જેઓ ઝુપડીમાં વસવાટ કરે છે. વણકર નટ જ્ઞાતિના કુટુંબો પાસે હાલની સ્થિતિએ પણ શૌચાલય જોવા મળતા નથી. અમુક ગામોમાં સ્વચ્છ-ભારત અભિયાન હેઠળ શૌચાલય બાંધવામાં આવેલ છે.

→ આ જાતિઓનો પંરપરાગત વ્યવસાય અંગકસરતના દાવ હતા. જેમાં દોરડા પર ચાલવું, ગુલાટી ખાવી, ઠેકરા મારવા, જાદુગરીના દાવ કરવાનો સમાવેશ થતો હતો.

→ કુટુંબોના સભ્યોમાં માત્ર 45 સભ્યો જ એવા છે કે જેમને અંગકસરતના દાવ આવડે છે. આ સભ્યોમાં પણ દોરડા પર ચાલતા આવડતું હોય તેવા અમુક જ સભ્યો છે.

→ બાજીગર જાતિમાં કોઇ સભ્ય એવો નથી કે જેમને અંગકસરતના દાવ આવડતા હોય.

→ સમાજમાં અંગકસરતના દાવની શું પરંપરા છે તે બાબતે સભ્યોને પૂછતાં જાણવા મળ્યુ છે કે ઇષ્ટદેવ હનુમાનદાદાની આરાધનામાં પોતાની પરંપરા જણાવવાના ઉદ્દેશથી તેઓ વર્ષમાં એક વાર હનુમાન જયંતિના દિવસે અંગકસરતના દાવ કરે છે. તે ઉપરાંત અમુક કુટંબો રોજગારીના સ્ત્રોત તરીકે અંગકસરતના દાવ કરતા હોવાનું જણાયું છે.

→ અંગકસરતના દાવ માટેના સાધનોમાં ચોબારીયું, દોરડું, કોશ, થાળી રીંગનો ઉપયોગ થાય છે.

→ અંગ કસરતના દાવ માટે પોશાક તરીકે લંગોટ અને ઝભ્ભો પહેરતા હોવાનું જણાવ્યું છે.

➢ <u>સામાજિક માહિતીના તારણો</u>

→ હનુમાનદાદાને મોટાભાગના કુટુંબો પોતાના ઇષ્ટદેવ તરીકે માને છે.

→ કુળદેવીમાં નટ જાતિની કુળદેવી ખોડીયારમાં, વિહતમાં અને ચામુંડામાં છે. જ્યારે બાજીગર જાતિની મેલડીમાં, શકિતમાં, મહાકાળીમાં, જોગણીમાં અને ખોડીયાર મા છે તેમજ ઇષ્ટદેવ તરીકે રામદેવપીરને પણ માને છે.

→ વણકર નટ જાતિ કુળદેવી તરીકે ચામુંડામાં, વિહતમાં, મેલડીમા, ખોડીયારમાં અને આશાપુરા માને પૂજે છે. તથા ઈષ્ટ દેવતામાં જય ગુરૂ મહારાજ, ઠાકર, વિસામા બાપા તથા પૂર્વજો પૂજતા હોવાનું ધ્યાને આવ્યું છે.

→ માહિતી અનુસાર કુટુંબો પૈકી માત્ર બોટાદના બાજીગર કુટુંબના સભ્યો એવા છે કે જેઓ એમ જણાવે છે કે માતાજી માંગે તે આપવું પડે એટલે કે તેઓ પશુબલીમાં માને છે. બાકીના કુટુંબોમાં મીઠા નિવેદ થતા હોવાનું જાણવા મળેલ છે.

→ નટ અને હરિજન નટમાં લગ્નવિધી સામાન્ય જોવા મળે છે. તેમાં ગણેશ સ્થાપના, કુળદેવીની પૂજા, પીઠી ચોળવી, ચોરી બાંધવી અને ફેરા ફરવાના હોય છે જ્યારે બાજીગરમાં ગણેશ સ્થાપના, કુળદેવીની સ્તુતિ, પીઠીનો વિશેષ મહિમા, કાચા ધાગાની અંદર ફેરા ફરવાના હોય છે.

→ લગ્ન આંતરજ્ઞાતિય એટલે કે નટજ્ઞાતિ નટ જ્ઞાતિ સાથે અને બાજીગર જ્ઞાતિ બાજીગર જ્ઞાતિ સાથે અંદર અંદર લગ્ન કરી શકે છે. બંને જ્ઞાતિઓમાં સગા સબંધીઓમાં લગ્ન થતા હોવાનું જણાતું નથી.

→ બાજીગર જ્ઞાતિમાં અંતિમ વિધી અગ્નિસંસ્કારની છે. નટમાં કે જેઓ ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓ સાથે ભળેલા છે તેઓ પણ અંતિમ વિધી તરીકે અગ્નિસંસ્કાર કરે છે. જ્યારે વણકર નટ અને એવા નટ કે જે વણકર નટ સાથે સંબંધ રાખે છે તેઓ સમાધિ આપે છે.

→ સૌથી વધુ સભ્યો ગુટખા/મસાલાનું વ્યસન કરાતા જોવા મળે છે. ત્રીજા ભાગના લોકો વ્યસન કરતા હોય તેવું ક્ષેત્રકાર્ય દરમિયાન ધ્યાને આવ્યું છે.

➢ <u>અસ્પૃશ્યતા અંગેના તારણો</u>

→ બાજીગર જ્ઞાતિના લોકોના ઘરે બ્રાહ્મણો વિધીઓ માટે આવે છે. જયારે નટ અને વણકર નટના ઘરે બ્રાહ્મણો વિવિધ વિધીઓ માટે આવતા નથી.

→ ઉચ્ચજ્ઞાતિની દુકાન કે સ્થળોએ આ જ્ઞાતિઓ પ્રત્યે અસ્પૃશ્યતા આચરણ કરવામાં આવતું જોવા મળે છે. વણકર નટ જાતિમાં ઉચ્ચ જ્ઞાતિની દુકાનો કે ખાનગી સ્થળો પર આ જ્ઞાતિ પ્રત્યે અસ્પૃશ્યતા આચરવામાં આવે છે.

→ નટ અને વણકર નટ જ્ઞાતિના કોઈ ઉત્તરદાતા એવા નથી કે જેઓ અસ્પૃશ્ય ગણાતી જ્ઞાતિઓ સાથે ભેદભાવ રાખતા હોય. પરંતુ બાજીગર જ્ઞાતિના માત્ર 6.82% ઉત્તરદાતા એવા છે કે જેઓ અસ્પૃશ્ય ગણાતી જ્ઞાતિઓ સાથે ભેદભાવ રાખે છે. આમ નટ અને નટ વણકર જ્ઞાતિના ઉત્તરદાતા પોતાને અસ્પૃશ્ય ગણાતી જ્ઞાતિઓ કરતા ઉચ્ચ માનતા નથી.

→ બાજીગર કે નટ જ્ઞાતિ સાથે અસ્પૃશ્ય ગણાતી જ્ઞાતિઓ દ્વારા આભડછેટનો કોઈ વ્યવહાર થતો નથી. વણકર નટ જ્ઞાતિના લોકો પોતોને અસ્પૃશ્ય ગણાતી જ્ઞાતિઓના માંગણ તરીકે ઓળખાવે છે.

→ અભ્યાસ હેઠળની તમામ જ્ઞાતિઓ હિન્દુ ધર્મમાં માને છે અને તેઓ મંદિરે જાય છે.

→ નટ જ્ઞાતિના 89.63% ઉત્તરદાતાના પોતાના વિસ્તારમાં મંદિર આવેલું છે. બાજીગર જ્ઞાતિના 100% ઉત્તરદાતાના અને વણકર નટ જ્ઞાતિના 94.31% ઉત્તરદાતાના પોતાના જ વિસ્તારમાં મંદિર આવેલું જોવા મળે છે. એટલે કે મોટાભાગના ઉત્તરદાતાના પોતાના જ વિસ્તારમાં મંદિર જોવા મળે છે.

- → નટ જ્ઞાતિના 47.56% ઉત્તરદાતા પોતાની અને દલિત જ્ઞાતિના લોકોને અર્પણ કરેલ પ્રસાદની વહેચણી કરે છે. જ્યારે બાજીગર જ્ઞાતિના કોઈ ઉત્તરદાતા દલિત જ્ઞાતિને અર્પણ કરેલ પ્રસાદની વહેચણી કરતા નથી. વણકર નટ જ્ઞાતિના 82.46% ઉત્તરદાતા પોતાની અને દલિત જ્ઞાતિના લોકોને અર્પણ કરેલ પ્રસાદની વહેચણી કરે છે. આમ તારવી શકાય કે વણકર જ્ઞાતિના મોટાભાગના લોકો દલિત જ્ઞાતિને અર્પણ કરેલ પ્રસાદની વહેચણી કરે છે.
- → અસ્પૃશ્ય ગણાતી જ્ઞાતિઓ નટ અને વણકર નટ જ્ઞાતિના વિસ્તારમાં મંદિર પ્રવેશ અને પ્રસાદ ગ્રહણ કરી શકે છે. જ્યારે બાજીગર જ્ઞાતિના વિસ્તારમાં બહુ ઓછા લોકો મંદિર પ્રવેશ અને પ્રસાદ ગ્રહણ કરે છે. આમ તારવી શકાય કે અસ્પૃશ્ય ગણાતી જ્ઞાતિઓ નટ અને વણકર નટ જ્ઞાતિના લોકોના વિસ્તારમાં મંદિર પ્રવેશ અને પ્રસાદ ગ્રહણ કરી શકે છે.
- → ગામના જાહેર પ્રસંગો કે મેળામાં નટ, નટ બાજીગર અને વણકર નટ જ્ઞાતિઓ સામાન્ય રીતે પ્રવેશ કરી શકે છે.
- → અત્યારની પરિસ્થિતિ મુજબ નટ, નટ બાજીગર અને વણકર નટ જ્ઞાતિઓના ઉત્તરદાતાઓને જાહેર પ્રસંગોમાં જવામાં કોઈ રૂકાવટ થતી નથી. પરંતુ વણકર નટ જ્ઞાતિના આગેવાનોએ જણાવ્યું કે અમુક વર્ષો પહેલા અમને જાહેર પ્રસંગોમાં આવવા ન મળતું.
- → નટ અને વણકર નટ જ્ઞાતિમાં બહુ ઓછા લોકો ગ્રામસભામાં જાય છે. જ્યારે બાજીગર જ્ઞાતિના લોકો શહેર અથવા શહેરની આજુબાજુ વસવાટ કરતા હોવાથી તેમને લાગુ પડતું નથી.
- → ગ્રામસભામાં જનાર તમામને રજૂઆત કરવા દેવામાં આવે છે. પરંતુ આ જ્ઞાતિઓના પૈકી કોઈ એવો સભ્ય નથી જે પ્રતિનિધિ તરીકે હોય.
- → આ જ્ઞાતિઓના તમામ લોકોને ઉચ્ચજ્ઞાતિઓના વિસ્તારોમાં આવેલ હોય તેવા સ્થળો જેમાં, શાળા, દવાખાના, બાગબગીચા, કુવા, તળાવ અને બોર, ધોબીઘાટ, ગામની ભાગોળ, પાણીની પરબ અને ખાનગી સંસ્થાઓમાં પ્રવેશ મળતો જોવા મળે છે. પરંતુ વણકર નટના આગેવાનોએ જણાવેલ કે અમુક વર્ષો પહેલા પ્રવેશ નહતો. આ સ્થળોએ આભડછેટ થતુ હોય તેવું અત્યારે ધ્યાને આવેલ નથી.
- → સસ્તા અનાજની દુકાને આવા કોઈ પણ પ્રકારનો વ્યવહાર થતુ હોવાનું ધ્યાને આવેલ નથી. પરંતુ અમુક વર્ષો પહેલા દુરથી અનાજ આપતા હતા.
- → શાળામાં પીવાના પાણી અને બેઠક વ્યવસ્થામાં આભડછેદનો વ્યવહાર થતો હોય તેવો કિસ્સો ધ્યાને આવેલ નથી.
- → નટ, નટ બાજીગર અને વણકર નટ જ્ઞાતિના 10% લોકો જ એવા છે કે જેમને ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓના ઘરોમાં આવકાર મળે છે. જ્યારે 90% ઉત્તરદાતા એવા છે કે જેમને ત્યાં ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓના ઘરોમાં આવકાર મળતો નથી. એ 10% પણ એવા ઉત્તરદાતા છે કે જેઓ શહેરમાં વસવાટ કરે છે અને ઉચ્ચ નોકરી-ધંધા સાથે સંકળાયેલા છે.

→ ઉચ્ચ ગણાતી જ્ઞાતિના લગ્ન કે જાહેર પ્રસંગોમાં નટ, નટ બાજીગર અને વણકર નટ જ્ઞાતિઓના 10% ઉત્તરદાતાઓને આવકાર મળે છે. 90% ઉત્તરદાતા એવા છે કે જેમને ત્યાં ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓના લગ્ન કે જાહેર પ્રસંગોમાં આવકાર મળતો નથી.

→ નટ અને વણકર નટ જ્ઞાતિઓના માત્ર 7% ઉત્તરદાતા એવા છે કે જેમને ત્યાં લગ્ન કે જાહેર પ્રસંગોમાં આમંત્રિત ઉચ્ચ ગણાતી જ્ઞાતિના લોકો આવે છે. 93% ઉત્તરદાતા એવા છે કે જેમને ત્યાં ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓના લોકો લગ્ન કે જાહેર પ્રસંગોમાં આવતાં નથી.

→ નટ અને નટ બાજીગર જ્ઞાતિઓના કોઈ ઉત્તરદાતા એવા નથી કે જેમને લગ્ન કે જાહેર પ્રસંગોમાં ડીજે કે વરઘોડામાં ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓ દ્વારા અટકાયત થઈ હોય. માત્ર વણકર નટમાં 3 ઉત્તરદાતા એવા હતા, જેમણે જણાવ્યું કે વર્ષો પહેલા અમને વરઘોડામાં અટકાવ્યા હતા. પરંતુ હાલમાં આમ કોઈ અટકાયત કરતું નથી.

→ ગામ કે વિસ્તારના જાહેર સંગઠન કે સમિતિઓ કે જેમાં ઉચ્ચ જ્ઞાતિ લોકો જોડાયેલ તેવા કોઈ પણ સંગઠનમાં જેવા કે યુવા સંગઠન, મહિલા સંગઠન, બચત મંડળી કે સહકારી મંડળીમાં આ જ્ઞાતિઓના લોકો જોડાયેલ નથી.

સમતા અને વિકાસ સંસ્થાન

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

વિષય : નટ, નટડા અને બાજીગર જાતિઓને અનુસૂચિત જાતિમાં સમાવવા બાબતે અભ્યાસ

મુલાકાત અનુસૂચિ

## 1. સામાન્ય માહિતી

1.1 ઉત્તરદાતાનું નામ :

1.2 જ્ઞાતિ :

1.3 પેટાજ્ઞાતિ :

1.4 સરનામું :

1.5 મોબાઈલ નંબર :

| 2. કૌટુંબિક માહિતી | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| અનુ. નં | સભ્યનું નામ | સંબંધ | જાતિ | ઊંમર | શિક્ષણ | વ્યવસાય | રોજગારીના દિવસ | આવક |
| 1. | | | | | | | | |
| 2. | | | | | | | | |
| 3. | | | | | | | | |
| 4. | | | | | | | | |
| 5. | | | | | | | | |
| 6. | | | | | | | | |
| 7. | | | | | | | | |
| 8. | | | | | | | | |
| 9. | | | | | | | | |
| 10. | | | | | | | | |

## 3. અસ્ક્યામત

| | | |
|---|---|---|
| 3.1 | જમીન : | પિયત : બિનપિયત :<br>પોતાની : ગીરવે/ભાડે/ભાગે : |
| 3.2 | મકાન(હા/ના) ............... | ટેન્ટ ............ કાચું ............ પાકુ ............. |
| 3.3 | મકાન સ્વખર્ચે બનાવ્યુ છે કે યોજના હેઠળ .................................................................... | |
| 3.4 | જો મકાન યોજના હેઠળ બનાવ્યુ હોય તો યોજનાનું નામ ...................................................... | |
| 3.5 | વાહનવ્યવહારના સાધનો | (1) સાયકલ ................. (2) બાઇક ..................<br>(3) થ્રી વ્હિકલ(છકડો/રીક્ષા) .......................<br>(4) કાર/ટેમ્પો/ભારે વાહનો ..................... |
| 3.6 | સંદેશાવ્યવહારના સાધનો | મોબાઇલ/ટેબલેટ/ટેલિફોન ......................................<br>જો ટેબલેટ હોય તો સરકાર તરફથી કોલેજમાં વિતરણ કરેલ છે કે પોતે ખરીદેલ<br>છે ? . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . |
| 3.7 | મોબાઇલનો ઉપયોગ કઇ રીતે કરો છો ? | કોલિંગ પૂરતો ................<br>કોલિંગ અને ઇન્ટરનેટનો ઉપયોગ ..................... |
| 3.8 | ઘરવખરી | ટીવી ........... ફ્રિજ ............... પંખો ..............<br>કોમ્પ્યુટર ........... ટેબલ ............ ખુરશી ............. |
| 3.9 | બેંક ખાતુ છે ? હા/ના ................. | 3.10 વીમા પોલિસી છે ? હા/ના ................. |

## 4. અન્ય સુવિધા

| | | | | | |
|---|---|---|---|---|---|
| 4.1 | પીવાના પાણીની સુવિધા છે ? | | 4.2 | વીજળી કનેક્શન છે ? | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 4.3 | પાણીના નિકાલની સુવિધા છે ? | | 4.4 | શૌચાલયની સુવિધા છે ? | |
| 4.5 | બાથરૂમની સગવડ છે ? | | | | |
| 4.6 | જરૂરી આધાર પૂરાવા છે ? હા/ના .............. (1) ચૂંટણી કાર્ડ ............ (2) રેશન કાર્ડ ............... (3) આધાર કાર્ડ ........ (4) ડ્રાઈવિંગ કાર્ડ .......... (5) જમીન દસ્તાવેજ........... (6) જોબકાર્ડ ........... (7) મા અમૃતમ કાર્ડ .......... (8) અન્ય (.....................) ........................... | | | | |
| 5. અસ્પૃશ્યતા અંગેની માહિતી | | | | | |
| 5.1 | મંદિરમાં જાઓ છો ? હા/ના ............ | | 5.2 | મંદિર તમારા વિસ્તારમાં છે ? હા/ના ........... | |
| 5.3 | મંદિરમાં પ્રસાદ ચઢાવો છો ? હા/ના ........... | | 5.4 | પ્રસાદ બધાને વહેંચો છો કે પોતાની જ્ઞાતિના લોકોને વહેચો છો ? . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . | |
| 5.5 | ક્યા ક્યા દેવી-દેવતામાં માનો છો ? . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . | | | | |
| 5.6 | પશુબલીમાં માનો છો ? હા/ના ............ | | | | |
| 5.7 | તમારા વિસ્તારમાં આવેલ મંદિરોમાં અસ્પૃશ્ય ગણાતી જ્ઞાતિઓને પ્રવેશ છે ? હા/ના .............. | | | | |
| 5.8 | જો પ્રવેશ હોય તો તેમણે અર્પણ કરેલ પ્રસાદ ખાઓ છો ? હા/ના ................ | | | | |
| 5.9 | જાહેર પ્રસંગો/મેળામાં જાઓ છો ? હા/ના ................ | | | | |
| 5.10 | જાહેર પ્રસંગો/મેળામાં ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓ તરફથી કોઈપણ પ્રકારની રૂકાવટ કરવામાં આવે છે ? હા/ના ................ | | | | |
| 5.11 | બ્રાહ્મણો વિધિ માટે આવે છે ? હા/ના ................ | | | | |
| 5.12 | તમારી સાથે કોઈ સ્થળે આભડછેડનો વ્યવહાર જોવા મળે છે ? હા/ના ................ જો હા તો નીચેના પૈકી ક્યા સ્થળે. (ટીક કરવું) | | | | |
| 1 | કરીયાણાની દુકાન .............. | | 2 | દરજીની દુકાન ..................... | |
| 3 | વાળંદની દુકાન ................. | | 4 | દુધની ડેરી .................... | |
| 5 | કારીગરો દ્વારા ................... | | 6 | જમીન માલિક દ્વારા ................... | |

| | | | |
|---|---|---|---|
| | (સુથાર/કડીયો/લુહાર વગેરે) | | |
| 7 | ખાનગી વાહનોમાં ........................ | 8 | અન્ય (..............................) ................ |

| | |
|---|---|
| 5.13 | તમારા વિસ્તારમાં અસ્પૃશ્ય ગણાતી જ્ઞાતિઓ પ્રત્યે છૂત-અછૂતનો વ્યવહાર કરવામાં આવે છે ? હા/ના........... જો હા તો 5.12 પૈકીના ક્યા ક્યા સ્થળે. (નંબર લખવો) ........................................ |
| 5.14 | અસ્પૃશ્યમાં ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓ દ્વારા તમારા પ્રત્યે છૂત-અછૂતનો વ્યવહાર કરવામાં આવે છે ? હા/ના............... જો હા તો 5.12 પૈકીના ક્યા ક્યા સ્થળે. (નંબર લખવો) .................................... |
| 5.15 | ગ્રામસભામાં જાઓ છો ? હા/ના .................... |
| 5.16 | ગ્રામસભામાં તમને રજૂઆત કરવા દેવામાં આવે છે? હા/ના .................... |
| 5.17 | તમારી જ્ઞાતિના પ્રતિનિધિ સભ્ય પંચાયતમાં કોઈ સમિતિમાં છે ? હા/ના ...........<br>જો હા તો કઇ સમિતિમાં ..................................................................................................... |
| 5.18 | ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓના વિસ્તારમાં કે ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓ દ્વારા સ્થાપિત નીચે પૈકી સ્થળોનો ઉપયોગ કરો છો ?<br>હા/ના ............................<br>જો ના<br>કેમ ? . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .<br>. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .<br>( જો હા તો ટીક કરવું) |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1 | શાળા | | 2 | બાગબગીચા | |
| 3 | દવાખાનું | | 4 | કુવા, તળાવ, બોર | |
| 5 | ધોબીઘાટ | | 6 | ગામની ભાગોળ | |
| 7 | પાણીની પરબ | | 8 | ખાનગી સંસ્થાઓ | |

| | |
|---|---|
| 5.19 | ઉપરોક્ત પૈકી ક્યા ક્યા સ્થળે આભડછેડ જોવા મળે છે ? (ઉક્ત પૈકી નંબર લખવો)<br>...................................................................................................................................... |
| 5.20 | સસ્તા અનાજની દુકાને કંઇક અલગ વર્તન કરવામાં આવે છે ? હા/ના .......................<br>જો હા તો કેવા પ્રકારનો વર્તન જોવા મળે<br>છે ? . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .<br>. . . . |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 5.21 | શાળા કે દવાખાનામાં તમારી જ્ઞાતિ માટે પીવાના પાણીની અલગ વ્યવસ્થા છે ? હા/ના ................ | | | | |
| 5.22 | શાળામાં બાળકોની બેઠક વ્યવસ્થા અન્ય કરતાં અલગ છે ? હા/ના ........... | | | | |
| 5.23 | ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓના ઘરોમાં આવકાર મળે છે ? હા/ના ........... | | | | |
| 5.24 | ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓના લગ્ન કે જાહેરપ્રસંગોમાં આવકાર મળે છે ? હા/ના ........... | | | | |
| 5.25 | તમારા લગ્ન કે જાહેરપ્રસંગોમાં આમંત્રિત ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓના લોકો આવે છે ? હા/ના ........... | | | | |
| 5.26 | લગ્નોમાં ડીજે કે વરઘોડામાં ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓ દ્વારા અટકાયત કરવામાં આવે છે ?<br>હા/ના ........... | | | | |
| 5.27 | નીચેના પૈકી ક્યા ક્યા સંગઠનો/સમિતિમાં તમારી જ્ઞાતિના લોકો જોડાયેલ છે ? | | | | |
| 1 | યુવા સંગઠન | | 2 | મહિલા સંગઠન | |
| 3 | બચત મંડળી | | 4 | સહકારી મંડળી | |
| 5 | અન્ય (.................................) | | | | |
| | 6. જ્ઞાતિના વ્યવસાયની માહિતી | | | | |
| 6.1 | અંગકસરતના દાવ જો કુટુંબનો મુખ્ય વ્યવસાય હોય તો તે કોની પાસેથી શીખ્યા ? | | | | |
| 6.2 | અંગકસરતના દાવ અંગે સમાજમાં શું પરંપરા છે ? | | | | |
| 6.3 | અંગકસરતના દાવ માટેના સાધનો ક્યા ક્યા છે ? | | | | |
| 6.4 | અંગકસરતના દાવ કરવા જતા ગામમાં ક્યા વસવાટ કરો છો ? | | | | |
| 6.5 | અંગકસરતના દાવ કઇ જ્ઞાતિ વચ્ચે કરો છો? | | | | |
| 6.6 | મુખ્યત્વે ક્યા પ્રકારનો પોશાક જોવા મળે છે? | | | | |
| | 7. અન્ય માહિતી | | | | |
| 7.1 | કુટુંબના સભ્યોમાં વ્યસનની માહિતી | | | | |

| ક્રમ | વ્યસનનું નામ | સ્ત્રી | પુરૂષ | કુલ |
|---|---|---|---|---|
| 1 | તમાકુ | | | |
| 2 | ગુટખા/મસાલા | | | |
| 3 | બીડી/સિગરેટ | | | |
| 4 | દારૂ | | | |
| 5 | અન્ય (......................) | | | |

| | | |
|---|---|---|
| 7.2 | દારૂના કારણે ગામમાં કોઇ ઝઘડો થયો છે ? હા/ના ............ | |
| 7.3 | દારૂના કારણે કુટુંબમાં કોઇ ઝઘડો થયો છે ? હા/ના ............ | |
| 7.4 | કન્યાઓના લગ્ન કઇ કઇ જ્ઞાતિઓમાં કરો છો ? | |
| 7.5 | પુત્રવધુ કઇ કઇ જ્ઞાતિઓમાંથી લાવવામાં આવે છે ? | |
| 7.6 | લગ્નમાં કરવામાં આવતી વિધીઓ જણાવો. | |

# સંદર્ભ સુચિ

1. આર.સી. એન્થોવેન (1975) "The Tribes and Caste of Bombay"

2. જોરાવરસિંહ જાદવ(1991) "મનોરંજન કરનારી લોકજાતિઓ"

3. સૌરાષ્ટ્ર પછાત વર્ગ બોર્ડ(1958) "સૌરાષ્ટ્રની પછાત કોમો ભાગ બીજો"

4. કે. એસ. સિંઘ(1999) "The Scheduled Castes Revised Edition"

5. મિત્તલ પટેલ(2006) "ગુજરાતના વિચરતા-વિમુક્ત સમુદાયો"

6. ઉર્મિલા પટેલ(1983) "ગુજરાતમાં વિકસતા સમુદાયો આઝાદી પછીના સમય દરમ્યાન અસ્પૃશ્યોની સ્થિતિમાં ફેરફાર(1950-1980)"

7. મનુભાઈ મકવાણા(2000) 'ગુજરાતમાં અનુસૂચિત જાતિઓ'

8. https://sje.gujarat.gov.in/dscw/showpage.aspx , Dt.25/7/2019 on 4.00 PM

9. district census handbook 2011

